પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 31 JANUARY, 2025 Vol. 23, No. 05 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



મહાકુંભ નાસભાગનો મામલો SCમાં પહોંચ્યો, PIL કરાઈ દાખલ

PAGE NO. 18




### સ્નાન કરી પરત ફરતાં અને સંગમ ઘાટ જઇ રહેલા લોકો સામસામે આવ્યા બાદ રસ્તો ન મળતાં ભીડ બેકાબૂ બનતા દુર્ઘટના

# મહાકુંભમાં નાસભાગ : 1 ગુજરાતી 30નાં મોત

### 60થી વધુ ઘાયલ, તપાસ માટે નિવૃત્ત ન્યાયાધીશની આગેવાનીમાં કમિશન રચાયું, મૃતકોના પરિવારને 25 લાખની સહાયની જાહેરાત



**પ્રયાગરાજ**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભમાં સંગમ સ્થળે મૌની અમાસના પવિત્ર શાહી સ્નાન માટે એક સાથે કરોડો લોકો વચ્ચે પડાપડી થઇ હતી, જેને કારણે ધક્કામુક્કી થતા એક ગુજરાતી સહિત ૩૦ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૬૦થી વધુ લોકો ઘવાયા છે. ઘાયલોમાં કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. નાસભાગને કારણે અનેક લોકો પોતાના સ્વજનોથી વિખૂટા પડી ગયા હતા. ઘટના સ્થળે ચારેય બાજુ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ધક્કામુક્કીની આ ઘટના મંગળવારનો દિવસ પૂર્ણ થયા બાદ રાત્રે એકથી બે વાગ્યાની વચ્ચે બની હતી.સ્નાન માટેના સંગમ ઘાટ પર ભીડને કાબુ કરવી મૂશ્કેલ થઇ ગઇ એટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. દરમિયાન સંગમ સ્થળે મોટી સંખ્યામા લોકો ભેગા થઈ જતા ધક્કામુક્કી થઈ ગઈ હતી જેને કારણે દુર્ઘટના સર્જાઈ હતી. ઘટના બાદ ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે જણાવ્યુ કે, આ સમગ્ર ઘટનાની ન્યાયિક તપાસ કરવામાં આવશે જે માટે ન્યાયિક કમિશનની રચના કરાઈ છે જેની આગેવાની પૂર્વ ન્યાયાધીશ હર્ષ કુમારને સોપાઇ છે, ઉત્તર પ્રદેશના મૃતકોના પરિવારને ૨૫-૨૫ લાખની મદદ કરાશે. આ ઘટના અમારા માટે બોધપાઠ છે.

## મૌની અમાસે 7.64 કરોડ ભક્તો ઉમટતા રેકોર્ડ

મૌની અમાવસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી ૭.૬૪ કરોડ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી હતી. મહાકુંભમાં મૌની અમાવસ્યાના અવસર પર રાતે ૮ વાગ્યા સુધીમાં સ્નાન કરનારાઓની કુલ સંખ્યા ૭.૬૪ કરોડ સુધી પહોંચી ગઈ હતી. જો છેલ્લા ૧૬ દિવસના ૨૦ કરોડનો આંકડો આમાં ઉમેરવામાં આવે તો આ ડેટા ૨૬ કરોડ સુધી પહોંચી ગયો છે. કુંભ મેળામાં ભાગદોડ છતાં, મૌની અમાવાસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી સાત કરોડ લોકોના સ્નાને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કુંભ મેળાના ઇતિહાસમાં કોઈ એક દિવસે સ્નાન કરનારા ભક્તોની આ સૌથી મોટી સંખ્યા છે. અગાઉ મકરસંક્રાંતિ પર ૩.૫ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું હતું.

# અમેરિકામાં મુસાફરોનું પ્લેન આર્મીના હેલિકોપ્ટર સાથે ટકરાતાં 19ના મોત

### PSA એરલાઇન્સનું પેસેન્જર વિમાન આર્મીના હેલિકોપ્ટર સાથે અથડાયું અને નદીમાં પડી ગયું, વિમાનમાં 64 મુસાફરો હતા સવાર

**વોશિંગ્ટન**

વોશિંગ્ટન ડીસી નજીક રીગન વોશિંગ્ટન નેશનલ એરપોર્ટ(DCA)નજીક એક ભયંકર વિમાન દુર્ઘટના બની છે.PSAએરલાઈન્સનું એક પેસેન્જર વિમાન હવામાં જ આર્મી હેલિકોપ્ટર સાથે અથડાયું અને નદીમાં પડી ગયું હતું. એરલાઈન્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં ૬૦ મુસાફરો સવાર હતા.

આ પ્લેન દુર્ઘટમાં ૧૯ લોકોના મોત થયા છે. પીએસએ એરલાઈન્સ અમેરિકન એરલાઈન્સની પેટાકંપની છે. જે વિમાન અકસ્માતનો ભોગ બન્યું તેમાં ૬૫ મુસાફરોની બેઠક ક્ષમતા હતી. અકસ્માત બાદ વોશિંગ્ટન ડીસી એરપોર્ટ પર તમામ ટેકઓફ અને લેન્ડિંગ બંધ કરી દેવામાં આવ્યા છે. આ જ મુદ્દા પર યુએસ સેનેટર ટેડ ક્રુઝે ટ્વિટ કર્યું કે અકસ્માતમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે. જોકે, મૃત્યુઆંકની ચોક્કસ સંખ્યા હજુ સુધી પુષ્ટી થઈ નથી.

અમેરિકન એરલાઈન્સે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, અમે આ બાબતથી વાકેફ છીએ, જેમાં માહિતી સામે આવી છે કે PSAદ્વારા સંચાલિત અમેરિકન ઈગલ ફ્લાઈટ ૫૩૪૨ ક્રેશ થઈ ગઈ છે. આ વિશે વધુ માહિતી બાદમાં આપવામાં આવશે. ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. આ સમય દરમિયાન નદીમાં પડી ગયેલા વિમાનના કાટમાળની શોધ કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. ઘટના પાછળનું મુખ્ય કારણ જાણવા માટે વિમાન અને હેલિકોપ્ટરના બ્લેક બોક્સની તપાસ કરવામાં




આવશે. આ ઉપરાંત અમેરિકન એરલાઈન્સ અને લશ્કરી અધિકારીઓની પૂછપરછ શરૂ થઈ ગઈ છે.


યુએસ પ્લેન ક્રેશ પહેલા ડિસેમ્બર મહિનામાં દક્ષિણ કોરિયામાં એક પ્લેન ક્રેશ થયું હતું. જેમાં ફ્લાઈટમાં સવાર ૧૮૧ લોકોમાંથી ૧૭૯ લોકોના મોત થયા હતા. ક્રેશ થયેલ જેજુ એર બોઈંગ ૭૩૭-૮૦૦ બેંગકોકથી દક્ષિણ કોરિયા આવી રહ્યું હતું.









# બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા જગદીશ ત્રિવેદીનો હાસ્ય કાર્યક્રમ, જરૂરીયાતમંદ ભૂદેવો માટે નવ લાખ એકત્ર

## શાસ્ત્રીજી રાજ પુરુષોત્તમ પંડયાએ શ્લોકના ગાન સાથે કાર્યક્રમનો મંગલ પ્રારંભ કર્યો, જગદીશ ત્રિવેદીએ હાસ્ય, લોકસાહિત્ય તેમજ દેશભક્તિની વાતો સાથે સૌને રસતરબોળ કર્યા

ઈટોબીકોક : કેનેડાનાં ઓન્ટેરીયોમાં ૫૪ વર્ષ જૂની બ્રાહ્મણોની સંસ્થા " બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરીયો " દ્વારા ૨૪ જાન્યુઆરીના રોજ સાંજે જરૂરિયાતમંદ બ્રાહ્મણ પરિવારોના આરોગ્ય અને શિક્ષણ માટે જાણીતા હાસ્યકલાકાર અને સમાજસેવક પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીનો હાસ્યનો કાર્યક્રમ યોજાયો હતો.

આ સંસ્થાના પ્રમુખ બિન્દુબહેન પુરોહિત કે જેઓ છેલ્લાં બે વરસથી આ સંસ્થા માટે તન, મન અને ધનથી સમર્પિત છે, આ એમના કાર્યકાળમાં થયેલો પાંચમો સવિશેષ કાર્યક્રમ હતો.

આ કાર્યક્રમમાં એમની હરીકિશન ઠાકર, પરેશ લહેરુ, ખુશ્બુ પુરોહિત, તૃપ્તિ વ્યાસ અને કમિટી મેમ્બર્સ દ્વારા ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયો હતો. કડકડતી ઠંડી હોવા છતાં, ઈટોબીકોક ખાતે શ્રૃંગેરી મંદિરના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બ્રાહ્મણ ઉપરાંત અન્ય જ્ઞાતિના આશરે અઢીસો લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગુજરાતના જરુરીયાતમંદ બ્રાહ્મણ પરિવારોને આરોગ્ય અને શિક્ષણલક્ષી સહાય કરવાનાં શુભાશયથી યોજાયેલા






### સમાજના અનેકવિધ કાર્યક્રમોમાં પ્રમુખ બિન્દુબેનનું મોટું યોગદાન

આ અગાઉ પ્રમુખ બિન્દુબહેન પુરોહિતે બે પિકનિક, હવન, નવરાત્રી મહોત્સવ અને દિવાળી ડીનર એમ સંસ્થામાં નિર્ધારિત પાંચ કાર્યક્રમો કર્યા તો જ છે, પણ બીજા પાંચ વધારાનાં કાર્યક્રમો પણ યોજીને તેઓએ અભૂતપૂર્વ સેવા કરી છે. એમણે બહેનોને ગરબા સ્પર્ધા માટે તૈયાર કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરાવ્યું હતુ. આ સાથે જ યુવાનોને સમાજસેવાનું મહત્વ સમજાવી સેવારત કર્યા છે. બ્રાહ્મણ સમાજ વેપારમાં પ્રગતિ કરે એ માટે બેઠકો યોજીને ૧૩૩ બિઝનેસને સમાજ સાથે જોડ્યો છે. આ ઉપરાંત વડીલો માટે સંગીતસંધ્યાનો સફળ કાર્યક્રમ પણ કર્યો હતો.

આ સેવાયજ્ઞમાં હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદીએ એકપણ રૂપિયો લીધા વગર પોતાની કલા રજૂ કરી અને ઉપરાંત પાંચ હજાર ડોલરનું દાન કર્યું હતું.

તેમજ કાર્તિક અઢીયા નામના રઘુવંશી બિઝનેસમેન તરફથી બે હજાર એકસો ડોલર, મિલિતભાઈ પંડયા તરફથી દોઢ હજાર ડોલર તેમજ બીજા ઘણાં લોકો તરફથી પાંચસોથી લઈને સો ડોલર સુધીના દાનની જાહેરાત થઈ હતી. આ ઉપરાંત સ્પોન્સરશીપ અને ટિકિટોના વેચાણથી આશરે ૧૮૮૮૦ ડોલર જેટલી માતબર રકમ એકત્ર થઈ હતી. જેમાં આશરે ૩૮૮૦ ડોલર જેટલો ખર્ચ બાદ કરતાં કુલ ૧૫૦૦૦ ડોલર એટલે કે, આશરે ૯,૦૦,૦૦૦ (નવ લાખ રૂપિયા) જેવી માતબર રકમ ગુજરાતના જરુરીયાતમંદ ભૂદેવો માટે એકત્ર થઈ હતી. કાર્યક્રમની શરુઆતમાં શાસ્ત્રીજી રાજ પુરુષોત્તમ પંડયાએ શ્લોકગાન સાથે કાર્યક્રમનો મંગલ પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ કેતનભાઈ પુરોહિતે કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવતા કહ્યું હતુ કે, આ કાર્યક્રમ હાસ્ય અને રમૂજની સાથે સાથે એક યજ્ઞ પણ છે, જેમાં દરેક લોકોએ રામ સેતુની જેમ પોતાનું યોગ દાન આપ્યું છે. જગદીશભાઈ ના પ્રેરણાદાયી વ્યક્તિવમાંથી શીખીને દરેક વયસ્થે સમાજાભિમુખ જીવન પ્રતિ અભિગમ અપનાવવો જોઈએ.

ત્યારબાદ જગદીશ ત્રિવેદીએ પોતાની આગવી શૈલીમાં લોકોને મોડી રાત સુધી હાસ્ય, લોકસાહિત્ય તેમજ દેશભક્તિની વાતો વડે રસતરબોળ કરવામાં આવ્યા હતા. શ્રદ્ધાબહેન વ્યાસ દ્વારા કાર્યક્રમનું સુચારું સંચાલન કરવામાં આવ્યું હતું. કિર્તિદા કિચન - ગુલ્ફના હીતેશભાઈ જગડ તરફથી સૌને ખુબજ વ્યાજબી ભાવે સ્વાદિષ્ટ ભોજન સેવાભાવથી પીરસવામાં આવ્યું હતું. સચીનભાઈ જોષીએ સાઉન્ડ સિસ્ટમની સુંદર સેવા આપી હતી. સમસ્ત બ્રહ્મ સમાજના જાગૃતિબહેન ભટ્ટ તરફથી પણ સુંદર સહયોગ મળ્યો હતો. છેલ્લે સૌ રાષ્ટ્રગીતનું ગાન અને લવ યુ કેનેડાના જયઘોષ સાથે કાર્યક્રમની મધુર યાદો લઈને છુટા પડ્યા હતા.

# ટ્રુડોની પાર્ટીએ ભારતવંશી ઉમેદવાર ચંદ્ર આર્યાને પીએમ પદની રેસમાંથી હટાવ્યાં

## લિબરલ પાર્ટીના નેતા ચંદ્ર આર્યાએ પોતે જ ચૂંટણીની નિષ્પક્ષતા સામે સવાલ ઉઠાવ્યો

**ટોરોન્ટો**

કેનેડાના કાર્યકારી વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ તાજેતરમાં વડા પ્રધાન અને લિબરલ પાર્ટીના વડા પદેથી રાજીનામું આપી દીધું હતું. જે બાદ ઘણા ભારતીયોએ ઉમેદવારી રજૂ કરી હતી. તેમાં સૌથી મોટું નામ ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યાનું હતું. જો કે, હવે ચંદ્ર આર્યાને પીએમ પદ અને પાર્ટીના નેતૃત્વની રેસમાંથી બહાર કરી દેવાની તૈયારી ચાલી રહી છે. લિબરલ પાર્ટીના જાણીતા નેતા ચંદ્ર આર્યાએ પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આજે મને કેનેડાની લિબરલ



પાર્ટી દ્વારા જાણ કરવામાં આવી હતી કે મને નેતૃત્વની રેસમાં પ્રવેશવાની મંજૂરી નહીં આપે. હું તેમના સત્તાવાર નિવેદનની રાહ જોઈ રહ્યો છું. આ નિર્ણય ચૂંટણીની કાયદેસરતા અને કેનેડાના આગામી વડા પ્રધાન અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. હું બધા કેનેડિયનો માટે સખત મહેનત કરવા માટે પ્રતિબદ્ધ છું.




• 100's of transactions and counting
• proudly serving GTA for over 17 years
• Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

• Pre- Construction
• Upgrading
• Downsizing
• First time home buyers
• Small businesses
• Investment Properties
• Leasing
• No obligation home evaluation
• Competitive listing commission

Call me for all your real estate needs





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટન દ્વારા મકર સંક્રાંતિ અને પ્રજાસત્તાક પર્વની ઉજવણી

## ગાંધી નિર્વાણ દિન નિમિત્તે મહાત્મા ગાંધીને નમસ્કાર કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી





બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટનની મીટીંગ ૨૬ જાન્યુઆરીના રોજ રોયલ્ટન પેલેસ ખાતે બપોરે રાખવામાં આવી હતી. સૌ પ્રથમ સૌને સ્વાદિષ્ટ બટાકા- પૌંઆ અને cookies વગેરે પીરસવામાં આવ્યા હતા. જે બાદ 'ઓમ તત્ શ્રી નારાયણ' પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરાયો હતો. આ સાથે મકરસંક્રાંતિ, પ્રજાસત્તાક દિન, તેમજ ગાંધી નિર્વાણ દિનની વાતો રજૂ કરાઈ હતી. દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમીટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું તથા મહેમાન કલાકાર સતીશભાઈ પટેલ, દિપકભાઈ પટેલનું હૃદયથી સ્વાગત કર્યું હતુ. ગાંધી નિર્વાણ દિન નિમિત્તે મહાત્મા ગાંધીને નમસ્કાર કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ભૂતપૂર્વ સભ્ય સ્વ. જયંતિભાઈને મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ હતી.

ત્યારબાદ આ માસની થીમ મુજબ સુશીલાબેન જોષીએ patriotic mash up songs પર સુંદર કસરત કરાવી હતી. મનુભાઈ પટેલ છેલ્લા ૨૫ વર્ષથી Vice Presidential અને કમિટી મેમ્બર તરીકે સંસ્થાની સેવા કરતા આવ્યા છે. પણ તેમની તથા સરોજબેનની નાદુરસ્ત તબિયતના કારણે વધુ સેવા આપી શકે તેમ ન હોવાથી તેમણે નિવૃતિની જાહેરાત કરી હતી. હર્ષદભાઈએ ડોનેશન અને આગામી ફેબ્રુઆરી અને માર્ચ માસની મીટીંગ રોયલ્ટનમાં જ રાખવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. શિલાબેન - અનીલભાઈ અગ્રવાલે સૌને મીની પતંગ-ફીરકી ભેટમાં આપી હતી. ત્યારબાદ આ માસમાં આવતી જે તે સભ્યોની birthday અને anniversary ઉજવવામાં આવી હતી. કાંતિભાઈ -સીતાબેનની 50મી special anniversary હોય, હારતોરા, લગ્નગીત અને ફિલ્મી ગીત સાથે ઉજવણી કરાઈ હતી. મનોરંજન કાર્યક્રમની શરૂઆત ચારુબેન એન્ડ ગ્રુપે રજૂ કરેલ 'કાયપો છે..!!!' ગીત પર સુંદર performanceથી થઈ હતી. અરુણભાઈ દવેએ તેમના સુરીલા અવાજમાં બે ગીતો રજુ કરી સૌને ખુશ કર્યા હતા. ત્યારબાદ 26 th January celebration નિમિત્તે આમંત્રિત મહેમાન તરીકે મનીન્દર સિધુ પધાર્યા હતા. દક્ષાબેને ઉપરણું ઓઢાડી તેમનું સન્માન કર્યું હતુ. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શિલાબેન નેગાંધાએ કર્યું હતું. પ્રોગ્રામના second partમાં મહેમાન ગાયક કલાકાર સતીશભાઈ પટેલ, અને દિપકભાઈ પટેલ દ્વારા પ્રસ્તુત કરેલ અવનવા ફિલ્મી ગીતોએ કાર્યક્રમને વધુ મજેદાર બનાવ્યો હતો. અન્ય ગાયક કલાકાર દિપકભાઈ સુતરિયાએ પણ તેમના અલગ અંદાજમાં સુંદર ગુજરાતી ગીતો ગાયા હતા.

# કેનેડાને માથે ટેરિફનું જોખમ હજુ યથાવત્ : વ્હાઇટ હાઉસની સ્પષ્ટતા

**ઓન્ટેરિયો**

વ્હાઈટ હાઉસે મંગળવારે જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના હજુ પણ આ સપ્તાહના અંતથી કેનેડા અને મેક્સિકોથી આવતા માલ ઉપર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની યોજના યથાવત્ છે. નવા વહીવટની પ્રથમ પ્રેસબ્રીફિંગમાં બોલતા વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, તેમણે ટ્રમ્પ સાથે આ મુદ્દા ઉપર ચર્ચા કરી છે અને માનતા નથી કે રાષ્ટ્રપતિ ૧ ફેબ્રુઆરીથી તે ટેરિફ શરૂ કરવાની તારીખથી પાછળ હટ્યા છે. જ્યાં સુધી હું હજુ પણ જોઈ રહી છું, અને રાષ્ટ્રપતિ સાથે સીધી વાત કરી હતી, ૧ ફેબ્રુઆરીથી હજુ પણ યથાવત્ છે. કેનેડિયન અધિકારીઓ ટ્રમ્પ વહીવટીતંત્ર ઉપર કોર્ટનું દબાણ વધારી રહ્યા છે, જેથી આર્થિક રીતે નુકસાનકારક ટેરિફને રોકવાનો પ્રયાસ કરી શકાય. જેમાં વેપાર અને ઊર્જા ભાગીદારી વધારવાનો સમાવેશ થાય છે, અને સંભવિત પ્રતિભાવ પણ તૈયાર કરી શકાય. કુદરતી સંસાધન મંત્રી જોનાથન વિલ્કિન્સને મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું કે, આપણે ખાતરી કરવાની જરૂર છે કે, આપણે કેનેડિયનોને પરિણામથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. વિરોધ પક્ષોએ સરકારને સંસદ બોલાવવા હાકલ કરી છે, જેથી સંભવિત ટેરિફ પર ચર્ચા થાય અને કાયદાકીય પ્રતિભાવ મંજૂર થાય. જેમાં અસરગ્રસ્ત કામદારો અને વ્યવસાયો માટે ટેકાનો સમાવેશ થાય છે.

# ટોરોન્ટોના બજેટમાં સ્કૂલ ફૂડ પ્રોગ્રામ્સના ભંડોળમાં વધારો થશે

## શાળાઓમાં વધુ બાળકોને દરરોજ સ્વસ્થ ખોરાક આપવાનું લક્ષ્યાંક

**ટોરોન્ટો**

ટોરોન્ટોના પ્રસ્તાવિત બજેટમાં સ્કૂલ ફૂડ પ્રોગ્રામ્સ માટે ભંડોળમાં લગભગ $ 6 મિલિયનનો વધારો થશે. સોમવારે ઈટોબિકોકમાં ઈસ્લિંગ્ટન જુનિયર મિડલ સ્કૂલમાં બોલતા મેયર ઓલિવિયા ચાઉએ જણાવ્યું હતું કે, ભંડોળમાં વધારો જરૂરી છે, તેને કારણે વધુ સંખ્યામાં શાળાઓમાં બાળકોને દરરોજ સ્વસ્થ ખોરાક મળશે. તેમણે કહ્યું કે, ઘણા લોકોને લંચ આપવામાં મુશ્કેલી પડી રહી છે અને શાળાના પોષણ કાર્યક્રમો વિદ્યાર્થીઓની સફળતા સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે. શહેરના જણાવ્યા અનુસાર પ્રસ્તાવિત બજેટ 2024માં $19.3 મિલિયનથી વધારીને 2025માં $25.2 મિલિયન કરશે, જે વધારાથી ફૂડ પ્રોગ્રામ્સ 48 શાળાઓમાં વધારાના 21,500 બાળકોને ખોરાક આપી શકશે. ટોરોન્ટોના લોકો સંઘર્ષ કરી રહ્યા છે, કરિયાણું વધુ મોંઘું છે, અને ઘણા લોકો માટે આ બધું પોષણક્ષમ નથી.

## આંતરિક બાબતોમાં ભારત હસ્તક્ષેપ કરતું હોવાના આક્ષેપ બાદ ભારતનો જવાબ

# કેનેડા જ ઓર્ગેનાઈઝડ ક્રિમિનલ એક્ટિવિટીને પ્રોત્સાહન આપે છે

દિલ્હી : કેનેડામાં થોડા મહિનામાં જ ચૂંટણી યોજાઈ તેવી હિલચાલ વચ્ચે કેનેડિયન ઈન્ક્વાયરી કમિશનના એક રિપોર્ટે ભારે હલચલ મચાવી દીધી છે. આ રિપોર્ટમાં કેનેડાની આંતરિક બાબતોમાં ભારત હસ્તક્ષેપ કરતું હોવાનો આરોપ લગાવ્યો છે. ભારત અને કેનેડાના સંબંધોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી ખટાશ આવી ગઈ છે, તેમાંય જસ્ટીન ટ્રુડો કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર બન્યા તે પછીથી તો ભારત અને કેનેડાના સંબંધો વધુ બગડ્યા છે. તેવામાં આ રિપોર્ટના કારણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં કડવાશ વધી ગઈ છે. ભારતે પણ આ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપવામાં જરાય મોડું કર્યું ન હતું. ભારતે કેનેડા પર ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો તેમજ ઈલીગલ માઈગ્રેશન અને ઓર્ગેનાઈઝડ ક્રિમિનલ એક્ટિવિટીઝને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં કહ્યું હતું કે, ઈલીગલ ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપનારા તંત્રને કેનેડાની સરકાર દ્વારા ભવિષ્યમાં ચલાવી લેવામાં નહીં આવે તેવી ભારત આશા રાખી રહ્યું છે.

# આલ્બર્ટા સરહદે RCMPના બ્લેક હોક હેલિકોપ્ટરને તૈનાત કરાયું

**આલ્બર્ટા**

કાર્ડસ્ટન કાઉન્ટીના પશુપાલક લેન કૂકે આ સમાચાર પર આ રીતે પ્રતિક્રિયા આપી કે RCMP પાસે હવે આલ્બર્ટા અને મોન્ટાના રાજ્ય વચ્ચે કેનેડા-યુએસ સરહદ પર પેટ્રોલિંગ કરવામાં મદદ કરવા માટે બ્લેક હોક હેલિકોપ્ટર છે. કુકનો પરિવાર 1889માં આ વિસ્તાર વસ્યો હતો. અને તેમની જમીનનો ત્રણ કિલોમીટરથી વધુ ભાગ સરહદ ઉપર આવેલો છે. અત્યાર સુધી જો કૂકને કંઈક શંકાસ્પદ દેખાય, તો નજીકની RCMP ટુકડીને જાણ કરાતી હતી કે જે કાર્ડસ્ટન શહેરમાં છે, જે લગભગ 25 કિમી ઉત્તરમાં છે. કુકે ઉમેર્યું કે, અમારી પાસે ઘણા લોકો યુ.એસ.થી સરહદ પાર કરીને કેનેડામાં આવતા હોય છે. અમે RCMP ને ફોન કર્યો છે અને મોટાભાગે, જ્યારે તેઓ અહીં આવે છે, ત્યારે તેઓ કંઈ કરી શકતા નથી. કૂક માટે સરહદ પાર કરીને ઉત્તર તરફ આવતા લોકોને જોવાનું સામાન્ય છે, પરંતુ કૂકે કેનેડાથી યુ.એસ.માં પ્રવેશવાનો પ્રયાસ કરતા લોકોને દક્ષિણ તરફ જતા જોયા છે. આ અમેરિકા જેટલું પ્રચલિત નથી, કારણ કે તેઓ જાણે છે કે યુ.એસ. બોર્ડર પેટ્રોલ ચાલુ છે. આરસીએમપીએ જણાવ્યું હતું કે યુ.એસ.-કેનેડા સરહદ પર ફ્લાઈટ્સ મંગળવારથી શરૂ થઈ ગઈ છે. મેનિટોબામાં આવી જ ફ્લાઈટ્સ શરૂ થઈ ગઈ છે. હેલિકોપ્ટર સરહદી પ્રદેશ પરની બધી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધવા અને લક્ષ્ય બનાવવા માટે પ્રેઈરી સરહદ પર પેટ્રોલિંગ કરશે. બ્લેક હોક્સની રેન્જ ઈંધણ પર આધાર રાખે છે. આ હેલિકોપ્ટરમાં પોલીસ અધિકારીઓ હશે, જે સરહદની નજીક કોઈપણ જગ્યાએ જ્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ રહી હોય ત્યાં પ્રતિક્રિયા આપી શકે છે.



તંત્રી સ્થાનેથી

# મહા કુંભમાં માતમ : તંત્રના દાવા પોકળ ભક્તોની બેકાબૂ ભીડ પણ કારણભૂત

પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભમાં સંગમ સ્થળે મૌની અમાસના પવિત્ર શાહી સ્નાન માટે એકસાથે કરોડો લોકો ભેગા થઈ ગયા બાદ ધક્કામુક્કી થતા ૩૦ શ્રદ્ધાળુના મોત નિપજતા આખા આયોજનને લૂણો લાગ્યો છે. આ ઘટનામાં અનેક લોકો પોતાના સ્વજનોથી વિખૂટા પડી ગયા છે. ધક્કામુક્કીની આ ઘટના મંગળવારનો દિવસ પૂર્ણ થયા બાદ રાત્રે એક વાગ્યા પછી બની હતી. જેને પગલે કલાકો સુધી ત્યાં માતમ છવાઈ ગયો હતો.



તંત્રી - સ્વદેશ

વાસ્તવમાં આ ઘટના માટે પ્રશાસનિક બેદરકારી ઉપરાંત શ્રદ્ધાળુઓની મોટી સંખ્યા કારણભૂત છે. અહીં તમામ પ્રકારની જડબેસલાક વ્યવસ્થા થઈ પરંતુ તેની સામે ઉમેટલી જનમેદનીને કારણે તે ટુંકી પડી છે. જે સ્થળે આ ઘટના બની તેને સંગમ નાકુ નામથી ઓળખવામાં આવે છે. આ સંગમ નાકાનું સ્નાન માટે વિશેષ મહત્વ છે. કારણ કે, અહીં યમુના અને પૌરાણિક નદી સરસ્વતી ગંગાને મળે છે. એટલે જ આ સ્થળે સાધુ સંતો સ્નાન કરે છે. ભક્તો પણ આ જ કારણે અહીં સ્નાન કરવાની ઈચ્છા ધરાવતા હોવાથી સંગમ નાકુનો વિસ્તાર પણ દર વખતે વધારાય છે. 2019ની સરખામણીમાં આ વખતે ભીડને જોતા સંગમ નાકાનો વિસ્તાર વધારવામાં આવ્યો હતો. પહેલા અહીં દર કલાકે 50 હજાર લોકો સ્નાન કરી શકે તેવી વ્યવસ્થા હતી. પરંતુ આ વખતે મહાકુંભમાં દર કલાકે 2 લાખ લોકો સ્નાન કરે તેવી તૈયારી કરવામાં આવી છે. સામાન્ય દિવસોમાં સંગમ સ્થળે પવિત્ર સ્નાન માટે લાખો લોકો આવી રહ્યા હતા, જ્યારે બુધવારે ૨૯મીએ મૌની અમાસ હોય, આ સમયે કરાયેલા સ્નાનને વધુ પવિત્ર માનવામાં આવતુ હોવાથી ભક્તોની સંખ્યા વધવાનો અંદેશો હતો. અને બે ગણાથી પણ વધુ લોકો આવી પહોંચ્યા હતા.

આખા કુંભમાં આ દિવસે આશરે ૧૦ કરોડ લોકો આ દિવસે આવશે તેવો અંદાજો માંડીને પ્રશાસને તેની તમામ વ્યવસ્થા ગોઠવ્યાનો દાવો કર્યો હતો. સ્નાનના સ્થળે પહોંચવા માટે નિયમ મુજબ ગાઈડલાઈન જાહેર કરાઈ હતી, જેનું પાલન કરવા માટે લાઉડ સ્પીકર ઉપર પ્રશાસન દ્વારા લોકોને સૂચના અપાઈ રહી હતી. પરંતુ બુધવાર એટલે કે, મૌની અમાસની શરૂઆત રાત્રે ૧૨ વાગ્યા પછી થઈ તે બાદ ભીડ એટલી વધી ગઈ હતી કે તેને કાબુ કરવી મુશ્કેલ થઈ ગયું હતું. ભીડને રોકવા સંગમ ઘાટ ઉપર બેરિકેડ્સ પણ લગાવાયા હતા. પરંતુ ભીડે એક બેરિકેડને તોડી નાંખ્યું અને મોટી સંખ્યામાં લોકો ત્રિવેણી સંગમ સ્થળે ધસી ગયા હતા. આ સમયે કેટલીક મહિલાઓ બેભાન થઈ ગઈ, જેને જોતા જ બાદમાં અફરાતફરી ફેલાઈ ગઈ અને પછી નાસભાગ થવા લાગી હતી. જો કે, કેટલાક સ્થાનિકોના મતે જે લોકોએ સ્નાન કરી લીધુ હતુ, તેમને પરત કેવી રીતે જવુ તેનો ખ્યાલ જ ના હતો. હજારો ભક્તોને સંગમ સ્થળેથી બહાર નિકળવાનો માર્ગ પણ બંધ થઈ ગયો હતો. સામે મોટી સંખ્યામાં લોકો સ્નાન માટે રાહ જોઈ રહ્યા હતા. મોટાભાગના લોકો પાસે પોતાનો સામાન પણ હતો. અચાનક કેટલાક લોકોએ કાબુ ગુમાવ્યો અને નીચે પડવા લાગ્યા, તેમનો સામાન અન્ય શ્રદ્ધાળુઓ પર પડવા લાગ્યો અને ધક્કામુક્કી શરૂ થઈ ગઈ.

અહીં 3 દિવસથી ભક્તો મોટી સંખ્યામાં આવી રહ્યા હતા. અખાડાનું અમૃત સ્નાન જોવા માટે લોકો મંગળવારે રાતે સંગમ કાંઠે બેસી રહ્યા હતા. જેને કારણે ભીડમાં વધારો થતો ગયો હતો. એટલું જ નહીં સંગમ ઘાટ પર એન્ટ્રી એક્ઝિટના અલગ અલગ રસ્તા ન હતા. અહીં માત્ર અખાડા માટે 3 માર્ગ હતા. એટલે નાસભાગ સમયે પણ લોકોને બહાર નીકળવાનો રસ્તો મળ્યો ન હતો. તંત્રએ અખાડાના અમૃત સ્નાન માટે પોન્ટુન બ્રિજ પણ બંધ કરી દીધો હતો. જેને લીધે અન્ય સ્ટેશને જવા માંગતા ભક્તો સ્નાન બાદ ત્યાંથી નીકળી શક્યા નહીં, પરિણામે આ સ્થળે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. 25મીથી જ સતત ભક્તો પહોંચી રહ્યા હતા. ઘણાં વીવીઆઈઆઈપીઓ પણ આવતા હતા. તેથી પોલીસ પર પણ દબાણ વધતુ રહ્યું હતુ. એઆઈથી સજ્જ કેમેરાથી ક્રાઉડ મેનેજમેન્ટનો દાવો થતો હતો. પરંતુ તે ભીડને જોતા કેમેરા પણ કામ લાગ્યા નહીં.

પ્રયાગરાજમાં અમાસે 7 કરોડથી પણ વધુ લોકો એક જ દિવસે ઉમટ્યા, તેનું કારણ શ્રદ્ધા પણ હતી. આ વખતનો મહાકુંભ ૧૪૪ વર્ષ પછી આવ્યો હોવાથી હિંદુ શ્રદ્ધાળુઓ આ લહાવો પાછો નહીં મળે એવું માનીને મોટી સંખ્યામાં ઉમટી રહ્યાં છે. એટલે તંત્રએ કરેલી વ્યવસ્થા પર્યાપ્ત થઈ રહી નથી. બીજી તરફ નેતાઓ અને બીજા વીઆઈપીઓ પણ ગંગામાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ પહોંચી રહ્યા હતા. જેને કારણે દરરોજ કોઈને કોઈ મોટો નેતા મહાકુંભમાં આવતા તેની સરભરા કરવા માટે સામાન્ય લોકોના રૂટ બંધ કરી દેવાતા હતા. પ્રયાગરાજમાં સ્નાન માટે ૨૦ ઘાટ બનાવાયાના દાવા કરાય છે, પણ તેમાંથી મોટાભાગના ઘાટ વીઆઈપીઓ માટે જ હતા. એટલે લોકો વીસ-વીસ કિલોમીટર પગપાળા ચાલીને આવે અને પછી કોઈ વીઆઈપી આવી જાય તો તેને કારણે ત્યાં તેઓને સ્નાન કરવા દેવાતું ન હતુ. તેથી લોકોમાં આક્રોશ હતો. વળી છેક પ્રયાગરાજ પહોંચેલા લોકો સ્નાન કર્યા વિના પાછા વળે એ શક્ય નથી, તેથી તેઓ સ્નાન કરવા માટે બનાવાયેલા બીજા ઘાટ પર પહોંચી જતા હતા. જેને કારણે વિવિધ ઘાટ પર ભીડની સમસ્યા હતી.

મહાકુંભમાં વીઆઈપી કલ્ચરને કારણે લોકોમાં વધેલા આક્રોશ અંગે આરએસએસના નેતા રતન શારદાએ એક દિવસ પહેલાં જ બળાપો ઠાલવ્યો હતો. તેમણે ટ્વિટ કરીને લખ્યું હતુ કે, મહાકુંભમાં વધારે પડતા વીવીઆઈપી આવી રહ્યા છે. દર બીજા દિવસે કોઈને કોઈ વીઆઈપી આવી જાય છે. તેમના માટેની સુરક્ષા વ્યવસ્થાને કારણે સામાન્ય યાત્રાળુઓને હાલાકી ભોગવવી પડી રહી છે. તેથી તેઓમાં ભારે અસંતોષ અને આક્રોશ છે. અઠવાડિયામાં એક જ દિવસ બધા વીઆઈપી આવીને એક સાથે એક જ ઘાટ પર ડૂબકી લગાવી જાય એવી વ્યવસ્થા કરી સામાન્ય શ્રદ્ધાળુંઓની મુશ્કેલી દૂર કરવા પણ શારદાએ માંગ કરી હતી. જો કે, સરકાર કે તેનું તંત્ર રતન શારદાની વાત પર વિચાર કરી અમલ કરે તે પહેલાં જ દુર્ઘટના થઈ ગઈ.

મહાકુંભમાં બનેલી દુર્ઘટનાથી આખા આયોજનને લૂણો લાગ્યો છે. કુંભ મેળો શરૂ થયો એ પહેલાં ઉત્તર પ્રદેશ સરકારે કુંભ મેળાના સુખરૂપ સંચાલન માટે જડબેસલાક વ્યવસ્થા હોવાના દાવા કર્યા હતા, પણ મૌની અમાસે સર્જાયેલી ઘટનાથી તે તમામ ખોખલા સાબિત થયા છે. પ્રયાગરાજમાં આ જ પ્રકારની દુર્ઘટના ૧૯૫૪ના કુંભ મેળામાં થઈ હતી. તે વખતે ૮૦૦થી વધારે લોકોનાં મોત થયા હતા અને ૨૦૦૦થી વધારે લોકોને ઈજા થઈ હતી. તે પહેલાં ૧૮૪૦, ૧૯૦૬ અને ૧૯૮૬ના કુંભ મેળામાં પણ ધક્કામુકીમાં લોકોનાં મોત થઈ ચૂક્યા છે. જ્યારે છેલ્લા ત્રણ દાયકામાં ૨૦૦૩માં ૩૯, ૨૦૧૦માં ૭ અને ૨૦૧૩માં ૩૬ લોકોએ આ કુંભમાં જીવ ગુમાવ્યા હતા.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# આણંદમાં આંકલાવડી બ્રિજ પાસે ડમ્પરની ટક્કરે બાઈક સવાર ભાઈ-બહેનના મોત

## બહેનને લઈને ભાઈ વાસદ સબંધીની ખબર કાઢવા જતા હતા : ડમ્પર ચાલક ફરાર

**આણંદ**

આણંદ જિલ્લાના વાસદ સારસા રોડ ઉપર આવેલા આંકલાવડી બ્રિજ નજીક ગઈકાલ સાંજે પુરપાટ ઝડપે જઈ રહેલા ડમ્પરે મોટરસાયકલને ટક્કર મારતા મોટરસાયકલ પર સવાર ભાઈ અને બહેનને ગંભીર ઈજાઓ થવાના કારણે બંનેના કરુણ મોત નીપજ્યા હતા. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના સૂઈ ગામે ડાહ્યાભાઈ ધનાભાઈ રોહિત પરિવાર સાથે રહે છે. બે દિવસ પૂર્વે બહેન ગંગાબેન ઘરે રોકાવા માટે આવ્યા હતા. ગતરોજ ડાહ્યાભાઈ રોહિત બહેન ગંગાબેનને મોટરસાયકલ ઉપર બેસાડી વાસદ ખાતે પરિવારના એક સભ્યની ખબર કાઢવા માટે જવા નીકળ્યા હતા. સમી સાંજના સુમારે તેઓની મોટરસાયકલ વાસદ- સારસા રોડ ઉપર આવેલા આંકલાવડી ગામ નજીકના બ્રિજ પાસેથી પસાર થઈ રહ્યું હતું. ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે ડમ્પરના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. ડમ્પરની ટક્કર વાગતા મોટરસાયકલ ઉપર સવાર ભાઈ અને બહેન ફંગોળાઈને રોડ પર પટકાયા હતા અને તેઓને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા બંનેનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ અજાણ્યો ડમ્પરચાલક ડમ્પરને ઘટના સ્થળે બિનવારસી હાલતમાં મૂકી ફરાર થઈ ગયો હતો.

# MS યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી બાંગ્લાદેશી યુવતી દ્વારા આપઘાત

**વડોદરા**

દેશ-વિદેશથી અભ્યાસ અર્થે અનેક વિદ્યાર્થીઓ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં એડમિશન મેળવતા હોય છે, ત્યારે વડોદરાની MS યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી બાંગ્લાદેશી યુવતીએ પરીક્ષાના દિવસે જ આપઘાત કર્યો. યુવતીએ આપઘાત પહેલા સુસાઈટ નોટ પણ લખી હતી.

MS યુનિવર્સિટીમાં ફાર્મસી વિભાગના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી 20 વર્ષીય મોહના મંડલ નામની બાંગ્લાદેશી યુવતીએ પરીક્ષાના દિવસ જ આત્મહત્યા કરી લીધી. મળતી માહિતી મુજબ, શહેરના સુરસાગર પાસેના નર્મદા એપાર્ટમેન્ટમાં મોહના રહેતી હતી. જો કે, પરીક્ષા શરૂ થઈ છતાં તે ન આવતા તેની મિત્રએ મોહનાના ઘરે જઈને તપાસ કરી હતી. જેમાં અન્ય મહિલા મિત્રએ મોહનાના ઘરનો દરવાજો ખખડાવ્યો છતાં ન ખોલતા, ભારે જહેમતે દરવાજો તોડીને અંદર જોતાં મોહનાએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે, 'યુવતીએ સુસાઈડ નોટ લખી હતી. જેમાં તેણે જણાવ્યુ હતું કે, હું આ પગલુ મારી જાતે લઉં, મને કોઈએ ફોર્સ કરી ન હતી.' બનાવ મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પોલીસે ડ્રોનની મદદથી પકડ્યો ચોર, મંદિરમાં ચોરી કરવા જતાં ભેરવાયો

## રૂપિયા 60 હજારથી વધુનો મુદ્દામાલ ચોરી કર્યો હતો

**દાહોદ**

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ ગામે આવેલા મંદિરમાં થયેલી ચોરીના કેસમાં પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચોરને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

વરોડ ગામે મહાદેવ મંદિરમાંથી તસ્કરોએ દાગીનાઓની ચોરી કરી હતી. તસ્કરોએ મંદિરના દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને દાનપેટીમાંથી રોકડ રકમ ઉપરાંત શિવલિંગ પરનું ચાંદીનું કોટિંગ અને ભગવાનના આભૂષણો મળી કુલ 61,500 રૂપિયાનો મુદ્દામાલ ચોરી કર્યો હતો. વહેલી સવારે મંદિરના દરવાજાની તૂટેલી હાલત જોઈને સ્થાનિક લોકોએ લીમડી પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધી હતી. એલસીબી પોલીસે ડ્રોન કેમેરાની મદદથી વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં તસ્કરોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

# ઓડ પાલિકામાં કોંગ્રેસના બળવાખોરોએ ભાજપની ટિકિટ માંગી, પક્ષના અનેક કાર્યકરોની પણ દાવેદારી

## ભાજપ માટે ઓડ પાલિકાની 24 બેઠકોના ઉમેદવારો જાહેર કરવામાં અસમંજસ

**આણંદ**

ભાજપ શાસિત ઓડ નગરપાલિકાની ટર્મ પૂરી થતાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સામાન્ય ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ગત ટર્મમાં કોંગ્રેસના ૧૪ બળવાખોરોએ ભાજપનો ખેસ ધારણ કરતા કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો.કોંગ્રેસના બળવાખોરોના સહારે પાલિકાની સત્તા મેળવનારા ભાજપ માટે ચાલુ વર્ષે કપરાં ચઢાણ ચડવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. કોંગ્રેસના બળવાખોરો દ્વારા ભાજપની ટિકિટ માટે દાવેદારી કરી રહ્યા છે. સામે પક્ષે ભાજપના જૂના કાર્યકરો પણ દાવેદારી નોંધાવી રહ્યા છે. ત્યારે ઓડ પાલિકાના છ વોર્ડની ૨૪ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં ભાજપ અસમંજસની સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું છે.

આણંદ જિલ્લામાં બોરિયાવી અને આંકલાવ સાથે ઓડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. ૨૪ સભ્યોનું સંખ્યાબળ ધરાવતી ઓડ પાલિકામાં વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના ૧૬ સભ્યો અને ભાજપના ૮ સભ્યો જીત્યા હતા.પરિણામે કોંગ્રેસના પ્રશાંત પટેલે પ્રમુખ પદ મેળવ્યું હતું.

જોકે, ચૂંટણીના ૧૫ મહિના બાદ અચાનક રાજકીય ઉથલપાથલ મચી હતી. ઓડ પાલિકાના કોંગ્રેસના પાંચ સભ્યો બળવો કરીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

# ખ્યાતિ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલે કોર્ટમાં કહ્યું, જિંદગીની મોટી ભૂલ થઈ ગઈ

**અમદાવાદ**

મહેસાણા કેસના મુખ્ય આરોપી કાર્તિક પટેલના રિમાન્ડ પૂર્ણ થતાં આજે તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે મગરનાં આસું પાડ્યા હતા અને મારી જિંદગીની મોટી ભૂલ થઈ ગઈ તેમ કહ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણેય આરોપીઓનું અલગ અલગ ઈન્ટ્રોગેશન કર્યુ ત્યારે કાર્તિકે રાહુલ અને ચિરાગે આપેલા તમામ નિવેદન નકારી કાઢ્યા હતા. જે બાદ ત્રણેય આરોપીઓને સાથે બેસાડીને પૂછપરછ કરતાં કાર્તિકની પોલ ખૂલી પડતાં તેણે તમામ વાતો સ્વીકારી હતી.

રિમાન્ડ દરમિયાન કાર્તિકની પૂછપરછમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. કાર્તિક પટેલે 2024માં હૉસ્પિટલના નામે લૉન લઈ બીજે વાપરી હતી. તેમજ બોગસ દર્દી ઊભાં કરી ખોટા બિલ બનાવ્યા હતા. કાર્તિક પટેલની થોડા દિવસ પહેલા ધરપકડ બાદ હાલ તપાસમાં વેગ આવ્યો છે. કાર્તિક પટેલને સાથે રાખીને ક્રાઈમ બ્રાન્ચે બોપલ-આંબલી રોડ પરથી ઑફિસમાં તપાસ કરીને 7 ફાઈલ, ચેક તેમજ પાસબુક કબજે કરી હતી. આ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે બેંક એન્ટ્રીઓ, નાણાકીય વ્યવહારની તપાસ કરાવી હતી. જેમાં આરોપી કાર્તિક પટેલ અને ચિરાગ રાજપૂતે 30 લાખના ખોટા બિલ બનાવ્યાનું સામે આવ્યું હતું.

આ બંનેએ સાથે મળીને ખોટા દર્દીઓ ઉભા કર્યા હતા. તેમજ દવાના ખોટા બિલો બનાવી સરકારમાં રજૂ કર્યા હતા અને રૂપિયા પડાવ્યા હતા. કાર્તિક પટેલે 2023માં હૉસ્પિટલના નામે રૂ. 22 કરોડની લૉન લીધી હતી. રૂપિયા તેણે અન્ય જગ્યાએ વાપર્યા હતા. કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત અને રાહુલ જૈન પીએમજેએવાયમાંથી રૂપિયા કમાવવા સુઆયોજીત કાવતરું ઘડતા હતા.

# સાવલી ગામે સગીરા સાથે દુષ્કર્મ આચરનાર શખ્સને આજીવન કેદ

## આરોપીને રૂપિયા એક લાખનો દંડ ભરવા હુકમ કરાયો

**સાવલી**

સાવલીની પોકસો કોર્ટ દ્વારા સગીરા સાથે દુષ્કર્મના આરોપી અને માતાજીના ભુવા તરીકે ઓળખ આપનાર આરોપીને કસુરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો છે. જયંતી ઉર્ફે ગુગો પોતે માતાજીના ભુવા તરીકે ઓળખ આપીને એક ગામમાં લોકોનો પરિચય કેળવ્યો હતો.ગામ લોકોની ધામક લાગણીઓનો દુરુપયોગ કરી ભોગ બનનાર સગીરાના સાથે પરિચય કેળવ્યો હતો અને સગીરાના ઘરે આવતો જતો અને રાત્રી રોકાણ કરતો હતો તેમજ પીડીતાના પરિવારને ધામક અંધશ્રદ્ધામાં ભોળવીને ભોગ બનનારને ખોટા સોગંદ આપી તેની સાથે પ્રેમ સંબંધ નહીં રાખે તો નદીમાં ડૂબી જઈને આત્મહત્યા કરવાની ધમકી અને ખોટા સોગંદ આપ્યા હતા.

સગીરાને યુક્તિપૂર્વક સીવણ ક્લાસમાં જવા ઘરેથી બોલાવી રિક્ષામાં બેસાડીને જુદા જુદા સ્થળોએ લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જેની સાવલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# મહેમદાવાદમાં બેંકના પૂર્વ મેનેજર સામે રૂ. 21.24 લાખની ઉચાપતની ફરિયાદ

## 9 ખાતેદારોના ખાતામાંથી રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા

**નડિયાદ**

મોદજમાં રહેતા હરેશકુમાર મફતભાઈ ચૌહાણ ઈન્ડસઈન્ડ બેંક, કાચ્છઈ શાખામાં તા.૦૧/૧૧/૨૦૨૪થી બેંક મેનેજર તરીકે નોકરી કરે છે. તેમના પહેલાં કાચ્છઈ ગામમાં ઈન્ડસઈન્ડ બેંકની શાખામાં બેંક મેનેજર તરીકે ધુરવ હરેકૃષ્ણ દરજી (રહે નડિયાદ) તા. ૧૭/૦૪/૨૦૨૩થી તા.૧૬/૧૨/૨૦૨૪ સુધી ફરજ બજાવતા હતા. તેમણે પોતાની નોકરી દરમિયાન ચંદુભાઈ શનાભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૬,૦૫,૦૦૦, ગોવિંદભાઈ મંગળભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૨,૭૦,૦૦૦, જગદિશભાઈ રતીલાલ ડાભીના ખાતામાંથી રૂ.૪,૫૦,૦૦૦, છત્રસિંહ રામસિંહ પરમારના ખાતામાંથી રૂ.૧,૨૦,૦૦૦, વજેસિંહ પ્રભાતસિંહ ચૌહાણના ૨,૫૦,૦૦૦ સહિત નવ ખાતેદારોના બેન્ક ખાતામાંથી કુલ રૂ.૨૧,૨૪,૦૦૦ જેટલી રકમ ચેક મારફતે તેમજ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હોવાનું બેંક તથા ખાતેદારોના ધ્યાન ઉપર આવ્યું હતું. જેથી ધુરવ હરેકૃષ્ણ દરજીને ઉચાપત બાબતે પૂછપરછ કરતા નોકરી ઉપર આવવાનુ બંધ કરી દીધું હતું. બાદમાં રૂપિયા જમા કરાવવા બેંક તરફથી અવાર નવાર જાણ કરવા છતાં હજૂ જમા કરાવ્યા નથી.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# અહો આશ્ચર્યમ્ : નલિયામાં સેક્સકાંડ થયો જ નહોતો : તમામ 8 આરોપીઓ નિર્દોષ જાહેર

**નલિયા**

ગુજરાતના રાજકારણમાં એક સમયે ખળભળાટ મચાવી દેનારા કચ્છના નલિયા સેક્સ સ્કેન્ડલનો કેસમાં કોર્ટે તમામ 8 આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. નલિયા કેસનો ચુકાદો એન્ટિ-ક્લાઈમેક્સ જેવો છે. આ ચુકાદાનો અર્થ એ થાય કે, આખા ગુજરાતને ખળભળાવી દેનારો નલિયા સેક્સકાંડ બન્યો જ નહોતો! આ આરોપીઓ સામે અબડાસા-નલિયામાં કામ કરતી અને મૂળ મુંબઈની યુવતીએ 2017ના જાન્યુઆરીમાં નલિયા પોલીસ મથકે ગેંગ રેપની ફરિયાદ નોંધાવી હતી. યુવતીએ જેમનાં નામ ફરિયાદમાં આપ્યાં તેમાં ભાજપના કેટલાક નેતા પણ હતા. યુવતીએ પોતાની ઉપર ઓગસ્ટ-2015થી નવેમ્બર-2016 દરમિયાન 65 લોકો દ્વારા સામૂહિક બળાત્કાર ગુજારાયો હોવાનો આક્ષેપ કર્યો હતો.ભાજપના નેતાઓ સહિત 10 લોકોએ પોતાને હવસનો શિકાર બનાવી હોવાની ફરિયાદ યુવતીએ નોંધાવતા ગુજરાતમાં ચકચાર મચી ગઈ હતી. પ્રથમ પોલીસ ફરિયાદ દાખલ થયા બાદ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ રચાઈ હતી. આ ટીમે ૯ આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા હતા અને તમામ સામે ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલની પણ નિમણૂક કરી હતી પણ કોર્ટમાં યુવતી જ ફરી જતાં ભુજની સેશન્સ કોર્ટે તમામ આરોપીને છોડી મૂક્યા છે.

અદાલત પુરાવાના આધારે ચુકાદા આપતી હોય છે ને આ કેસમાં તો ફરિયાદ કરનારી યુવતી જ પાણીમાં બેસી ગઈ તેથી કોર્ટના ચુકાદા વિશે કોઈ ટિપ્પણી કરવાનો મતલબ નથી પણ આ કેસે ભારતમાં સમરથ કો નહીં દોષ ગુંસાઈ એ નિયમ ચાલે છે એ ફરી સાબિત કર્યું છે.

# પોરબંદરમાં તરુણી સાથે દુષ્કર્મ કરનાર શિક્ષક સામે ગુનો દાખલ

**પોરબંદર**

પોરબંદરના મંડેર ગામે સરકારી શાળાના શિક્ષકે વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચર્યું હતું. જે મામલે માધવપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. દુષ્કર્મ બાદ વિદ્યાર્થીનીએ પરિવારને જાણ કરતાં મામલો સામે આવ્યો છે. માહિતી પ્રમાણે ગોહેલ વિપુલ નામના શિક્ષકે માસુમ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. શિક્ષણ જગતને શરમજનક ઘટના બનતા ચારેયકોર ચકચાર મચી ગઈ છે.

પોરબંદરના મંડેર ગામે સરકારી શાળામાં ફરજ બજાવતાં વિપુલ ગોહેલ નામના શિક્ષકે વિદ્યાર્થીનીને અડપલા કર્યા હોવાની જાણ પરિવારને કરતાં સમગ્ર મામલો માધવપુર પોલીસ મથકે પહોંચ્યો હતો. જે બાદ શિક્ષકને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યો હતો. જ્યાં માધવપુર પોલીસે આ મામલે વધુ તપાસ શરુ કરી છે.

શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થીની પર દુષ્કર્મ બનાવને લઈને શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી છે. આ પોલીસનું કહેવું છે કે, ફરિયાદ બાદ વધુ માહિતી બહાર આવશે તેવી ભીતિ વર્તાઈ રહી છે. મંડેર ગામની શાળામાં વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલા કર્યાની વાત બહાર આવતા ગુનો નોંધાયો છે.

# થાનમાં ટિકિટ નહીં મળતા વર્ષા નારણીયાનું ભાજપમાંથી રાજીનામું

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયામાં ભાજપમાં જૂથવાદ સપાટી પર આવ્યો છે. થાન પાલિકાના પૂર્વ મહિલા કારોબારી ચેરમેન વર્ષાબહેને સુરેશભાઈ નારણીયાને ટિકિટ નહીં મળતા ભાજપ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે.ટિકિટને લઈ આગામી દિવસોમાં ભાજપમાં ભડકો થવાની સંભાવના છે.

થાન નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન તેમજ વર્ષોથી ભાજપ પક્ષ સાથે જોડાયેલા વર્ષાબેન સુરેશભાઈ નારણીયાએ ભાજપ પક્ષમાંથી રાજીનામું ધરી દેતા રાજકારણ ગરમાયું છે. રાજીનામું આપનાર મહિલા હોદેદારના લેખિત રાજીનામામાં જણાવ્યા મુજબ તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ભાજપ સાથે જોડાયેલા છે. ત્યારે પક્ષ દ્વારા ફરી વખત પાલિકાની ટિકિટ આપવા માટે ના પાડવામાં આવે છે. અમુક હોદેદારોને લાગવગથી ત્રણ વખત રીપીટ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમજ અગાઉથી જ ટિકિટનું નક્કી થયેલું હોય છે તો ફોર્મ શા માટે ભરાવવામાં આવે છે તેવો આક્ષેપ કરાયો છે. જ્યારે થાન નગરપાલિકાની ચૂંટણી પહેલા જ ભાજપના પૂર્વ નગરપાલિકાના ચેરમેને પક્ષમાંથી રાજીનામું આપતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે.

# રાજુલામાં સિંહો પાછળ બસ દોડાવી પજવણી કરનાર 2 શખ્સને 3 વર્ષની કેદની સજા કરાઈ

## 5 વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું, ત્યારે પજવણી કરી વીડિયો વાયરલ કર્યો હતો

**રાજુલા**

વર્ષ ૨૦૧૯માં રાજુલાના પીપાવા પોર્ટમાં રિલાયન્સ ગેટ પાસે જેટી રોડ ઉપરથી પાંચ સિંહનું ગુરૂપ વિહરતું હતું. આ સમયે બસ નં.જીજે.૦૪.એડબ્લ્યુ.૨૦૦૪ના ડ્રાઈવર સુલેમાન બાબુભાઈ કલાણિયાએ જાણી જોઈને સિંહોનું મૃત્યુ થાય તે રીતે પુરપાટ ઝપડે બસ દોડાવી સિંહોને હેરાન-પરેશાન કરી તેમની કુદરતી અવસ્થામાં ખલેલ પહોંચાડી હતી. આ સમયે બાજુમાં બેઠેલો ભાર્ગવ દિનેશભાઈ પરમાર નામના શખ્સે મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારી વોટ્સએપના માધ્યમથી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. જે બનાવ અંગે રાજુલા રેન્જના ફોરેસ્ટ ઓફિસર રાજલબેન ડી.પાઠકે બન્ને શખ્સ સામે ફરિયાદ દાખલ કરાવતા જેના આધારે સુલેમાન કલાણિયા અને ભાર્ગવ પરમારની ધરપકડ કરી રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આરોપી સુલેમાન કલાણિયાએ સિંહની પાછળ બસ દોડાવી, આરોપી ભાર્ગવ પરમારે તેને અટકાવવાના બદલે વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ સંજોગોમાં મુંગા પ્રાણીઓ કે વન્ય પ્રાણીઓ સાથે આવા કોઈ અપકૃત્યો ન થાય તે માટે બન્ને આરોપી સુલેમાન બાબુભાઈ કલાણિયા, ભાર્ગવ દિનેશભાઈ પરમારને ત્રણ વર્ષની સજા અને રૂા.૨૫,૦૦૦નો દંડ ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે. કોર્ટના આકરા વલણ અને દાખલારૂપ સજાના હુકમથી વન્ય પ્રાણીઓની પજવણી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# કોડીનાર હાઈવે પર કાર-ટ્રક વચ્ચે અકસ્માત ત્રણના મોત, એક યુવકનો ચમત્કારિક બચાવ

## અકસ્માતમા કારનો કચ્ચરઘાણ, પતરા કાપીને યુવકોને બહાર કાઢવામાં આવ્યા

**સોમનાથ**

ગીર સોમનાથના ઉના-કોડીનાર પણ એકવાર રક્તરંજિત બન્યો છે. જેમાં ગત મોડી રાત્રે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા 3 યુવકોના મોત નીપજ્યા હતા, જ્યારે 1 યુવકનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માતના પગલે ભારે ટ્રાફીકજામ સર્જાયો હતો. જોકે અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઈજાગ્રસ્તો હોસ્પિટલ ખસેડવામાં



આવ્યા હતા, જ્યારે મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉના-કોડીયાર હાઈવે પર ડોસાળા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઉના તરફથી કાર લઈને આવી રહેલા ચાર યુવાનોની કારની ટક્કર ટ્રક સાથે થતાં 3 યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક યુવકનો ચમત્કારિક બચાવ થયો હતો. યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અને કારના પતરા ચીરીને યુવકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

# મુન્દ્રામાં ગેસ લીકેજથી બ્લાસ્ટ થતાં પિતા - પુત્રી બાદ માતાનું પણ મોત

**કચ્છ**

મંગળવારે વહેલી સવારે મુન્દ્રામાં આવેલા સૂર્યનગરમાં એક મકાનમાં એલ.પી.જી. ગેસ લીકેજ થવાના કારણે ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો. જેના લીધે ઘરની અંદર વિકરાળ આગ લાગી હતી. એલ.પી.જી. ગેસ લીકેજના કારણે બ્લાસ્ટ થયો ત્યારે પરિવારના ત્રણ સભ્યો ઘરમાં હતા. આ બ્લાસ્ટના લીધે ભભૂકી આગમાં ત્રણેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાં રવિ કુમાર રામેશ્વર રાય (ઉ.વ. 41) અને જાનવી (ઉ.વ. 2)નું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે પત્ની કવિતાબેન ગંભીર રીતે દાઝ્યા હોવાથી તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ત્યારે ટૂંકી સારવાર બાદ આજે અક્વિતા રાવનું આદિપુરની ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

રવિ કુમાર રાયના મોટાભાઈના પરિવાજનોએ પોલીસ પૂછપરછમાં જણાવ્યું હતું કે મંગળવારે સવારે કવિતા રાય દૂધ ગરમ કરવા માટે ગેસ ચાલુ કરવા ગયા ત્યારે ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો અને દુર્ઘટના સર્જાઈ હતી. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે બંધ મકાનનો દરવાજો તૂટીને સામેના મકાનની છત પર પડ્યો હતો.

# અમરેલી લેટરકાંડમાં રિપોર્ટનું તારણ ખાખી વર્દીની ભૂમિકા જ શંકાસ્પદ

## ધારાસભ્યને રાજી કરવાની લાયમાં પોલીસ ફસાઈ, ટૂંક સમયમાં રિપોર્ટ સોંપાશે

**અમરેલી**

અમરેલીના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા પોલીસ પાસેથી લાખો રૂપિયા હપ્તા લે છે તે સહિત અન્ય આક્ષેપ સાથે એક પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ પ્રકરણમાં પોલીસે પાટીદાર દીકરી પાયલ ગોટીનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. સરકારે સમગ્ર પ્રકરણની તપાસ નિર્લિપ્ત રાયને સોંપી હતી. એવું જાણવા મળ્યું છે કે, તપાસ પાસાઓની તપાસના અંતે નિર્લિપ્ત રાય હવે ટૂંક જ સમયમાં ડીજી વિકાસ સહાયને આખોય રિપોર્ટ સુપરત કરશે.

આ રિપોર્ટનું તારણ એવું છે કે, ઉચ્ચ અધિકારીની સૂચના વિના મહિલાનું જાહેરમાં સરઘસ કાઢી શકાય નહીં. હવે કયા પોલીસ અધિકારીએ સૂચના આપી, કોના ઈશારે પાયલની અડધી રાતે ધરપકડ કરવામાં આવી, તે મુદ્દે રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે તે જોતાં આગામી દિવસોમાં અમરેલી પોલીસ બેડામાં ગૃહ વિભાગની ત્રાડ ગરજી શકે છે. ત્રણ પોલીસ કર્મચારીઓને તો સસ્પેન્ડ કરાયા છે. હવે પોલીસ અધિકારીઓ સામે પણ કાર્યવાહી થઈ શકે છે. ધારાસભ્યને રાજી કરવામાં હવે ખાખી વર્દી જ ભરાઈ પડી છે.

# મૌની અમાસે સાળંગપુર મંદિરમાં દાદાને મહાકુંભનો શણગાર, હજારો ભક્તો ઉમટ્યા



**સાળંગપુર :** સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અમાસ નિમિતે 29 જાન્યુઆરી 2025ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી દાદાના સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. શણગાર-આરતી-દર્શનનો અમૂલ્ય લ્હાવો હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લીધો હતો.

# જેતપુરમાં હત્યા તેમજ દૂષ્કર્મના 2 કેસમાં બે આરોપીને આજીવન કેદ

## એકે સગીરા સાથે દૂષ્કર્મ કર્યું, બીજો હત્યાનો આરોપી હતો

**જેતપુર**

જેતપુર સેશન્સ કોર્ટે આરોપી કલ્પેશ ઉર્ફે જીગુ અરવિંદ રાઠોડ, રહે. ખીરસરા, તા. જેતપુર)ને સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં અને જુગલકિશોર ઉર્ફે જગો લક્ષ્મીપ્રસાદ વર્મા (રહે. ઉત્તરપ્રદેશ)ને હત્યા કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે.

ગઈ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ સગીરાનું આરોપી કલ્પેશ ઉર્ફે જીગુ અપહરણ કરી ગયો હતો. જે બાદ પીઆઇ પી.ડી.દરજીની તપાસમાં આરોપી અને ભોગબનનાર મળી આવતા સગીરા સાથે આરોપીએ શરીરે સબંધ બાંધી દુષ્કર્મ કર્યું હોવાનું ખુલતા આઇ.પી.સી. કલમ ૩૭૬(એન) તથા પોકસોની કલમો ઉમેરાઈ હતી.

કોર્ટમાં સરકારી વકીલ કેતન પંડયાની દલીલો આધારે આરોપીને આજીવન કારાવાસ તથા રૂ.૧૦,૦૦૦ ના દંડની કરવામાં આવેલ છે. બીજા કેસમાં તા.૨૦/૧૦/૨૦૨૨ના રોજ ફરીયાદી રાજનભાઈ ઉર્ફે રાજુભાઇ ગીરઘરલાલ પડીયા (રહે.જેતપુર, ગૌવર્ધન નગર-૨, જુનો પાંચપીપળા રોડ, તા.જેતપુર)ના કારખાનામાં મજુરી કામ કરતા જયશંકર ઉર્ફે સુનીલકુમાર ઉર્ફે ગડુ ગોરખનાથ વર્મા (રહે.રેવતીપુર, તા.જમાનીધા, જી.ગાજીપુર ઉતર પ્રદેશ) સાથે આરોપી જુગલકિશોર ઉર્ફે જગો લક્ષ્મીપ્રસાદ વર્મા (રહે. મુળ - મકરી છીબાવ તા. અભરા જી.બાંદારા રાજ્ય ઉત્તરપ્રદેશ)એ સામાન્ય બાબતે ઝગડો કરી લાકડાના ધોકાથી માર મારી મોત નિપજાવી નાસી ગયેલ હતો. જેતપુર સિટી પોલીસે ગુનો દાખલ કરી આઈ.પી.સી. કલમ ૩૦૨ તથા જી.પી. એકટ કલમ - ૧૩૫ મુજબનો ગુન્હો નોંદયો હતો. પીઆઈ એ.એમ.હેરમાએ તપાસ સંભાળીને આરોપીને તાત્કાલીક ઝડપી લીધો હતો. ટુંકા ગાળામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. કોર્ટે સરકારી વકીલ કેતન પંડયાની દલીલો આધારે આરોપી જુગલકિશોર ઉર્ફે જગાને તકસીરવાન ઠેરવી આજીવન કારાવાસ તથા રૂ.૫,૦૦૦ના દંડની સજા ફરમાવી હતી.

# મંડેરની શાળામાં વિદ્યાર્થિની પર રેપ કરનાર શિક્ષક પકડાયો

**પોરબંદર**

જૂનાગઢના કેશોદના વતની વિપુલકુમાર ગોહેલ નામના આ શિક્ષકે તા. ૧૯-૧૨- ૨૦૨૪થી એટલે કે સવા મહિના પહેલા જ આ શાળામાં ચાર્જ સંભાળ્યો હતો અને એમ.એ. એમ.એડ., પી.જી.ડી.સી.એ. જેવી ઉચ્ચ ડિગ્રીઓ ધરાવતો આ શિક્ષક સુત્રાપાડા ખાતે પણ પ્રોફેસર તરીકે ફરજ બજાવતો હતો.

શિક્ષણવિભાગમાં તા. ૨૭ માર્ચ ૨૦૧૭થી તે શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને ૪૦ વર્ષનો હોવાનું જાણવા મળ્યુ છે.તેના પર પોરબંદરના મંડેર ગામની સરકારી પે સેન્ટર પ્રાથમિક શાળામાં આઠમા ધોરણમાં ભણતી એક વિદ્યાર્થીની ઉપર તેમની જ શાળાના શિક્ષક વિપુલ ગોહેલે તા. ૨૨ થી તા. ૨૪ જાન્યુઆરી દરમ્યાન ચાર વખત શાળાના ઉપરના માળે લઈ જઈ બળાત્કાર ગુજાર્યાનો આક્ષેપ લાગ્યો છે. આ ઘટના બહાર આવતા ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી.

# ભરશિયાળે આકરા ઉનાળાના એંધાણ : ભુજ શહેર 34.4 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે તપ્યું

ભુજ: કચ્છ સહીત સમગ્ર ગુજરાતમાં બેવડી ઋતુના થઈ રહેલા અનુભવ વચ્ચે બપોરના ભાગે સૂર્યનારાયણ દેવે જાણે અત્યારથી જ અગનવર્ષા કરી દેવાનું શરૂ કરી દીધું હોય તેમ 34.4 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યના સૌથી ગરમ મથકોમાં ભુજ શહેરે મોખરાનું સ્થાન જાળવ્યું છે. નલિયા ૧૦ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું ઠંડુ મથક બન્યું છે. પરંપરાગત રીતે શિયાળાની પરાકાષ્ઠા સમા જાન્યુઆરી મહીનાના આખરી દિવસોમાં જ આ સ્તરનું મહત્તમ તાપમાન અસામાન્ય છે. જો કે, આજે ભેજવાળા પવનો ફૂંકાતા કચ્છ સહીત સમગ્ર રાજ્યમાં એકંદરે ગરમીમાં રાહત વર્તાવવા પામી છે, કચ્છના ભુજ ઉપરાંત નલિયામાં ૩૨ ડિગ્રી સે.અને કંડલા ખાતે 31 ડિગ્રી સે.જેટલું ઊંચું મહત્તમ તાપમાન રહેવા પામ્યું હતું. કચ્છમાં હજુ વહેલી સવારે ઠંડીની અનુભૂતિ થાય છે તેથી હજુ સત્તાવાર રીતે શિયાળાએ વિદાય લીધી નથી. કચ્છના નલિયા ખાતે આજે લઘુતમ તાપમાન 10 ડિગ્રી સે.રહેવા પામ્યું હતું જયારે ભુજમાં 16 ડિગ્રી સે. રહેવા પામ્યું હતું.

# રાજકોટમાં ધો.5 માં ભણતાં 11 વર્ષના છોકરાનું હાર્ટએટેકથી મોત, પરિવાર આઘાતમાં સરી ગયો

રાજકોટ : ગુજરાતમાં બાળકો અને યુવાનોને હાર્ટ એટેક આવવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે રાજકોટના જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ધો. 5માં ભણતાં 11 વર્ષના વિદ્યાર્થીને અચાનક છાતીના ભાગે દુખાવો ઉપડતા તરત જ સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ડૉક્ટરે વિદ્યાર્થીને મૃત જાહેર કરતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. રાજકોટના જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ધો. 5માં અભ્યાસ કરતાં હેતાંશ દવેને અચાનક છાતીના ભાગે દુખાવો ઉપડ્યો હતો. આ પછી તાત્કાલિક 11 વર્ષના હેતાંશને હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. દીકરો ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.


Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમથી સચિવાલયના કર્મચારીઓને જ વાંધો, પદ્ધતિ રદ્દ કરવા માંગ

**ગાંધીનગર**

ગુજરાત સરકારે તાજેતરમાં જ પરિપત્ર બહાર પાડી ગાંધીનગર સચિવાલયના તમામ વિભાગો અને અન્ય સરકારી કચેરીમાં ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમને લાગુ કરાશે, ત્યારે ગુજરાત સરકારે ઈન્ટીગ્રેટેડ સિક્યુરિટી એક્સેસ એન્ડ મેન મેનેજમેન્ટ સિસ્ટમ (IWDMS) દાખલ કરવાનું નક્કી કર્યું છે. તે માટે ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમની વ્યવસ્થા દાખલ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. તેવામાં ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમથી ગાંધીનગર સચિવાલયના કર્મચારીઓને વાંધો હોવાથી પદ્ધતિ રદ્દ કરવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં કાર્યરત સામાન્ય વહીવટ વિભાગના 27 જાન્યુઆરી, 2025ના પરિપત્રથી સચિવાલય સંકુલના તમામ વિભાગો, કર્મયોગી ભવન અને ઉદ્યોગ ભવનની સરકારી કચેરીઓ અને કલેક્ટર અને DDO કચેરી, ગાંધીનગર ખાતે અધિકારી-કર્મચારીઓની હાજરી માટે 01 ફેબ્રુઆરી, 2025થી ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમનો અમલ કરવાનો નિર્ણય કરાયો છે.

આ પરિપત્ર બાબતે ગાંધીનગર સચિવાલય સંકુલના કર્મચારીઓના ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આ પરિપત્ર કર્મચારી-અધિકારીઓના હિતોને સંલગ્ન બાબત હોવા છતાં આ નીતિમાં મુખ્ય સ્ટેક હોલ્ડર્સ એવા સરકારના કર્મચારીઓ કે કર્મચારી મંડળો સાથે કોઈપણ પ્રકારનો સંવાદ કરવામાં આવ્યો નથી. આ નીતિ એકતરફી રીતે જાહેર કરતાં એસોસિએશન દ્વારા સખત વાંધો અને વિરોધ દર્શાવાયો હતો.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસનું AAP સાથે ગઠબંધન નહીં

**અમદાવાદ**

ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ પૂરજોશમાં ચૂંટણીના મેદાનમાં બાજી મારવા માટે તૈયારી કરી લીધી છે. ત્યારે હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધનને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ ચૂકી છે. ગઠબંધન મુદ્દે કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન નહીં કરે.

કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોષીએ જણાવ્યું છે કે, 'સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસ સંપૂર્ણપણે રાજ્યકક્ષાએ કોઈ ગઠબંધન કરવાનું નથી. પણ સાથે સાથે સ્થાનિક કક્ષાએ કોઈ એવી દરખાસ્ત આવશે તો સ્થાનિક સંગઠન તેની સાથે પરામર્શ કરીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેશે.'

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા ઈચ્છતી હતી. કારણ કે થોડા દિવસ અગાઉ ગઠબંધનને લઈને AAP પ્રમુખ ઈશુદાન ગઢવીએ કહ્યું હતું કે, 'કોંગ્રેસને લોકસભામાં AAPએ ટેકો આપ્યો હતો. બંને પાર્ટી અલગ અલગ ચૂંટણી લડે તો ભાજપને ફાયદો થશે. AAP ભાજપને હરાવવા માટે કોંગ્રેસ સાથે રહી ચૂંટણી લડવા તૈયાર છે.

# રખડતાં પશુઓ, ગેરકાયદે પાર્કિંગ અને દબાણ મુદ્દે હાઇકોર્ટ લાલઘૂમ

**અમદાવાદ**

અમદાવાદમાં રખડતાં ઢોર અને શહેરમાં વધી રહેલાં દબાણને લઈને તબક્કાવાર સુનવણી ચાલી રહી છે. જેમાં હાઈકોર્ટના નિર્દેશનું પાલન ન કરવું અને આદેશોના તિરસ્કાર બદલ અરજી દાખલ કરવામાં આવી હતી. છેલ્લા સાડા છ વર્ષથી આ સુનાવણી ચાલી રહી છે. જેમાં 62 જેટલા આદેશ આપવામાં આવ્યા છે. પરંતુ અધિકારીઓ દ્વારા તેનું પાલન ન કરાવાતા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હતું અને જવાબદાર અધિકારીઓના નામ માંગવામાં આવ્યા છે. આ સિવાય આ અધિકારીઓ સામે ચાર્જશીટ ફાઈલ કરવા સુધીની પણ કોર્ટ દ્વારા તૈયારી દાખવવામાં હતી. પરંતુ, સરકાર દ્વારા બાહેંધરી આપવામાં આવી છે કે, તંત્ર આ મુદ્દે સતત કાર્યવાહી કરી રહી છે. જોકે, સમગ્ર બાબતે સરકારી વકીલની બાહેંધરી બાદ હાઈકોર્ટે પોલીસ પ્રશાસન પર ગંભીર અવલોકન કરતાં કહ્યું કે, અમે પોતે પણ જોયું છે કે, જાહેર રસ્તા પર દબાણના કારણે ટ્રાફિક થાય છે. તેઓને જે કામ કરવા માટે મહેનતાણું મળે છે તેમ છતાં તેઓ કામગીરી નથી કરતાં.

# અમદાવાદ બન્યું ટીબીનું ઘર! વર્ષ 2024માં 1229 કેસ, બહેરામપુરા સૌથી વધુ અસરગ્રસ્ત

## શહેરમાં 16 થી 30 વર્ષની વય જૂથમાં 5800 કરતા પણ વધારે ટીબીના દર્દી કન્ફર્મ

**અમદાવાદ**

કેન્દ્ર સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે, કેન્દ્ર સરકારની સજાગતા અને દર્દીઓને યોગ્ય સારવાર સહાય આપવાના પરિણામે નાગરિકોના મનમાંથી ટીબીનો ડર ઓછો થયો છે તેમજ કેસ અને મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે હજું પણ આ મહામારી અમદાવાદ જેવા શહેરમાં મોટી ચિંતાનો વિષય બની છે.



સ્માર્ટ સિટી અમદાવાદમાં ક્ષય રોગના કેસમાં સામાન્ય નિયંત્રણ જોવા મળ્યું છે પરંતુ શ્રમજીવી વસાહતો અને ચાલી કે ઝુંપડપટ્ટી જ્યાં આવેલા છે તેવા વિસ્તારોમાં ટીબીના કેસની સંખ્યા ઘણી વધારે છે. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા છે.

વર્ષ 2024માં જોવામાં આવે તો બહેરામપુરામાં 1229 અને રખિયાલમાં 1044 કેસ નોંધાયા હતાં. શહેરમાં 16 થી 30 વર્ષની વય જૂથમાં 5800 કરતા પણ વધારે ટીબીના દર્દી કન્ફર્મ થયા હતા. અમદાવાદમાં 2019માં ટીબીના 20157 કેસ નોંધાયા હતાં જેની સામે 2024માં 15360 કેસ નોંધાયા છે.

# 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' રેન્કિંગમાં ગુજરાત મોખરે : સ્થાનિક, વિદેશી રોકાણમાં વધારો

**ગાંધીનગર**

ગુજરાત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશના જીડીપીમાં નોંધપાત્ર ૮.૨૦ ટકાના યોગદાન સાથે ભારતના આર્થિક વિકાસમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વ્યાપાર કરવામાં વધુ સરળતા રહે તે માટે પ્રથમવાર બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન-BRAPની પહેલ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને રાજ્યમાં વ્યવસાય કરવામાં અનુકૂળતા રહે તે માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ-EoDB હેઠળ સ્ટેટ /યુટીરેન્કિંગ/એસેસમેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકારના વ્યવસાય અને પ્રજાલક્ષી અભિગમના ફળસ્વરૂપે રાજ્યમાં છેલ્લા એક દાયકામાં એટલે કે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન અંદાજે કુલ રૂ. ૩.૯૬ લાખ કરોડનું વિદેશી તેમજ રૂ. ૧૮.૪૬ લાખ કરોડનું સ્થાનિક રોકાણ આવ્યું હતું.ગુજરાત ટ્રાવેલ ગાઈડ

EoDB હેઠળ સિંગલ વિન્ડો પોર્ટલ ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ-IFP વિકસાવનાર ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. જે પોર્ટલના માધ્યમથી ઉદ્યોગકારો અને વેપારજગત સાથે સંકળાયેલા વ્યવસાયકારોને એક જ ઓનલાઈન પોર્ટલ દ્વારા વ્યવસાયિક મુખ્ય સેવાઓ મળી રહે છે. ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ પર રાજ્યના ૧૮ જેટલા વિભાગો સંબંધિત ૨૦૦થી વધુ બિઝનેસ સેન્ટ્રીક સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦ લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાતને દેશમાં ટોપ એચિવર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

# પ્રેમીને મળવા ગયેલી પરિણીતાને અર્ધનગ્ન કરી આખા ગામમાં ફેરવી

**દાહોદ**

સંજેલી તાલુકામાં રહેતી ૩૫ વર્ષની પરિણીતાને ગામમાં રહેતા ગોવિંદ લાલસીગભાઈ રાઠોડ સાથે પ્રેમ સંબંધ હતો. તા.૨૮ના રોજ પરિણીતા તેના પ્રેમી ગોવિંદભાઈના ઘેર હાજર હતી ત્યારે ઢાલસીમળ, સંતરામપુર, ગલાલપુરા અને રુપાખેડા ગામના શખ્સો ગોવિંદભાઈના ઘરમાં ઘૂસી ગયા હતાં અને પરિણીતાને પ્રેમીના ઘરમાંથી બહાર કાઢી તેને ઢોર માર માર્યો હતો. બાદમાં પરિણીતાને અર્ધ નગ્ન કરી બાઈક પાછળના કેરિયર પર સાંકળ સાથે બાંધી ઢાલસીમળ ગામે જાહેર રોડ પર ઘસડીને પરિણીતાના સસરાના નવા મકાને લઈ જઈ ત્યાંથી પરત તેવી જ હાલતમાં મકાનમાં લાવ્યા હતાં. પરિણીતાને રોડ પર ઢસડતા ટોળા પૈકી બે શખ્સોએ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતાર્યો હતો અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો. વીડિયો વાયરલ થતાં જ દાહોદ પોલીસ સફાળી જાગી હતી અને સ્થળ પર દોડી જઈ વિગતો મેળવીને ભોગ બનનાર પરિણીતા સુધી પહોંચી હતી. પોલીસ સમક્ષ પરિણીતાએ સમગ્ર ઘટનાની જાણ કરતા તેના આધારે ૧૫ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દોડાદોડી કરી તમામની ધરપકડ કરી હતી.

# મહેસાણાની મર્ચન્ટ કોલેજમાં વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો, વિદ્યાર્થીઓએ મચાવ્યો હોબાળો

**મહેસાણા**

બાસણા નજીક આવેલ મર્ચન્ટ કોલેજમાં 19 વર્ષીય ઉર્વશી શ્રીમાળી નામની વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હતો. આ અંગે જાણ થતા મહેસાણા તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે. આ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને કોલેજના ટોર્ચરને કારણે ઉર્વશીએ આપઘાત કર્યાનો આરોપ લગાવ્યો હતો. બાસણા મર્ચન્ટ કોલેજમાં 19 વર્ષીય ઉર્વશી શ્રીમાળી નામની વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીએ આપઘાતને લઈને કોલેજના વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો છે.

# વાપીમાં ભાજપના નેતાની હત્યાના શાર્પશૂટરની ઉત્તર પ્રદેશથી ધરપકડ

**વાપી**

વાપી તાલુકાના ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલની હત્યાના બહુચર્ચિત કેસમાં પોલીસે મુખ્ય શાર્પશૂટર અજય ઉર્ફે ગુડ્ડુ સતિરામ યાદવની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી લીધી છે. આરોપીએ બે અન્ય શાર્પ શૂટર્સ સાથે મળીને અંદાજે 18 લાખ રૂપિયાની સોપારી લઈને શૈલેષ પટેલની હત્યાને અંજામ આપ્યો હતો.

ગત 8મી મે 2023ના રોજ વાપીના રાતા કોપરલી રોડ પર રાતા શિવ મંદિરની સામે વાપી તાલુકા ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલ પર ફાયરિંગ કરીને હત્યા કરી દેવામાં આવી હતી. ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલ પરિવાર સહિત પરિવાર સાથે મંદિરમાં દર્શન કરવા ગયા હતા તે સમયે ત્રણ ઈસમો ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતાં. હત્યાના આ ચકચારી બનાવ બાદ સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચાઓ જાગી હતી અને સ્થાનિક રાજકારણ પણ ગરમાયું હતું. ફરિયાદ નોંધીને વલસાડ જિલ્લા પોલીસે મૃતક શૈલેષ પટેલની હત્યાનું કાવતરું રચનાર અને આ હત્યાના માસ્ટર માઈન્ડ શરદ પટેલ સહિત 8 ઈસમોની ધરપકડ કરી હતી. આ હત્યાના મુખ્ય ત્રણ શાર્પ શૂટરોમાંથી 2 શાર્પશૂટર વૈભવ યાદવ અને દિનેશ ગૌંડની વાપી પોલીસે ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી હતી.

# સુરતમાં માતાએ ભણવા મુદ્દે ઠપકો આપતાં ધોરણ 7મા ભણતાં દીકરાનો આપઘાત

**રાજકોટ**

સુરતના નવાગામ ડિંડોલી ખાતે મૂળ મહારાષ્ટ્રના રોહિદાસ પાટીલ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પત્ની આંગણવાડીમાં કોન્ટ્રેક્ટર વર્કર તરીકે કામ કરે છે. રોહિદાસ પાટીલનો દીકરો ડિંડોલીની સરકારી શાળામાં ધોરણ 7માં અભ્યાસ કરતો હતો, જેણે સોમવારે ઘરમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જેની પરિવારને જાણ થતાં દીકરાને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.મળતી માહિતી મુજબ, રોહિદાસ પાટીલના પત્નીએ પોતાના દીકરાને અભ્યાસને લઈને ઠપકો આપ્યો હતો. જેનું દીકરાને માઠું લાગતા આ પ્રકારનું પગલું ભર્યો હોવાનું સામે આવ્યું છે.



## ‘ધ મહેતા બોય્ઝ’ના રિલીઝ સાથે ઈરાની ડિરેક્ટર બનશે

મુંબઈ : બોમન ઇરાની પણ હવે ડિરેક્શનમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેણે અને અવિનાશ તિવારીએ ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘ધ મહેતા બોય્ઝ’ આવતા મહિને એમેઝોન પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ થશે. બોમન ઇરાનીની વિવેચકો દ્વારા વખણાયેલી આ ફિલ્મ ૭ ફેબ્રુઆરીએ ઓનલાઇન ઉપલબ્ધ થશે. બોમન ઇરાનીએ ૨૩ જાન્યુઆરીએ પોતાના ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને આ અંગે જાહેરાત કરી હતી. તેણે લખ્યું,”૪૮ કલાક, ૨ વ્યક્તિ, ૧ જોરદાર સ્ટોરી ધ મહેતા બોય્ઝ પ્રાઇમ પર, ફેબ્રુઆરી ૭”.

# ઉંમર દેખાતી હોવાને કારણે મને એકલી પાડી દેવાઈ : મનિષા કોઈરાલા



મુંબઈ: મનિષા કોઈરાલા હિન્દી ફિલ્મોમાં ૯૦ના દાયકાની સુપરસ્ટાર ગણાતી હતી. તેણે ‘મન’ જેવી ફિલ્મમાં રોમેન્ટીક રોલ હોય કે પછી ‘ખામોશી’ અને ‘દિલ સે’ જેવી ફિલ્મોના પડકારજનક રોલ હોય, દરેકમાં મનિષાનો અભિનય વખણાયો છે. હવે તેણે પોતાની બીજી ઈનિંગ શરૂ કરી છે ખાસ કરીને ભણસાલીની ‘હિરામંડી’માં તેના અભિનયને બહુ સરાહવવામાં આવ્યો છે. ત્યારે તાજેતરમાં તેણે ઈન્ડસ્ટ્રીની એજિઝમની વિચારધારા અંગે વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો છે કે તેને ઘણી વખત પોતાની ઉંમરના કારણે લોકોની કડવી વાતો અને ટીકાનો સામનો કરવો પડે છે. લોકો તેને અવારનવાર એવું કહી દે છે કે તે હવે ‘બુઢ્ઢી’ થઈ ગઈ છે. મનિષા કહે છે કે ઈન્ડસ્ટ્રીની હંમેશા યુવાન રહેવાની વિચારધારાનું આ પરિણામ છે.તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં મનિષાએ ઈન્ડસ્ટ્રીની વિચારધારા બદલવા પર ભાર મુકીને મોટી ઉંમરના કલાકારો માટે વધુ અર્થસભર રોલના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું હતું કે માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નહીં પણ આપણા સમાજમાં પણ આ વિચારધારા બદલવાની જરૂર છે. મનીષાએ કહ્યું,”ઈન્ડસ્ટ્રીની વાત કરો કે સામાન્ય માહોલની, મહિલાઓને હંમેશા વધતી ઉંમરનો સામનો કરવો પડે છે. મહિલાઓ સાથે ઉંમરના હિસાબે ભેદભાવ કરવામાં આવે છે. મેં ક્યારેય નથી સાંભળ્યું કે કોઈ પુરુષ કલાકારને ઉંમર વધવાને કારણે ટ્રોલ કરતું હોય. પરંતુ ઘણી મહિલાઓને આ પ્રકારના ટ્રોલિંગનો સામનો કરવો પડે છે. તેમને નીચી નજરે જોવામાં આવે છે. પુરુષો કરતા મહિલાઓને વધારે એજિઝમનો સામનો કરવો પડે છે.”એક રાઉન્ડ ટેબલ ઈન્ટરવ્યુ દરમિયાન તેને મોટી ઉંમરના કારણે એકલી પાડી દેવાઈ હોવાની ઘટનાના સંદર્ભે મનિષાએ કહ્યું,”એક રાઉન્ડ ટેબલ ચર્ચા દરમિયાન મને એક બાજુ કરી દેવાઈ હતી. તેના માટે તેમણે મને એવું કારણ આપ્યું,”ઓહ, એ પ્રશ્ન એક ચોક્કસ ઉંમરના લોકો માટે હતો.” મેં પૂછ્યું, “ઓહ તો પુરુષ કલાકારો પણ એ જ ઉંમરના ગ્રુપમાં આવે, મારી સાથે કામ કરતા હિરો તે મારાથી મોટા કલાકાર આ ફિલ્મમાં હોત તો, એમણે મારાથી સારું કામ કર્યું હોત? એને પણ આ રીતે ચર્ચામાંથી એક બાજુ કરી દેવાયો હોત?”ના. મેં બે થી ત્રણ વખત આવી પરિસ્થિતિનો સામનો કર્યો છે. મને ઉંમરના કારણે એક બાજુ કરી દેવાઈ હતી. અમારા પર એ અસર કરે છે. અચાનક, તેમને મોટી ઉંમરના કલાકારો નથી જોઈતા હોતા. પણ એમને મોટી ઉંમરની એક્ટ્રેસ સાથે કામ કરવામાં ચોક્કસ વાંધો હોય છે.”

**મનિષાએ કહ્યું, આપણે દુનિયાને અને આપણી જાતને બતાવી દેવાની જરૂર છે કે આપણે આ ઉંમરે પણ હજુ કમાલ કરી શકીએ છીએ**

## સાઉથ ઇન્ડસ્ટ્રીમાં પણ કાસ્ટિંગ કાઉચનો સડોઃ ફાતિમા સના શેખ



મુંબઈ: દંગલ ગર્લ ફાતિમા સના શેખે એક ઈન્ટરવ્યુમાં સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી અત્યંત ઘૃણાસ્પદ હરકતો નામે કાસ્ટિંગ કાઉચનો પર્દાફાશ કર્યો છે. અભિનેત્રીએ જણાવ્યું કે તેણીને ત્યાં કાસ્ટિંગ કાઉચનો ઘણો સામનો કરવો પડયો. ફાતિમા સના શેખે ખુલાસો કર્યો કે તેણીને સાઉથ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડયો હતો એજન્ટે કહ્યું કે તમારે બધું કરવું પડશે. આમિર ખાનની સ્ટારર ફિલ્મ ‘દંગલ’માં ભારતીય મહિલા કુસ્તીબાજ ગીતા ફોગાટની ભૂમિકામાં ફાતિમા સના શેખને ઘણી લોકપ્રિયતા મળી. પરંતુ ફાતિમાએ પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત દક્ષિણની ફિલ્મોથી કરી હતી. હવે, અભિનેત્રીએ દક્ષિણ ફિલ્મ ઉદ્યોગનું કાળું સત્ય ઉજાગર કર્યું છે. તેણીએ ખુલાસો કર્યો છે કે દક્ષિણ ફિલ્મો માટે ઓડિશન આપતી વખતે તેણીને કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડયો હતો. ફાતિમાએ ઉલેખ કર્યો કે નિર્માતાઓ આ વિશે ખૂબ જ ખુલ્લેઆમ વાત કરતા હતા, ‘તમે જાણો છો, અહીં તમારે લોકોને મળવું પડશે. તેઓ સીધું કંઈ કહેતા નહોતા પણ તેમનો અર્થ વિચિત્ર રીતે હતો.

## સોનુ નિગમે પદ્મ પુરસ્કાર પર ઉઠાવ્યા સવાલ, કિશોરકુમારને સન્માન ન મળતાં નારાજ

મુંબઈ : બોલિવૂડ સિંગર સોનુ નિગમે ફરી એકવાર રાષ્ટ્રીય સન્માન આપતાં પદ્મ એવૉર્ડ અંગે બળાપો કાઢ્યો છે. આ ગણતંત્ર દિવસ 26 જાન્યુઆરીના રોજ આપવામાં આવેલા પદ્મ એવૉર્ડ 2025 મુદ્દે નિરાશા વ્યક્ત કરતાં સોનુ નિગમે એક વીડિયો શેર કર્યો છે. જેમાં સવાલો ઉઠાવ્યા છે કે, ‘સરકારે કેમ હજુ સુધી ઉમદા સિંગર્સને પદ્મશ્રીનું સન્માન આપ્યું નથી. એવા ઘણા ગાયકો છે કે, જે દરેક માટે પ્રેરણા છે, અને તેમની પ્રતિભાને ઓળખવી જોઈએ.’

સોનુ નિગમે સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતાં કહ્યું છે કે, ‘બે એવા ગાયકો છે જેમણે દુનિયાભરના ગાયકોને પ્રેરણા



આપી છે. જેમાં ફક્ત એકને જ પદ્મશ્રી સુધી સીમિત રાખ્યા છે, તે છે મોહમ્મદ રફી સાહેબ. અને એક એવા છે જેમને હજુ સુધી પદ્મશ્રી પણ નસીબ થયો નથી, તે છે કિશોર કુમારજી. તેમને મરણોપરાંત એવૉર્ડ પણ મળ્યો નથી.

સોનુ નિગમે આગળ કહ્યું, ‘અન્ય ઘણા ગાયકો છે, અલકા યાજ્ઞિક કે જેમની આટલી લાંબી અને અદ્ભુત કારકિર્દી રહી છે, તેમને આજ સુધી કંઈ મળ્યું નથી. શ્રેયા ઘોષાલ લાંબા સમયથી પોતાની કળા સાબિત કરી રહી છે. તે એક શ્રેષ્ઠ ગાયક છે. સુનિધિ ચૌહાણે પણ પોતાના અનોખા અવાજથી આખી પેઢીને પ્રેરિત કરી છે, પણ હજુ સુધી તેને પણ કંઈ મળ્યું નથી. ઉલ્લેખનીય છે, આ વર્ષે અરિજીત સિંહને પદ્મશ્રી એવૉર્ડ અને સ્વર કોકિલા ઑફ બિહાર તરીકે જાણીતી શારદા સિંહાને પદ્મ વિભુષણ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.







### બોલ્ડ લુક માટે જાણીતી મમતાનું નવું સ્વરૂપ કેટલું ટકશે તેની અટકળો

# મમતા કુલકર્ણી : સેક્સ બોમ્બ બની સંન્યાસિની

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

મમતા કુલકર્ણીનું નામ બોલીવુડમાં 1991 પછીના સાત-આઠ વર્ષ ખૂબ ચર્ચામાં હતુ. તેની ફિલ્મી કરીયરની શરૂઆત ‘નનબરગલ’ ફિલ્મથી થઈ હતી. હાલમાં તમિલ ફિલ્મોના સુપરસ્ટાર થલપતિ વિજય તે ફિલ્મમાં હીરો હતો. 1991માં આવેલી ફિલ્મ સુપરહીટ થતાં તમિલનાડુમાં મમતાનું મંદિર સુદ્ધા બનાવી દેવાયું હતુ. જે બાદ મમતાની એન્ટ્રી બોલીવુડમાં થઈ અને તેને જોરદાર સફળતા મળી. આ દરમિયાન તેની ઈમેજ એક બોલ્ડ અભિનેત્રી તરીકે પણ થતી. ફિલ્મમાં અનેક એવા સિન આપવામાં તેને ખચકાત ન હતો જે સિન આપવામાં અનેક અભિનેત્રીઓ ખચકાતી હતી.

મમતાએ સ્ટારડસ્ટ માટે ન્યુડ ફોટો આપીને સનસનાટી મચાવી હતી તો કોર્ટમાં બુરખો પહેરીને આવી ત્યારે મુસ્લિમ કટ્ટરવાદીઓ ભડકી ગયા હતા. મમતા તેની ફિલ્મી કારકિર્દીમાં સતત મળતી સફળતાથી જોરશોરથી ચર્ચામાં હતી. ત્યાંજ અચાનક 2000માં તે આ ફિલ્મી જગતમાંથી ગાયબ થઈ ગયેલી. આજે એ જ મમતા ફરી એકવાર ભારત અને ફિલ્મના રસીયાઓ માટે ચર્ચાનું કેન્દ્ર બની છે. પરંતુ આ વખતે તે પ્રયાગ રાજમાં ચાલી રહેલા મહાકુંભને કારણે ચર્ચામાં છે. એક જમાનામાં હિન્દી ફિલ્મોની સેક્સ બોમ્બ મનાતી મમતા કુલકર્ણી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં કિન્નર અખાડાનાં મહામંડલેશ્વર બની છે. મમતાએ પહેલાં તો ગંગા નદીમાં ડૂબકી લગાવીને સંગમના કિનારે દીક્ષા લીધી હતી. દીક્ષા પછી તેનું નામ બદલીને શ્રીયામાઈ મમતાનંદ ગિરી થઈ ગયું અને સાંજે કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીના નેતૃત્વમાં તેમનો પટ્ટાભિષેક થયો હતો. મમતા સંન્યાસિનીના રૂપમાં મીડિયા સામે હાજર થયાં, ત્યારે પોતે કેમ કિન્નાર અખાડાની દીક્ષા લીધી તેની સ્પષ્ટતા પણ કરી.

મમતાનો જન્મ એક સુખી પરિવારમાં થયો હતો. પણ તેની જીંદગી કોઈ ફિલ્મી સ્ટોરીથી કમ નથી. મમતાના પિતા મિલિન્દ કુલકર્ણી મુંબઈના પોલીસ કમિશનર હોવાની વાતો થાય છે. કિન્તુ વાસ્તવમાં તેઓ બિઝનેસમેન હતા. મમતાની માતા સુધા હિન્દી ફિલ્મોનાં જાણીતાં એક્ટ્રેસ ઉષા કિરણનાં નાનાં બહેન છે. ઉષાના પતિ ડો. મનોહર ખેર મુંબઈની સાયન હોસ્પિટલમાં ડીન હતા. ઉષાનો દીકરો અદ્વૈત મોડલ, જ્યારે દીકરી તન્વી આઝમી એક્ટ્રેસ છે. અદ્વૈતની દીકરી શૈયામી ખેર પણ એક્ટ્રેસ છે. મમતાની માતાને ૧૯૭૦માં રામાનંદ સાગરે ફિલ્મની ઓફર કરી હતી. પણ પતિએ ના પાડતાં તેમની ફિલ્મી કારકિર્દી શરૂ ના થઈ. મમતાને મિથિલા અને મૌલિના નામે બે બહેનો છે. બંનેએ એક્ટિંગમાં નસીબ અજમાવ્યું પણ ફાવટ ન આવી. જ્યારે મમતા માટે સ્થિતિ તેથી વિપરિત રહી. પહેલી ફિલ્મની સફળતાના પગલે મમતાને હિંદી ફિલ્મોની ધડાધડ ઓફરો મળવા માંડી. આ પૈકીની તિરંગા, ક્રાંતિવીર, આશિક આવારા, કરણ અર્જુન, વગેરે ફિલ્મો સુપરહીટ થતાં મમતા હિન્દી ફિલ્મોની સફળ એક્ટ્રેસ તરીકે સ્થાપિત થઈ ગઈ હતી.





હિન્દી ફિલ્મોના મોટા સ્ટાર્સ સાથે કામ કર્યુ. દેખાવડી અને આકર્ષક હોવાથી દર્શકો તેને પસંદ કરતા હતા. આ સાથે જ તેણે અભિનયમાં પણ મેદાન માર્યું. અનેક મોટાં બેનરોની સુપરહીટ ફિલ્મોમાં મમતાએ કામ કર્યું અને તેની ફિલ્મોને સારી સફળતા પણ મળી, મમતાના નામે ફિલ્મોમાં જોરદાર સફળતાની સાથે સાથે મોટા મોટા વિવાદો પણ થયા. છોટા રાજન અને વિકી ગોસ્વામીએ બે મોટા ગેંગસ્ટર સાથે તેને સંબંધો હોવાની વાતો ચાલી હતી. મમતા છોટા રાજનને મળવા નિયમિત દુબઈ અને બેંગકોક જતી હોવાની વાતો ચર્ચાના ચગડોળે ચઢી હતી. વિકી જેલમાં હતો, ત્યારે પોતે તેને મળવા જતી હોવાનું ખુદ તેણી સ્વીકારી ચૂકી છે. મમતાએ પોતે વિકી સાથે લગ્ન કર્યાં નથી એવી વાતો તે કરતી હતી. જો કે, પોતે વિકી સાથે રીલેશનશિપમાં હતી એવું પણ સ્વીકાર્યું છે. મમતા ચાઈના ગેટ ફિલ્મમાં કામ કરતી હતી, ત્યારે એક્શન ડિરેક્ટર ટીનુ વર્મા સાથે તેને સંબંધો બંધાયા હતા. ટીનુ વર્માએ તો પોતે મમતા સાથે લગ્ન કરી લીધાં હોવાની જાહેરાત પણ કરી હતી. પરંતુ મમતાએ વર્માની આ વાતો ખોટી ગણાવી દીધી હતી.

મમતા ફિલ્મી કારકિર્દીમાં ટોપ પર હતી, ત્યારે અચાનક જ ૨૦૦૦માં ફિલ્મો છોડીને તે ગાયબ થઈ ગયેલી. તેનું કારણ તેના પ્રેમી વિકી ગોસ્વામીનો જેલવાસ હોવાનું કહેવાય છે. મમતાએ વિકીનો ડ્રગ્સ અને હોટલ બિઝનેસ ચલાવવા ફિલ્મી જગતમાંથી અદ્રશ્ય થવુ પડ્યાની ચર્ચા પણ છે. મમતા કુલકર્ણીએ ડ્રગ્સ માફિયા વિકી ગોસ્વામીના પ્રેમમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી હોવાનું મનાય છે. મૂળ અમદાવાદના પાલડીના વિકીના પિતા આનંદગીરિ ગોસ્વામી ડીવાયએસપી હતા, પણ ગેરકાયદેસર દારૂના કેસમાં સસ્પેન્ડ થયા હતા. વિકીનો પરિવાર અમદાવાદમાં જ રહે છે. પણ વિકી સાથેના તમામ સંબંધો તોડી તેણે નાંખ્યા છે. અપરાધની દુનિયામાં વિકીનો ગુરૂ બુટલેગર બિપિન પંચાલ મનાય છે. પંચાલ વિકીને મેન્ડ્રેક્સના ધંધામાં લાવીને ડ્રગ્સની દુનિયામાં લઈ આવ્યો પછી વિકી મુંબઈ જતો રહ્યો હતો.

મુંબઈમાં વિકીનો ડ્રગ્સનો કારોબાર ધમધોકાર ચાલવા લાગ્યો તેથી ફિલ્મી પાર્ટીઓમાં તે જતો થઈ ગયો હતો. આ સમયે જ મમતા સાથે તેનો પરિચય થયો હોવાનું મનાય છે. વિકીએ ડ્રગ્સની કમાણીમાંથી હોટલ બિઝનેસ શરૂ કરેલો. મુંબઈમાં ધોંસ વધતાં વિકી દુબઈ ભાગી ગયો હતો. પણ ૧૯૯૭માં ઝડપાઈ જતાં ૨૫ વર્ષની કેદની સજા થઈ હતી. જે બાદ મમતા દુબઈમાં બેસીને દુનિયાભરના ડ્રગ્સ ડીલર્સ સાથે મીટિંગો કરતી અને વિકીને જેલમાંથી છોડાવવા માટે પણ તેણે પ્રયાસો કર્યાનું કહેવાય છે.

યુએઈની જેલમાંથી છૂટવા વિકી મુસ્લિમ બની જતાં પાંચ વર્ષમાં છૂટી ગયેલો. દુબઈની જેલમાંથી છૂટયા પછી મમતા અને વિકી કેન્યા જતાં રહ્યા અને ત્યાંથી બંને ડ્રગ્સનો કારોબાર કરતાં હતા. તેથી ૨૦૧૩માં બંનેને ભાગેડું જાહેર કરાયા હતા. ૨૦૧૩માં વિકી સાઉદીમાં પકડાયેલો ત્યારે તેને છોડાવવા મમતા પણ મુસ્લિમ બની અને વિકીને જેલમાં જ પરણી ગયેલી એવું કહેવાય છે. મમતા થોડા સમય પહેલાં નિર્દોષ છૂટી પછી ભારત પાછી ફરી જ્યારે વિકી કેન્યામાં જ હોવાનું કહેવાય છે. ૨૦૧૬ના એપ્રિલમાં થાણે પોલીસે ૮૦ લાખ રૂપિયાનું એફેડ્રાઈન ડ્રગ્સ પકડ્યું હતુ. આ સમયે તેના છેડા સોલાપુરમાં આવેલી એવોન લાઈફ સાયન્સીસ નામની વિકી ગોસ્વામીની કંપની સુધી પહોંચતા હતા. આ કંપની વિકી ગોસ્વામીની હતી. પોલીસની રેડમાં ૨૦૦૦ કરોડ રૂપિયાનું ૧૮ હજાર કિલો ડ્રગ્સ પકડાયું હતું. પોલીસે વિકી ગોસ્વામીને ડ્રગ્સ કેસનો સૂત્રધાર ગણાવીને કેસ કર્યો અને મમતાને પણ તેમાં આરોપી તરીકે દર્શાવી હતી.

આ કેસને કારણે મમતા ભાગેડુ જાહેર થઈ હતી. મમતાએ ૨૦૧૮માં પોતાની સામેની ફરિયાદ રદ કરાવવા બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. છ વર્ષ પછી ૨૦૨૪માં બોમ્બે હાઈકોર્ટે મમતા સામેનો કેસ ખારીજ કરતા મમતા ૨૦૨૪ના ડીસેમ્બરમાં ભારત પાછી ફરી હતી. મમતાનો અપરાધ અને વિવાદો સાથેનો નાતો જોતાં એ ક્યાં સુધી સંન્યાસને ટકાવી શકશે એ સવાલ ચોક્કસ જ ઉભો થયો છે. મમતાએ ડ્રગ માફિયા વિકી ગોસ્વામી લગ્ન કર્યાં પણ ગેંગસ્ટર છોટા રાજન સાથે તેના સંબંધો હતા એવું કહેવાય છે. છોટા રાજન એક સમયે દાઉદ ઈબ્રાહીમનો ખાસ માણસ હતો.

**મોટાં બેનરો અને અનેક સુપર સ્ટાર સાથે ફિલ્મોમાં કાર કરનારી મમતાની જોરદાર સફળતા સાથે વિવાદો પણ જોડાયેલા છે, ડ્રગ્સ માફિયા વિકી અને ગેંગસ્ટર્સ છોટા રાજન સાથેના સબંધોને કારણે તેની વગોવણી પણ થતી રહી છે**

# પ્રકૃતિના ઉત્સવની ઉજવણીનું પર્વ વસંતપંચમી

વસંત એટલે નિસર્ગનો છલકાતો વૈભવ. વસંતપંચમીએ પ્રકૃતિનું રમણીય સ્વરૂપ જોવા મળે છે. સોળે કળાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ સૌને આકર્ષે છે. આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ તેનો ઉત્સવ ઊજવે છે અને તે ઉત્સવનાં વધામણાં આપતો દિવસ એટલે વસંતપંચમી. તેથી નિસર્ગ સાથે સંકળાયેલું માનવજીવન આ ઉત્સવથી અલિપ્ત કેમ રહી શકે! પ્રકૃતિની સાથે મનુષ્ય પણ વસંતપંચમીનો ઉત્સવ ઉલ્લાસ અને ઉમંગથી ઊજવે છે. વસંત એ સૃષ્ટિનું યૌવન છે અને યૌવન એ જીવનની વસંત છે. વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ. વસંતઋતુ એટલે તરુવરોનો શણગાર.

વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું આમ્રકુંજોની માદક સુવાસથી મહેકી ઊઠેલું અને પ્રસન્નતાથી છલકાતું નિસર્ગનું વાતાવરણ અને તેમાંય કોયલનું મધુર કુંજન પણ મનને આનંદવિભોર બનાવે છે. વનસ્પતિની જેમ માનવજીવનમાં પણ પાનખર આવે જ છે. ત્યારે ઈશ્વર પર શ્રદ્ધા રાખી પોતાના પુરુષાર્થમાં મક્કમતાથી લાગ્યા રહીશું તો પ્રભુ આપણું જીવન જરૂર ખીલવશે, એવો આશાદીપ સતત પ્રજ્વલિત રાખવાનું સૂચન વસંત કરે છે. 2025માં બીજી ફેબ્રુઆરીએ વસંતપંચમી છે.



## વસંતપંચમીનું ધાર્મિક માહાત્મ્ય

ભારતીય પંચાંગ મુજબ મહા સુદ પાંચમની તિથિ (આ વર્ષે બીજી ફેબ્રુઆરી)એ સમગ્ર દેશમાં જ્ઞાન-વિદ્યાની દેવી, 'મા સરસ્વતી'ના અવતરણ દિન તરીકે પણ ઊજવવામાં આવે છે, જે જ્ઞાન અને બુદ્ધિનાં પણ ગંગોત્રીસમાન ગણાયાં છે. વસંતપંચમીના દિને, સરસ્વતી દેવીની ઉપાસનાનો મોટો મહિમા છે. જેની પાછળ કેટલીક ધાર્મિક કથાઓ સમાયેલી છે. બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુની આજ્ઞાથી સૃષ્ટિનું સર્જન કર્યું હતું, પરંતુ તે રચના બાદ બ્રહ્માજી આ સર્જનથી ખુશ ન હતા. તેમને પોતાના આ આવિષ્કારમાં કંઈક ખામી રહી ગયેલી લાગી. એટલે તેઓ વિષ્ણુ પાસે ગયા. તેમની ઈચ્છા જાણી બ્રહ્માજીએ પોતાના કમંડળમાંથી પૃથ્વી પર જળનો છંટકાવ કર્યો. એ જળના ધરતીના સંપર્કથી જ એક ચર્તુભુજા એટલે કે ચાર હાથવાળી સ્ત્રીનું પ્રાગટય થયું. જેના એક હાથમાં વીણા, બીજા હાથમાં ગ્રંથ, ત્રીજા હાથમાં માળા હતી અને ચોથો હાથ વરમુદ્રામાં હતો. બ્રહ્માજીએ આ સ્ત્રીને વીણા વગાડવાનું કહ્યું. વીણા વાદ્યના સૂર છેડાતા જ તેના મધુર નાદથી સંસારમાંના સમસ્ત જીવ-જંતુઓને સ્વર પ્રાપ્ત થયો. જેનાથી તેઓ વાણી ઉચ્ચારી શક્યાં. જેમના અવાજથી નદીઓ-ઝરણાં ખળખળ વહેવાં લાગ્યાં. પવન લહેરાવા લાગ્યો. બ્રહ્માજીએ આ દેવીનો ધરતી પર પ્રભાવ જોઈને તેમને વાણીનાં દેવી સરસ્વતીનું નામ આપ્યું. સરસ્વતી દેવીને ભગવતી શારદા, વાણીવાહિની, વીણાવાદિની અને વાગ્દેવી જેવાં અનેક નામોથી તેમને વંદન કરાય છે. માનવીના હૃદયમાં સંગીતના સર્જનની પ્રેરણા મા સરસ્વતીની કૃપાથી જ થાય છે. એટલે દેવીને સંગીતના 'સ્વરસજની'નાં ઉપનામથી પણ ઓળખવામાં આવે છે.

## નદીનું એક સ્વરૂપ સરસ્વતી દેવી

સરસ્વતી દેવીનું એક સ્વરૂપ નદી છે. સરસ્વતી નદીને શ્રી હરિવિષ્ણુનું વરદાન મળેલું કે તે ભારત વર્ષમાં નદીરૂપે પણ વહેશે. જે પ્રમાણે સાચું-શુદ્ધ જ્ઞાન દેખાડા કરતું નથી પણ ગુપ્ત રૂપે પોતાનો પ્રભાવ બતાવે છે. એ સરસ્વતી નદી ધરતીની ભીતર વહેતી રહી અને ભૂગર્ભનાં તળને ભીની રાખીને જમીનને લીલીછમ્મ બનાવે છે, એટલે તો કેટલાક વિદ્વાનોએ તેમને 'લુપ્ત નદી'નું ઉપનામ આપેલું છે

## વસંત એટલે ઋતુઓની રાણી

આપણાં દેશની મુખ્ય ત્રણ ઋતુ છેઃ શિયાળો, ઉનાળો તથા ચોમાસુ. દરેક ઋતુઓનું પોતાનું આગવું અને અનોખું મહત્ત્વ છે. શિશિર ઋતુની નરમ નરમ ઠંડી પડયા પછી વસંત ઋતુની શરૂઆત થવા માંડે છે અને આપણને વાતાવરણમાં થોડી ગરમીનો અહેસાસ થવા લાગે છે. વસંતને ઋતુઓની રાણી પણ કહેવામાં આવે છે. વસંત ઋતુમાં વાતાવરણ આહલાદક લાગે છે. પાનખરમાં ખરી ગયેલાં વૃક્ષોનાં પાનને નવી કૂંપળો ફૂટે છે અને નવાં પર્ણોથી વૃક્ષો નવપલ્લિત થાય છે. કહેવાય છે કે વસંત ઋતુમાં ધરતી પણ સાડી બદલે છે. વસંતમાં આંબા પર મોર બેસે છે અને આંબા પર નાની નાની કાચી કેરી લાગવાની શરૂઆત થાય છે.

હિંદુ સમાજમાં વસંતપંચમીનું મહત્ત્વ અનેરું છે, કારણ કે વસંતપંચમી વસંત ઋતુનાં વધામણાં લઈને આવે છે અને વસંત ઋતુનું સ્વાગત કરે છે. આ દિવસે લોકો કોઈપણ પ્રકારનું શુભ મૂરત જોયા વિના લગ્નોની શરૂઆત કરે છે. વસંતપંચમીના દિવસે લગ્ન કરવું એ સારા શુકનની નિશાની છે. વસંતપંચમીના દિવસે ઢગલાબંધ લગ્નો યોજાય છે. આપણા હિંદી તથા ગુજરાતી સાહિત્યકારોએ વસંતનો મહિમા બહુ સારી રીતે વર્ણવેલો છે. તો હિંદી ફિલ્મોના ગીતકારોએ પણ વસંત ઋતુઓ ઉપર ઘણાં જ ગીતોની રચના કરેલી છે.

## સરસ્વતી પૂજનનું અનેરું મહત્ત્વ

જ્ઞાનનાં અધિષ્ઠાત્રી મા સરસ્વતીનો જન્મ વસંતપંચમીના દિવસે થયો હોઈ આ દિવસે સરસ્વતી પૂજનનું અનેરું મહત્ત્વ છે. સરસ્વતી દેવી વાણી, શબ્દ, વિચાર, કલા, સાહિત્ય, સંસ્કૃતિ સર્જનનાં દેવી છે. જ્ઞાન અને સમજણનાં અધિષ્ઠાત્રી છે. આજના સમયમાં સૌથી વધુ જરૂર હોય તો જ્ઞાન અને સમજણની.

પ્રાચીનકાળમાં વસંતપંચમીનું પર્વ મદનોત્સવ અને વસંતોત્સવ તરીકે મનાવાતું હતું. આ દિવસે સ્ત્રીઓ પોતાના પતિની પૂજા કામદેવના રૂપમાં કરતી હતી. વસંતપંચમીના દિવસે જ કામદેવ અને રતિએ પહેલી વાર મનુષ્ય હૃદયમાં પ્રેમ તથા આકર્ષણનો સંચાર કર્યો હતો. ત્યારથી આ દિવસ મદનોત્સવ તરીકે મનાવાયો.

અન્ન તથા ધનધાન્યની પ્રાપ્તિ માટે ખેતી કરનાર તથા અન્ય કાર્ય કરનાર ગૃહસ્થોએ વસંતપંચમીના દિવસે નવા અન્નમાં ગોળ- ઘી મેળવીને અગ્નિ તથા પિતૃને તર્પણ કરવું. ત્યારપછી કેસરયુક્ત મીઠા ભાત ઘરે બનાવીને તેનું સેવન અવશ્ય કરવું. શાસ્ત્રોમાં વિધાન છે કે વસંતપંચમીએ વિષ્ણુપૂજનનું પણ મહત્ત્વ છે. કળશની સ્થાપના કરીને ગણેશ, સૂર્ય, વિષ્ણુ તથા મહાદેવની પૂજા પણ કરી શકાય. ત્યારપછી વીણાવાદિની મા સરસ્વતીની પૂજા અવશ્ય કરવી જોઈએ.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner

Motel For Sale : Coming up
16 Room – Near London
21 Room – in Muskoka Area
17 Room – Sault Ste Marie

78 Room Hotel Ramada by Wyndham – Near Kingston - $6.99 Million
Sold Conditional

54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, library, gift shop, party room, execellent seasonal business from the tour buses

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down Payment Are Ready to CLOSE the Deal ASAP

35 Room Motel - $3.5 Million
Hwy 11, Northern Ontario

11 Room Motel - $749,000
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, Easy One Man Operation
2 Hrs from North Bay


Need Working Partner to Run Motels
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

Motel Jobs Avaiable
Housekeeping and all general work,
Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# શોર્ટ ડ્રેસ સાથે કમ્ફર્ટ ફિલ કરાવતા ડિફરન્ટ સ્ટોકિંગ્સ




વિન્ટરમાં આપણે શોર્ટ ડ્રેસ પહેરી શકતા નથી, કારણ કે એમાં ઠંડી વધારે લાગે છે, પરંતુ ઠંડીથી બચવાની અલગ અલગ રીતો આપણે શોધી નાખતા હોઈએ છીએ. શાર્ટ ડ્રેસ સાથે પહેરી શકાય અને સિમ્પલ લુકની સાથે સાથે આકર્ષક લાગી શકાય એવા અલગ અલગ રંગના સ્ટોકિંગનો ઉપયોગ કરી શકીએ છીએ. સ્ટોકિંગ વુલનમાં પણ અવેલેબલ છે. તે અલગ અલગ રંગ અને ડિઝાઈનમાં સરળતાથી મળી રહે છે.

## વુલન સ્ટોકિંગ્સ

ઊનમાંથી બનેલ સ્ટોકિંગ્સ શિયાળા માટે બેસ્ટ છે. કોઈ હિલસ્ટેશન પર જવાનું પ્લાન કરી રહ્યાં હોવ અને ત્યાં સ્નો પડતો હોય તો વુલન સ્ટોકિંગ્સ જરૂર ટ્રાય કરો. વુલન સ્ટોકિંગ્સને સેમ ડ્રેસ કે અલગ કલર ડ્રેસ સાથે પણ પહેરી શકો છો. તે દેખાવમાં જેટલા સુંદર હોય છે એટલા જ પહેરવામાં કમ્ફર્ટ હોય છે. કેપ્રી કે શોર્ટ સાથે ટ્રાય કરી શકો.

## ડેનિમ સ્ટોકિંગ્સ

ડેનિમ સ્ટોકિંગ્સ જિન્સનો લુક આપે છે. શોર્ટ ડ્રેસ કે શોર્ટ ડેનિમ ડ્રેસ સાથે ડેનિમ સ્ટોકિંગ્સ ટ્રાય કરશો તો વધારે સ્ટાઈલિશ લુક આપશે. તે પહેરવામાં કમ્ફર્ટ હોવાની સાથે ઠંડીથી રક્ષણ આપવાનું કામ પણ કરે છે. કોઈ હિલસ્ટેશન પર ફરવા જવાનું પ્લાન કરી રહ્યાં હોવ તો ડેનિમ સ્ટોકિંગ્સને કેરી કરી શકો છો. એમાં પણ અલગ અલગ કલર અવેલેબલ છે. બીજું, ડેનિમ સ્ટોકિંગ્સને ડેટિંગ દરમિયાન અથવા તો પાર્ટીમાં પણ કેરી કરી શકો છો.

## નેટ સ્ટોકિંગ્સ

ગર્લિશ લુક માટે નેટવાળા સ્ટોકિંગ્સ પરફેક્ટ છે. નેટ સ્ટોકિંગ્સને કોઈ પણ શોર્ટ ડ્રેસ સાથે પહેરી શકાય છે. જો તમે શોર્ટ ડ્રેસ પહેરવામાં કમ્ફર્ટેબલ ન હોવ તો નેટ સ્ટોકિંગનો ઉપયોગ કરી શકો છો. નેટ સ્ટોકિંગ્સ અન્ય સ્ટોકિંગ્સની જેમ પહેરવામાં આરામદાયક હોય છે. સૌથી સારી વાત એ છે કે નેટ સ્ટોકિંગ્સમાં અનેક ડિઝાઈન અવેલેબલ છે, તેથી એમાં તમને વેરિયેશન મળી રહે છે.

## યુનિક લુક આપતા સ્ટોકિંગ્સ

યુનિક લુક આપતા સ્ટોકિંગ્સ અલગ અલગ કલરમાં જોવા મળે છે. આ પ્રકારના સ્ટોકિંગ્સના કલર અને ટેક્સચર બંને બહુ જ અલગ હોય છે. તમે કોલેજ ગોઈંગ કે ટીનેજર ગર્લ્સ છો તો આ પ્રકારના સ્ટોકિંગ્સનો બિનધાસ્ત રીતે ઉપયોગ કરી શકો છો, જે તમને સ્ટાઈલ આપવાની સાથે આકર્ષક લુક આપશે. પાર્ટીમાં પણ યુનિક લુક આપતા સ્ટોકિંગ્સ ટ્રાય કરી શકો છો. સ્ટોકિંગ્સનો ઉપયોગ ફક્ત વિન્ટરમાં જ કરી શકાય એવું નથી. વુલન સિવાય પણ કોટન, નેટ એમ અલગ અલગ મટીરિયલમાં સ્ટોકિંગ્સ અવેલેબલ છે. જે યુવતીઓએ પહેલાં ક્યારેય શોર્ટ ડ્રેસ ટ્રાય કર્યો નથી, તેમને શોર્ટ ડ્રેસ પહેરવામાં સંકોચ થાય છે તો સ્ટોકિંગ્સ સાથે પહેરી શકો, એનાથી કમ્ફર્ટેબલ ફિલ કરશો અને શોર્ટ ડ્રેસ પહેરવામાં જે સંકોચ અનુભવતા હશો તેને દૂર કરી શકશો.

# અપનાવો આ ઘરેલું ટીપ્સ




- શિયાળામાં કોલ્ડ ક્રીમના બદલે તેલ લગાડવાથી ત્વચા મુલાયમ રહે છે.
- ચકરીમાં મલાઈ નાખવાથી ચકરી મુલાયમ બને છે.
- ફરસી પૂરીમાં ડાલ્ડા તથા તેલનું મોણ નાખી બનાવવાથી ફરસી પૂરી ક્રિસ્પી બને છે.
- વાંરવાર મૂત્રત્યાગ કરવાની તકલીફમાંથી રાહત પામવા ત્રણ લીલા આંબળાનો રસ એક ગ્લાસ પાણીમાં ભેળવી સવાર-સાંજ પીવો.
- વાસી નૂડલ્સને સ્વચ્છ પાણીથી ધોઈ તેને ચારણામાં નાખી પાણી નીતારવું અને તેલ લગાડી સૂપ અથવા સ્પ્રિંગ રોલ બનાવવામાં ઉપયોગમાં લઈ શકાય છે.
- સંતરાની તેમજ લીંબુની સૂકી છાલની તાકીદે જરૂર પડે તો, આ છાલને માઈક્રોવેવ ઓવનમાં હાઈ સ્પીડ પર બે-ત્રણ મિનિટ મૂકવી.
- ઘરમાં કાંદા ન હોય અને ગ્રેવી બનાવવી હોય તો ખમણેલી કોબી નાખી દેવી.ગ્રેવી સ્વાદિષ્ટ બનશે.
- ચણાનો લોટ બગડી ગયો હોય તો તેને ફેંકી ન દેતાં તેનાથી ચીકણા વાસણો સાફ કરવા. ચીકાશ તરત જ શોષાઈ જશે અને વાસણ સાફ થઈ જશે.
- હળદર અને ચંદન ઘસીને ચહેરા પર લગાડવાથી ચહેરો ચમકીલો બને છે.
- કોલીફ્લાવરને છૂટું કરી તેને હુંફાળા પાણીમાં રાખવું અને તેમાં એક ચમચી મીઠું નાખવું. એ કલાક બાદ ધોવું તેમાં ઝીણી જીવાત હશે તો નીકળી જશે.
- લીલા મરચાંના ડિંટિયા તોડીને રાખવાથી લાંબા સમય સુધી તાજા રહે છે.
- બિસ્કિટના ડબ્બામાં બિસ્કિટ ગોઠવતી વખતે બિસ્કિટના દરેક થર વચ્ચે બ્લોટિંગ પેપર રાખવાથી બિસ્કિટ નરમ નહીં પડે.
- કારેલાંની કડવાશ દૂર કરવા કારેલા રાંધતી વખતે કાચી કેરીના બે-ચાર ટુકડા નાખવા.
- ભાત બરાબર રંધાયા ન હોય અને પાણી નાખી ફરી રાંધવાનો સમય ન હોય તો મૂંઝાશો નહીં. ભાતમાં થોડું દૂધ ઉમેરી વરાળ આપવાથી ભાત ખાવાલાયક થઈ જશે.

# વેસ્ટર્ન અને એથનિક આઉટફિટ સાથે ટ્રેન્ડી લુક આપતી ટેસલ એરિંગ્સ

આઉટફિટ અને લુકને એલિવેટ અથવા સ્ટાઈલ કરવા માટે યોગ્ય એક્સેસરીઝ કરવી બહુ જરૂરી હોય છે. તમે તમારા આઉટફિટને સેટલ અને સ્ટેટમેન્ટ લુક આપવા ઈચ્છો છો તો સુપર લાઈટ વેટ અને મોડર્ન ટેસલ એરિંગ્સ સ્ટાઈલ કરી શકો છો. ટેસલ એરિંગ્સ ઈન્ડિયન, વેસ્ટર્ન અને ઈન્ડો વેસ્ટર્ન બધા પ્રકારનાં આઉટફિટ્સ સાથે સૂટ થાય છે. ટેસલ એરિંગ્સના અમુક સ્ટાઈલિશ ઓપ્શન અંગે જાણીએ.



### રુબી એન્ડ ડાયમંડ ટેસલ એરિંગ્સ

સુંદર લુક આપતી રુબી ડાયમંડ ટેસલ એરિંગ્સ સેલિબ્રિટીઝ અને ફેશન ઈનફ્લુએન્સર્સમાં હોટ ફેવરિટ છે. માર્કેટમાં પણ પોપ્યુલર અને ડિમાન્ડિંગ છે. વ્હાઈટ ડાયમંડ બેઝની સાથે કલરફુલ ટેસલ ડિઝાઈન સ્ટાઈલિશ અને મોડર્ન લુક આપે છે. આ પ્રકારની એરિંગ્સને કોઈ પણ સ્પેશિયલ આઉટફિટ સાથે સ્ટાઈલ કરી શકો છો.

### રોયલ બ્લૂ ટેસલ એરિંગ્સ

લોન્ગ થ્રેડ ટેસલ એરિંગ્સ વેસ્ટર્ન, એથનિક અને ઈન્ડો વેસ્ટર્ન બધા પ્રકારનાં આઉટફિટ સાથે કેરી કરી શકાય છે. એમાં રોયલ બ્લૂ ટેસલ એરિંગ્સ બહુ સુંદર અને સ્ટાઈલિશ થ્રી ઈન વન પીસ છે, જેમાં થ્રેડ, પર્લ અને સ્ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તમે આ સુંદર ડિઝાઈનને કોઈ પણ મેચિંગ ડ્રેસ કે પેસ્ટલ કલરના ડ્રેસ સાથે કોન્ટ્રાસ્ટમાં પણ સ્ટાઈલ કરી શકો છો. રોયલ બ્લૂ થ્રેડ ઉપરાંત પણ એમાં રેડ, ગ્રીન, પિંક જેવા અલગ અલગ થ્રેડમાં આ પ્રકારની એરિંગ્સ મળી જશે.

### વ્હાઈટ પર્લ ટેસલ એરિંગ્સ

આ પ્રકારની વ્હાઈટ પર્લ જ્વેલરી સેટ્સને ઈન્ડિયન, વેસ્ટર્ન અને ઈન્ડોવેસ્ટર્ન એમ બધા પ્રકારનાં આઉટફિટ સાથે કેરી કરી શકાય છે. આ પ્રકારની પર્લ જ્વેલરી બધાં આઉટફિટની સુંદરતાને વધારીને લુકને એલિવેટ કરે છે. તમે ટેસલ એરિંગ્સ પસંદ કરો છો તો આ પ્રકારના પર્લ ટેસલ એરિંગ્સની એક પેર તમે તમારા કલેક્શનમાં સામેલ કરી શકો છો.

### ગોલ્ડ પ્લેટેડ ટેસલ એરિંગ્સ

વેસ્ટર્નથી લઈને એથનિક વેર બધાં આઉટફિટ સાથે ગોલ્ડ પ્લેટેડ જ્વેલરીને સ્ટાઈલ કરી શકાય છે. ગોલ્ડ પ્લેટેડ ટેસલ એરિંગ્સમાં ઓલ ઈન વન પ્રકારની એરિંગ્સ ડિઝાઈન સરળતાથી અવેલેબલ છે.

### ક્લાસિક સિલ્વર ટેસલ એરિંગ્સ

કોઈ પણ આઉટફિટમાં ચિક અને ગ્લેમરસ લુક મેળવવા માટે આ પ્રકારની સુપર સ્ટાઈલિશ અને ક્લાસિક સિલ્વર સ્ટોન ટેસલ એરિંગ્સ ટ્રાય કરી શકો છો. સિલ્વર ટેસલ એરિંગ્સ મેસી બર્નથી લઈને ઓપન હેર સ્ટાઈલ અને બધાં આઉટફિટ્સ સાથે સુંદર લાગે છે.

### મોડર્ન જેમ સ્ટોન્સ ટેસલ એરિંગ્સ

થ્રેડ, સ્ટોન અને પર્લ ટેસલ એરિંગ્સ ઉપરાંત મોડર્ન જેમ સ્ટોન્સ ટેસલ એરિંગ્સ પણ આજકાલ માર્કેટમાં પોપ્યુલર અને ટ્રેન્ડી છે. તમે સુપર લાઈટ વેટ અને મોડર્ન જ્વેલરી ડિઝાઈન્સ પસંદ કરો છો, તો આ ડિઝાઈન તમને ગમશે. આ પ્રકારની જ્વેલરી બધાં આઉટફિટ્સ સાથે સ્ટાઈલ કરીને લુકને એલિવેટ કરી શકો છો.

# સુરત નજીક મેઈન ટ્રેક ઉપર ટ્રેન ઉભી રાખીને પાયલોટ ઘર ભેગો થઈ ગયો

## અન્ય ટ્રેનોને મુખ્ય લાઈન પર ઊભી રખાતા મુસાફરોએ ત્યાં જ ઉતરવું પડ્યું

**સુરત**



બુધવારે સવારે કિમ રેલવે સ્ટેશન પર વલસાડ તરફ જતી માલગાડીના રેલવે પાયલોટની ફરજ પૂરી થતાં જ અપ લાઈનના પ્લેટફોર્મ પર ઉભા રહી ગયા હતા. તેથી, ગુજરાત એક્સપ્રેસ ટ્રેનના મુસાફરોએ પ્લેટફોર્મને બદલે મુખ્ય લાઈન પર ઉતરવાનું જોખમ લેવું પડયું હતું. આ સંદર્ભે, રેલ્વેના સત્તાવાર સૂત્રો કહે છે કે બુધવારે સવારે ૯.૩૦ વાગ્યે, સૌરાષ્ટ્રથી વલસાડ જતી માલગાડીના લોકો પાયલોટે તેમની ૧૧ કલાકની ડયૂટી પૂરી કરી હતી. પરંતુ, કિમ રેલવે સ્ટેશન પહોંચ્યા પછી, લોકો પાયલોટ માલગાડીને પ્લેટફોર્મ પર છોડીને ચાલ્યો ગયો હતો. જેથી માલગાડી બે કલાક સુધી કિમ સ્ટેશન પર ઉભી રહી ગઈ હતી. આ પરિસ્થિતિને કારણે અન્ય ટ્રેનોના મુસાફરો પાયલોટની રાહ જોતા રહ્યા હતા. બીજી તરફ, અમદાવાદથી મુંબઈ જતી ગુજરાત એક્સપ્રેસ ટ્રેનને કિમ સ્ટેશનના પ્લેટફોર્મને બદલે મુખ્ય લાઈન પર રોકવી પડી હતી. માલગાડીના સ્ટોપેજને કારણે મુસાફરોને પ્લેટફોર્મ વિના મુખ્ય લાઈન પર ઉતરવાની ફરજ પડી હતી. બે કલાક પછી અંકલેશ્વરથી બીજો લોકો પાયલોટ આવતા ગુડ્ઝ આગળ લઈ જવાઈ હતી.

# આણંદ - ચરોતર બેંકના ભાગેડુ ડિરેક્ટર વીરેન્દ્ર પટેલની ધરપકડ

### બેંકને 77 કરોડથી વધુ રૂપિયાનો ચુનો ચોંપડ્યો હતો

**આણંદ**

આણંદ ચરોતર નાગરિક સહકારી બેંકના ડાયરેક્ટર વીરેન્દ્ર મણીભાઈ પટેલ જે ગુજરાત પોલીસના ચોપડે વોન્ટેડ હતો. 2002માં તેની સામે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

નકલી ડોક્યુમેન્ટ અને ક્રિમિનલ કોન્સ્પિરસી મામલે આ ગુનો વીરેન્દ્ર પટેલ સામે નોંધવામાં આવ્યો, જે પછી તેની નાસ્તો ફરતો હતો જેને પગલે સીબીઆઈએ 3 માર્ચ 2004 ના રોજ રેડ કોર્નર નોટિસ ઈશ્યૂ કરી હતી, વીરેન્દ્ર મણીભાઈ પટેલ જ્યારે યુએસએથી અમદાવાદ એરપોર્ટ આવ્યો ત્યારે જ એની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ આરોપી સામે 77 કરોડનો ચુનો ચોંપડવા બદલ ગુનો નોંધાયો હતો. એટલું જ નહીં 2021થી અત્યાર સુધીમાં આવા 100થી વધુ વોન્ટેડ આરોપીઓને ભારત પરત આવવા માટે મજબૂર કરવામાં સફળતા મેળવી છે. આ માટે સીબીઆઈએ ઈન્ટરપોલની પણ મદદ લીધી છે.

## ગુજરાતના હાઈકોર્ટના ચીફ જસ્ટિસના બે મોબાઈલ ચોરાયા

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ 26મી જાન્યુઆરીએ દેહરાદૂનના માલસીમાં ન્યુ મસૂરી રોડ પર ફૂટહિલ ગાર્ડનમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા હતા. લગ્ન સ્થળે સાંજે 4.45થી 5.15 વાગ્યાની વચ્ચે તેમના બે આઈફોન ચોરાઈ ગયા હતા. રાજપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીડી ભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના રજિસ્ટ્રાર જનરલ મૂળચંદ ત્યાગીએ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે અજાણ્યા આરોપીઓ સામે ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જાન્યુઆરીમાં ગુજરાતમાં 11 ભૂકંપ નોંધાયા

રાજકોટઃ કચ્છ,સૌરાષ્ટ્ર સહિત ગુજરાતને હચમચાવી નાંખનાર કચ્છના મહાભયાનક ભૂકંપને હજુ ત્રણ દિવસ પહેલા જ ૨૪ વર્ષ પૂરા થયા છે ત્યારે બુધવારે ભચાઉથી ૧૯ કિ.મી. ઉત્તરે પરોઢીયે ૩.૦ની તીવ્રતાના ભૂકંપથી ધરતી ધ્રુજી ઉઠી હતી. જાન્યુઆરીમાં ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રની ધરતીના પેટાળમાં હીલચાલ વધી છે અને ૨.૫થી વધુ તીવ્રતાના ૧૧ ભૂકંપો આ માસમાં નોંધાયા છે. ઈ.૨૦૦૧નો ભૂકંપ ભચાઉ તાલુકાના ચોબારી ગામથી ૯ કિ.મી. દક્ષિણે ધરતીમાં ૧૭.૬ કિ.મી. ઉંડાઈએ ઉદ્ભવ્યો હતો, આજનો આંચકો ભચાઉ તાલુકામાં ૧૯ કિ.મી. ઉત્તર,પૂર્વમાં ૧૭.૮ કિ.મી. ઉંડાઈએ ઉદભવ્યો હતો.

### અમદાવાદમાં શિક્ષક દ્વારા વિધાર્થિની સાથે દુષ્કર્મ

ખોખરા વિસ્તારમાં આવેલી પ્રોગ્રેસીવ એજ્યુકેશન સ્કૂલના જિગ્નેશ ગોહિલ નામના શિક્ષકે વિધાર્થિની પર દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. આ ઉપરાંત દુષ્કર્મ આચરીને વિધાર્થિની અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. જો કે, આ સમગ્ર મામલે વિધાર્થિનીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જો કે, હાલ ખોખરા પોલીસે આરોપી જિગ્નેશ ગોહિલની ધરપકડ કરીને વધુ તપાસ હાથધરી છે.

### પ્રયાગરાજ કરતાં લંડન જવાનું એરફેર ઓછું

અમદાવાદ : ફેબ્રુઆરી માસના બીજા સપ્તાહમાં અમદાવાદથી 9 કલાક 40 મિનિટનો સમય લઈને લંડન પહોંચાડતી ફ્લાઇટનું એરફેર રૂપિયા 30,623 છે. જેની સરખામણીએ આ જ સમયગાળામાં અમદાવાદથી 1.50 કલાકનો સમય લઈને પ્રયાગરાજ પહોંચાડતી ફલાઇટનું ભાડું 34,340 રૂપિયા છે. આ ઉપરાંત અમદાવાદ-દુબઈનું વન-વે એરફેર અમદાવાદ-દુબઈ કરતાં 3 ગણું ઓછું છે. અમદાવાદ-દુબઈનું ઓછામાં ઓછું વન-વે એરફેર 12500 રૂપિયા છે. અમદાવાદથી અયોધ્યાનું વન-વે એરફેર પણ હાલ વધીને 34 હજાર રૂપિયા થઈ ગયું છે.

### ટેબ્લોએ ‘પોપ્યુલર ચોઈસ’માં પહેલું સ્થાન મેળવ્યું




અમદાવાદઃ 76માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો “આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ”ને પોપ્યુલર ચોઇસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે. ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઇસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે.

# 198 વર્ષ પૂર્વે નિસ્તેજ થઈ ગયેલા માનવ જીવનમાં પ્રાણ ફુંકનાર ગ્રંથ એટલે શિક્ષા પત્રી

## 212 શ્લોકોમાં આચાર્ય, સંતો, સાંખ્યયોગી બાઈઓ, સર્વે હરિભકતો તથા બ્રહ્મચારીઓને નીતિ નિયમો પાળવાની આજ્ઞા કરાઈ છે

(૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંવત ૧૮૮૨ના રોજ વસંતપંચમીના શુભદિને સર્વજીવોના હિતાર્થે વડતાલ મંદિરના સભામંડપમાં સ્વહસ્તે શિક્ષાપત્રી લખી હતી. શ્રી સ્વામિનારાયણ ભગવાન સમક્ષ માત્ર એક અર્જુન જ ન હતા, પરંતુ સારોય માનવ સમાજ હતો, દરિદ્ર વર્ણ હતો, દરેક આશ્રમ હતો અને સ્ત્રી પુરુષ હતા. આચાર્ય હતા, સાધુ હતા, બ્રહ્મચારી હતાં.

આજથી આશરે ૧૯૮ વર્ષ પહેલાં જે કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ, વ્યસન વગેરે સામેના રણસંગ્રામમાં નિસ્તેજ થઈ ગયેલા અસંખ્ય માનવીઓના જીવનમાં પ્રાણ ફૂંકવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને જે ૨૧૨ શ્લોકમાં માર્ગદર્શન આપવા જે માર્ગદિર્શકા આપી તેનું નામ શિક્ષાપત્રી..

ભગવાન સ્વામિનારાયણ દ્વારા વિક્રમ સંવત ૧૮૮૨માં મહા સુદ વસંત પંચમીના પાવન દિવસે લખાયેલી શિક્ષાપત્રીએ સર્વ શાસ્ત્રોનો દોહન રૂપ સાર માનવામાં આવે છે. આ વખતે વસંતપંચમી- ૧૯૮મી શિક્ષા પત્રી પ્રાગટ્ય જયંતી છે. 6 ઋતુઓમાં વસંતને ‘ઋતુરાજની ઉપમા આપવામાં આવી છે. ઋતુરાજ વસંતના પ્રેમાળ સ્પર્શથી નિસર્ગ ખીલી ઊઠે છે. શિક્ષાપત્રી એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી. સ્વામિનારાયણ સંપ્રદાયના અજોડ ગ્રંથસમાન અને સર્વજીવોના હિતાર્થે શ્રી હરિએ ૨૧૨ શ્લોકોમાં આચાર્ય, સંતો, સાંખ્યયોગી બાઈઓ, સર્વે હરિભકતો તથા બ્રહ્મચારીઓને આજ્ઞાઓ પાળવાની કરી છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાથી જીવ સર્વ રીતે સુખિયો થાય છે. શિક્ષાપત્રી ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણીરૂપ શબ્દ મૂર્તિ છે. શ્રુતિ જેમ જગત જનની કહેવાય છે, તેમ આ શિક્ષાપત્રી ગ્રંથ પણ સર્વ જીવપ્રાણીમાત્રની માતા છે. અને વળી ભગવાને પોતે જ શ્લોક ૨૦૮-૨૦૯માં લખ્યું છે કે “ અમારા આશ્રિત સત્સંગીઓ હોય તેમણે, આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો, અને જેને ભણતાં આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય, ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી, અને આ




જે અમારી વાણી છે એ અમારૂં જ સ્વરૂપ છે, એમ જાણીને પરમ આદર થકી આ શિક્ષાપત્રી પૂજવી.” ભલે શિક્ષા પત્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો ધાર્મિક ગ્રંથ રહ્યો, પરંતુ કોઈપણ ધર્મમાં માનતા સૌ કોઈ માટે આ ગ્રંથ સફળ જીવન જીવવાની માર્ગદર્શિકા છે. યોગ કરવાથી શરીરના તમામ અંગોને ફાયદો થાય છે તેમ શિક્ષા પત્રીના નિયમો, સિદ્ધાંતોનું પાલન કોઈ સંસારી, ગૃહસ્થ, વેપારી કે સંસારની વ્યવસ્થામાં જોડાયેલી વ્યક્તિ કરે તો તેના જીવનમાં કોઈ મુશ્કેલી કે સમસ્યા આવતી નથી.

શ્રીજી મહારાજ કહે છે કે”તું તારા જીવનનો પાયો એવો મજબૂત કર તો દુનિયા આપોઆપ પરિવર્તન પામી જશે. ગુજરાતના સાક્ષર ત્રિભુવન વ્યાસના શબ્દોમાં કહીએ તો “શિક્ષાપત્રી સર્વ સત્શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણ”ની સીડી છે. તેનો ઉપલો છેડો આધ્યાત્મિક શ્રેયની સર્વોચ્ચ ભૂમિકાને લાગેલો છે, ત્યારે નીચલો છેડો છેક સામાન્ય લોકજીવનની ભૂમિકા ઉપર ઠેરવેલો છે. વ્યભિચાર, જુગાર, વ્યસન મુક્તિ માટે પણ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરાઈ છે. આ સાથે જ સ્ત્રીઓએ પુરુષ સાથે કેવી રીતે વર્તવું અને પુરુષો-સંતો, નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, ગૃહસ્થ માટેના સ્ત્રી સાથેના વ્યવહાર અંગે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ સૂચનો છે. એટલે જ, ન્હાનાલાલ કવિએ પણ કહ્યું છે કે, ‘શ્રીજીમહારાજનાં જે મંદિરો છે તે આંતર અને બાહ્ય બંને શુદ્ધિનાં મંદિરો છે. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે માંસાહાર અને હિંસકવૃત્તિ સામે લાલબત્તી ધરી છે. શ્રીજીમહારાજે તો પોતે પંચદેવતાઓને પણ માન્ય કર્યા છે અને શિખરબદ્ધ મંદિરોમાં એમને પધરાવ્યા પણ છે. આમ, દરેક ધર્મ-સંપ્રદાયની સહિષ્ણુતા-ભાવના પોતે વધારી છે. દૈનિક જીવનની શુદ્ધિનું મહત્વ પણ તેમાં દર્શાવાયું છે. શિક્ષાપત્રીમાં સુચવાયેલા ઉપાય પ્રમાણે જો સમાજ અનુસરે તો માનસિક અસંતોષ માનવીના જીવનમાં રહેતો નથી, એ પોતે પોતાના જીવનમાં સુખી પણ બને છે. આ સાથે જ સમાજમાં વ્યાવહારિક, આર્થિક અને આંતરિક અનેક પ્રશ્નોનું સુંદર સમાધાન પણ મેળવી શકે છે.

- ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક. (સંગીતકાર).

# જંગલની આગથી $ 1.23 બિલિયનથી વધુના નુકસાનનો અંદાજો

## 2016ના ફોર્ટ મેકમુરે જંગલની આગ પછી કેનેડિયન ઇતિહાસમાં બીજી સૌથી મોંઘી ઘટના : જાસ્પરનું એક તૃતીયાંશ માળખું નષ્ટ થઈ ગયું

**ટોરોન્ટો**

જાસ્પર જંગલની આગથી થયેલા નુકસાનનો અંદાજ હવે $ 1.23 બિલિયન છે અને તે વધી શકે છે તેમ વીમા ઉદ્યોગનું માનવું છે. વીમા ઉદ્યોગના અધિકારીઓ કહે છે કે, રોકી માઉન્ટેન શહેર જાસ્પરમાં જંગલની આગના નુકસાનનો અંદાજ વધી ગયો છે. બ્યુરો કહે છે કે, જાસ્પર જંગલની આગમાં શહેરનું એક તૃતીયાંશ માળખું નષ્ટ થઈ ગયું હતુ. 2016ના ફોર્ટ મેકમુરે જંગલની આગ પછી કેનેડિયન ઈતિહાસમાં બીજી સૌથી મોંઘી આગની ઘટના છે, જેમાં $ 6.2 બિલિયનનું નુકસાન થયું હતું. પ્રાંતમાં તેના અનોખા ભૂગોળને કારણે અમે જાસ્પરમાં ખર્ચમાં વધારો થતો જોયો છે. જો આ ઘટના એડમોન્ટન, કેલગરી અથવા તે સમુદાયોની નજીક ક્યાંક બને તો અમારે સામગ્રીને તમારા કરતા વધુ દૂર ખસેડવી પડશે. તે જ રીતે, 358 નાશ પામેલા માળખામાંથી દરેક કાટમાળનું એસ્બેસ્ટોસ સહિત ઝેરી પદાર્થો માટે



પરીક્ષણ કરવાની જરૂર છે એમ સધરલેન્ડે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, તેનાથી ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. પરીક્ષણ પછી મોટાભાગના કાટમાળને ટ્રકોમાં ભરવામાં આવે છે અને જેસ્પરથી 75 કિલોમીટર પૂર્વમાં વેસ્ટ યલોહેડ રિજનલ લેન્ડફિલ ખાતે, હિન્ટન, અલ્ટા શહેરની બહાર, નીચે ઉતારવામાં આવે છે. પરંતુ સધરલેન્ડે ઉમેર્યું હતું કે કેટલીક સામગ્રીને 365 કિલોમીટર પૂર્વમાં એડમોન્ટન સુધી દૂર લઈ જવી પડે છે. જેથી વીમા ખર્ચમાં વધારો ચાલુ રહી શકે છે, ખાસ કરીને જો પુનર્નિર્માણમાં વિલંબ થાય છે.

જાસ્પર મ્યુનિસિપાલિટી કહે છે કે કાટમાળ દૂર કરવાનું કામ વસંતના મધ્ય સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. પાર્ક્સ કેનેડા દ્વારા જમીન પીગળી જાય અને બિલ્ડિંગ પરમિટ મંજૂર થઈ જાય પછી પુનર્નિર્માણ શરૂ થઈ શકે છે. જાસ્પર રિકવરી કોઓર્ડિનેશન સેન્ટર (JRCC), જે મ્યુનિસિપાલિટી અને પાર્ક્સ કેનેડાના પ્રતિનિધિઓથી બનેલું છે, તેને પુનઃનિર્માણને ટ્રેક પર રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે. તે કહે છે કે શ્રમ પૂલને પૂરક બનાવવા માટે દેશભરના કોન્ટ્રાક્ટરોને લાવી શકાય છે.

# મિસીસાગા તેમજ ઓન્ટેરિયો હવે 2026માં મહિલા કર્લિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરશે

**મિસીસાગા**

કેનેડિયન મહિલા કર્લિંગ ચેમ્પિયનશિપના મૂળ છ દાયકા પહેલા નંખાયા હતા, જ્યારે બે ટીમોએ ટોરોન્ટોની પૂર્વમાં એક ક્લબમાં ઈન્વિટેશનલ બેસ્ટ ઓફ થ્રી શોડાઉન રમત રમી હતી. હવે દરેક પ્રાંત અને પ્રદેશમાંથી પ્રતિનિધિત્વ ધરાવતી 18 ટીમની સ્પર્ધા, સ્કોટીઝ ટુર્નામેન્ટ ઓફ હાર્ટ્સ આખરે આવતા વર્ષે ગ્રેટર ટોરોન્ટો એરિયામાં પ્રવેશ કરશે.

કર્લિંગ કેનેડાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નોલાન થિસેને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 2026 રાષ્ટ્રીય પ્લેડાઉન 23 જાન્યુઆરીથી શરૂ થતા મિસિસાગા, ઓન્ટેરિયોમાં પેરામાઉન્ટ ફાઈન ફૂડ્સ સેન્ટરસ્પોર્ટ્સ પ્લેક્સ ખાતે યોજાશે. કેનેડિયન મહિલા કર્લિંગ ચેમ્પિયનશિપ હંમેશા કેનેડિયન રમતગમત કેલેન્ડરનો મુખ્ય ભાગ રહી છે, અને મિસિસાગા તથા GTA આ પ્રસંગે જે ઊર્જા અને ઉત્સાહ લાવશે તે જોવા માટે અમે ઉત્સુક છીએ. ૧૯૬૦માં સાસ્કાટૂનની જોયસ મેક્કીએ ઓશાવા કર્લિંગ રિંક ખાતે ક્વિન્ટનના લેકોલેથી રૂથ સ્મિથની પૂર્વીય કેનેડા ટીમ પર ૨-૦થી (૧૧-૩, ૮-૫) વિજય મેળવ્યો હતો. એક વર્ષ પછી ઓટાવામાં પ્રથમ સત્તાવાર કેનેડિયન મહિલા કર્લિંગ ચેમ્પિયનશિપમાં મેક્કી ફરીથી વિજેતા બની હતી. તે સમયે પુરુષોના બ્રાયરની જેમ, ૧૦ પ્રાંતોના ચેમ્પિયનોએ રાષ્ટ્રીય ખિતાબ માટે રાઉન્ડ-રોબિન રમી હતી. પ્રથમ બ્રાયર ૧૯૨૭માં ટોરોન્ટોના ગ્રેનાઈટ ક્લબ ખાતે રમાયું હતું. ઓન્ટારિયોની રાજધાનીએ ઈવેન્ટની પ્રથમ ૧૩ આવૃત્તિઓનું આયોજન કર્યું હતું. પરંતુ ૧૯૪૧ની ટુર્નામેન્ટ પછી તે ફરી ક્યારેય થયું નથી. યજમાન સમિતિના સહ-અધ્યક્ષ સીન હોલમેને જણાવ્યું હતું કે, ટોરોન્ટો કર્લિંગ એસોસિએશન અને વિઝિટ મિસિસાગા માર્કેટિંગ સંગઠને લગભગ ત્રણ વર્ષ પહેલાં ૨૦૨૬ સ્કોટીઝ માટે બિડ યોજનાઓ એકસાથે મૂકવાનું શરૂ કર્યું હતું.

# કેનેડાએ પેસિફિક ક્રેસ્ટ ટ્રેઇલ ઉપર બીસી- US વચ્ચેની સરહદ બંધ કરી

**ઓન્ટેરિયો**

કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી પેસિફિક ક્રેસ્ટ ટ્રેઈલ સાથે દેશમાં પ્રવેશ બંધ કરી રહી છે. 4,265 કિલોમીટરનો આ રસ્તો મેક્સિકોથી કેનેડા સુધી એટલે કે, કેલિફોર્નિયા, ઓરેગોન અને વોશિંગ્ટન રાજ્ય થઈને ફેલાયેલો છે. આ રસ્તો મોટાભાગનો ભાગ યુ.એસ.માં છે. પરંતુ 13 કિલોમીટરનો એક નાનો વિસ્તાર દક્ષિણ બી.સી.માં હોપના દક્ષિણ-પૂર્વમાં ઈ.સી. મેનિંગ પાર્કની અંદર કેનેડામાં ફેલાયેલો છે. અગાઉ હાઈકર્સ પરમિટ માટે અગાઉથી અરજી કરી શકતા હતા. જે તેમને ટ્રેઈલ ઉપર સરહદ પાર કરવા દેતા હતા, પરંતુ CBSAએ સોમવારે જણાવ્યું હતું કે, નિયમો બદલાઈ ગયા છે. પરમિટ વિના યુ.એસ.થી આવતા હાઈકર્સ, જે ટ્રેઈલનો કેનેડિયન ભાગ પૂર્ણ કરવા માંગે છે. તેમણે હવેથી પહેલા નિયુક્ત પ્રવેશ બંદર દ્વારા કેનેડામાં પ્રવેશ કરવો પડશે. આ ફેરફાર તેને યુ.એસ. કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન સાથે સંરેખિત કરે છે, જે ટ્રેઈલ ઉપર કેનેડાથી યુ.એસ.માં પ્રવેશવાની મંજૂરી આપતું નથી. ટ્રેઈલના 13-કિલોમીટરના કેનેડિયન સેક્શન પૂર્ણ કરનારા હાઈકર્સ માટે ટર્મિનસ મેનિંગ પાર્ક રિસોર્ટ ખાતે છે, જ્યાં જનરલ મેનેજર વર્ન શ્રામના જણાવ્યા મુજબ, ઘણા લોકોને સ્વચ્છ કપડાં અને પુરવઠા સાથે અગાઉથી પેકેજો પહોંચાડવામાં આવશે. શ્રામએ જણાવ્યું હતું કે હાઈકર્સ ઘણીવાર રિસોર્ટમાં પુનઃપ્રાપ્તિના એક કે બે દિવસ માટે અથવા ઓછામાં ઓછા રેસ્ટોરન્ટમાં ભોજન માટે રોકાશે.

# મારખમના સ્ટોરમાં થયેલી લૂંટ બાદ ત્રણ કિશોર સહિત પાંચની ધરપકડ

## ચોરાયેલું વાહન જપ્ત કરવામાં આવ્યું, શંકાસ્પદ ઇસમ હજી પોલીસ પહોંચથી દૂર

**મારખમ**

ગયા સપ્તાહના અંતે માર્ખામમાં થયેલી નિષ્ફળ જ્વેલરી સ્ટોર લૂંટના સંદર્ભમાં ત્રણ કિશોર સહિત પાંચ લોકો આરોપોનો સામનો કરી રહ્યા છે. તપાસકર્તાઓએ એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, આ ઘટના શનિવારે સાંજે 5:30 વાગ્યે ડેનિસન સ્ટ્રીટ અને કેનેડી રોડ વિસ્તારમાં બની હતી. તે દિવસે આ વિસ્તારમાં બે શંકાસ્પદ વાહનો જોવા મળ્યા હતા. જેમાં એક ચોકીદાર તરીકે કામ કરી રહ્યો હતો, જ્યારે બીજાએ ચાર લોકોને સ્ટોરની નજીક છોડી દીધા હતા. કોન્સ્ટેન્ટ જેમ્સ ડિકસને મીડિયાને એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, પાર્કિંગમાં સ્કી માસ્ક પહેરેલા, સ્લેજહેમર અને કચરાપેટીઓ લઈને ફરતા ઘણા લોકો જોવા મળ્યા હતા. જો કે, દુકાન દિવસ માટે બંધ હોવાથી તેઓ બિલ્ડિંગની અંદર પ્રવેશી શક્યા ન હતા. હેલિકોપ્ટર સર્વેલન્સ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે જે અધિકારીઓ ત્યાં હતા તેઓ વાહનોમાં બોક્સિંગ કરતા હતા અને બાદમાં ભાગવાનો પ્રયાસ કરી રહેલા આરોપીઓનો પીછો કર્યો હતો.

# બેંક ઓફ કેનેડાના વ્યાજ દરમાં ઘટાડો, યુ.એસની સંભવિત ટેરિફ અસરને સરભર કરવા પ્રયાસ

**ઓન્ટેરિયો**

કેનેડાની સેન્ટ્રલ બેંકે બુધવારે તેના વ્યાજ દરમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ત્રણ ટકા કર્યો હતો. કારણ કે, બેંક ઓફ કેનેડાના ગવર્નરે ચેતવણી આપી હતી કે, કેનેડિયન આયાત પર લાદવામાં આવેલા યુ.એસ. ટેરિફના આર્થિક પ્રભાવને નકારી કાઢવા માટે તેઓ બહુ ઓછું કરી શકે છે.

બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે પત્રકારોને જણાવ્યું કે, નાણાકીય નીતિ લાંબા વેપાર સંઘર્ષના આર્થિક પરિણામોને સરભર કરી શકતી નથી. વાસ્તવિકતા એ છે કે, અર્થતંત્ર ઓછી કાર્યક્ષમ રીતે કામ




કરશે. કેનેડા ઓછું ઉત્પાદન કરશે. તે ઓછું કમાશે. નાણાકીય નીતિ તેને બદલી શકશે નહીં. યુ.એસ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ કેનેડિયન આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની ધમકી આપી છે, જે પગલું 1 ફેબ્રુઆરીથી લાગુ થઈ શકે છે. જ્યારે આર્થિક નીતિઓ લાંબા સમય સુધી ચાલતા વેપાર યુદ્ધના પરિણામોથી સંપૂર્ણ બફર આપી શકતી નથી, આશા છે કે અર્થતંત્રને સમાયોજિત કરવામાં મદદ કરી શકે છે.

ફુગાવો બે ટકાના લક્ષ્યની આસપાસ હોવાથી, આપણે આર્થિક સ્થિરતાનો સ્ત્રોત બનવા માટે વધુ સારી સ્થિતિમાં છીએ. તેમણે નોંધ્યું કે નવા ટેરિફ વિશે હજુ પણ ઘણી અનિશ્ચિતતા છે, જેમાં તે કેટલો સમય ચાલશે, તેમનો અવકાશ અથવા બદલાના પગલાંનો સમાવેશ થાય છે. જૂન પછી દરમાં ઘટાડો સતત છઠ્ઠો ઘટાડો દર્શાવે છે, પરંતુ સેન્ટ્રલ બેંકના અગાઉના બે મોટા કાપથી મંદી છે.

# નિજ્જરની હત્યાના કેસમાં ભારત વિરુદ્ધ કોઇ પુરાવા નથી : રિપોર્ટ

## કેનેડાના રિપોર્ટમાં જ ટ્રુડોની પોલ ખુલી : નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ હતો

ટોરન્ટો : કેનેડાના એક અહેવાલમાં તેના વડાપ્રધાનના દાવા પર પ્રશ્નો ઊભા થયા છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા ભારત સાથે જોડાયેલી હતી. જેમાં કહેવામાં આવ્યું છે કે આ હત્યાનો અન્ય કોઈ દેશ સાથે કોઈ નક્કર સંબંધ નથી. મંગળવારે પણ ભારતે કેનેડામાં ચૂંટણીમાં દખલગીરીના દાવાઓને નકારી કાઢ્યા હતા.

કેનેડિયન કમિશનના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો અન્ય કોઈ દેશ સાથે કોઈ નક્કર સંબંધ હોવાનું સાબિત થયું નથી. આ અહેવાલમાં કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો દ્વારા લગાવવામાં આવેલા આરોપોને બાજુ પર રાખવામાં આવ્યા છે જેમાં તેમણે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. સપ્ટેમ્બર 2023માં જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે, 'કેનેડા પાસે વિશ્વસનીય પુરાવા છે કે જૂન 2023માં બ્રિટિશ કોલંબિયામાં નિજ્જરની હત્યામાં ભારતીય સરકારી એજન્ટો સામેલ હતા.' જો કે, ફેડરલ ઈલેક્ટોરલ પ્રોસેસીસ એન્ડ ડેમોક્રેટિક ઈન્સ્ટિટ્યુશન્સ નામનો આ રિપોર્ટ મંગળવારે બહાર પાડવામાં આવ્યો હતો. કમિશનર મેરી-જોસી હોગે અહેવાલમાં જણાવ્યું હતું કે, 'દેશના હિતોની વિરુદ્ધ નિર્ણયો લેનારાઓને સજા કરવા માટે ખોટી માહિતીનો ઉપયોગ બદલો લેવાની યુક્તિ તરીકે કરવામાં આવે છે.'

આ 123 પાનાના અહેવાલમાં છ ભારતીય રાજદ્વારીઓને હાંકી કાઢવાનો પણ ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'ઓક્ટોબર 2024માં, કેનેડાએ છ ભારતીય રાજદ્વારીઓ અને કોન્સ્યુલર અધિકારીઓને હાંકી કાઢ્યા હતા.' ભારતે છ કેનેડિયન રાજદ્વારીઓને પણ હાંકી કાઢ્યા અને તેના હાઈ કમિશનરને પાછા બોલાવવાની જાહેરાત કરી હતી.

# આસામમાં પડોશીના બાળકોની સામે મહિલા પર બળાત્કાર, એસિડ નાંખી સળગાવી દીધી

## બાળકીના પરિજનોએ આરોપીને પકડી પોલીસને સોંપ્યો, કડક સજાની માંગ કરી

**સિલચર**

આસામના સિલચર જિલ્લાના કચર વિસ્તારમાં એક મહિલા પર બર્બરતાનો મામલો સામે આવ્યો છે. એક 28 વર્ષીય યુવાને પાડોશમાં રહેતી મહિલાના ઘરમાં ઘૂસીને પહેલા બે બાળકોની સામે 30 વર્ષીય મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું. પછી તેના પર એસિડ રેડીને મહિલાને સળગાવી દીધી હતી. પોલીસના જણાવ્યાનુસાર, આ ઘટના 22મી જાન્યુઆરીના રોજ બની હતી અને આરોપીની શોધ ચાલી રહી છે. આરોપી વ્યવસાયે ડ્રાઈવર હોવાનું કહેવાય છે. મહિલાને સારવાર માટે સિલચર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં (SMCH) દાખલ કરવામાં આવી છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

અહેવાલો અનુસાર, મહિલાનો મોટો દીકરો 6 વર્ષનો છે, જેણે તેની માતા સાથે કરવામાં આવેલી ક્રૂરતાનો ઘટસ્ફોટ કર્યો હતો. પોલીસના જણાવ્યાનુસાર, આ કેસ 23મી જાન્યુઆરીએ નોંધવામાં આવ્યો હતો. ઘટના સમયે પીડિતાનો પતિ ઘરે નહોતો. મહિલાના પતિના જણાવ્યા મુજબ, આરોપી તેના ઘરમાં ઘૂસી ગયો અને બે બાળકોની સામે દુષ્કર્મ આચર્યું હતું. આ પછી, આરોપીએ પત્ની પર એસિડ રેડ્યું અને તેને સળગાવી દીધી. બાળકો હજુ પણ ડરેલા છે. આરોપીની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. 21મી જાન્યુઆરીની સાંજે તે પોતાના ઘરની બહાર ગયો હતો. તેમની ગેરહાજરીનો લાભ લઈને આરોપી ઘરમાં ઘૂસી ગયો હતો.

# રૂ. 16,000 કરોડના મિશનને મોદી કેબિનેટની મંજૂરી, ખનીજને મહત્ત્વ

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારના મંત્રીમંડળે સામાન્ય બજેટ પહેલા ખેડૂતો માટે મોટી જાહેરાત કરીને રાહત આપી છે. મોદી કેબિનેટે આજે 2 મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી ખેડૂતોને પણ ફાયદો થશે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્ર સહિત અન્ય ઘણા ક્ષેત્રોને પણ ફાયદો થશે. આ સિવાય મંત્રીમંડળે 16,300 કરોડના મહત્વપૂર્ણ ખનીજ મિશનને પણ મંજૂરી આપી છે. આનાથી દેશ ખનિજોના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે.

મોદી સરકારે દેશની અંદર અને દરિયા કિનારાના વિસ્તારોમાં મહત્વપૂર્ણ ખનિજોના સંશોધનને પ્રોત્સાહન આપવા માટે 16,300 કરોડ રૂપિયાના રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશનને મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રીય મંત્રીમંડળે આ મંજૂરી આપી છે.

પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ મિશનનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ ખનિજોની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો અને આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવાનો છે. NCMM મૂલ્ય શૃંખલાના તમામ તબક્કાઓને આવરી લેશે જેમાં સંશોધન, ખાણકામ, લાભ, પ્રક્રિયા અને અંતિમ જીવનકાળના ઉત્પાદનોમાંથી ખનિજોની પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે.

# રાજનીતિ કરવી હોય તો ચૂંટણી લડો કેજરીવાલનો કમિશનરને પડકાર

**નવી દિલ્હી**

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ચૂંટણી પંચ રાજનીતિ કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર નિવૃત્તિ પછી નોકરી શોધી રહ્યા છે, તેથી તેઓ રાજનીતિ કરી રહ્યા છે. એક પ્રેસ કોન્ફરન્સમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, જો મુખ્ય ચૂંટણી કમિશનર રાજનીતિ કરવા માંગતા હોય તો તેમણે દિલ્હીની કોઈપણ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવી જોઈએ. મને નથી લાગતું કે ચૂંટણી પંચ ક્યારેય આટલું બર્બાદ થયું હશે. મને ખબર છે કે તે મને બે દિવસમાં જેલમાં ધકેલી દેશે. મને ડર નથી. દેશે આવી ચૂંટણીઓ પહેલાં ક્યારેય જોઈ નથી. દિલ્હી ચૂંટણી પહેલા યમુનામાં ઝેર અંગેના નિવેદનને કારણે અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ચૂંટણી પંચે આ મુદ્દેAAP વડા કેજરીવાલને ૫ પ્રશ્નો પૂછ્યા છે અને તેમને આવતીકાલે સવારે ૧૧ વાગ્યા સુધીમાં તેના જવાબ આપવા કહ્યું છે.

# ભાજપ રૂ. 7113 કરોડ સાથે સૌથી ધનિક પાર્ટી, કોંગ્રેસ પાસે માત્ર રૂપિયા 857 કરોડ

## ચૂંટણી પંચે રાજકીય પક્ષોને દાનના 2023-2024ના આંકડા જાહેર કરવામાં આવ્યા

**નવી દિલ્હી**

ભાજપ વિશ્વમાં સૌથી મોટો રાજકીય પક્ષ હોવાનો દાવો કરે છે દેશમાં રૂ. ૭,૧૧૩.૮૦ કરોડના ભંડોળ સાથે સૌથી ધનિક પક્ષ પણ છે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ પાસે માત્ર રૂ. ૮૫૭.૧૫ કરોડનું ભંડોળ છે તેમ ચૂંટણી પંચે જાહેર કરેલી વિગતોમાં જણાવ્યું છે. દાન મેળવવામાં ભાજપ તો આગળ છે. કોંગ્રેસને મળેલા દાનમાં અગાઉના વર્ષની સરખામણીમાં ૮૭ ટકાનો વધારો થયો છે.



ચૂંટણી પંચે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રાજકીય પક્ષો પાસેના ભંડોળની જાહેર વિગતો જાહેર કરી હતી. ચૂંટણી પંચે જાહેર કરેલા વાર્ષિક રિપોર્ટ મુજબ ભાજપ પાસે રૂ. ૭,૧૧૩.૮૦ કરોડનું જંગી રોકડ અને બેન્ક બેલેન્સ છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણી વર્ષ હોવાના કારણે ભાજપે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧,૭૫૪.૦૬ કરોડનો ખર્ચ કર્યો હતો, જે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧,૦૯૨ કરોડના ખર્ચ કરતાં ૬૦ ટકાનો જંગી ઊછાળો દર્શાવે છે. ભાજપને લોકસભા ચૂંટણી પહેલા કુલ ૩,૯૬૭.૧૪ કરોડ દાન સ્વરૂપે મળ્યા હતા. જોકે પક્ષને મળેલા કુલ દાનમાં ઈલેક્ટોરલ બોન્ડનો હિસ્સો ઘટીને અડધો થઈ ગયો હતો.

# પૂણેમાં સહ-વિદ્યાર્થિની પર દુષ્કર્મ બાદ હત્યા કરવા માટે રૂપિયા 100માં સોપારી અપાઈ

## પ્રિન્સિપાલ-બે ટીચર્સ પર શાળાની પ્રતિષ્ઠા બચાવવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ

**પૂણે**

મહારાષ્ટ્રના પુણેથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં શાળાના એક વિદ્યાર્થીએ સાથી વિદ્યાર્થીની પર દુષ્કર્મ બાદ હત્યા કરવા માટે 100 રૂપિયામાં સોપારી આપી હતી. સેન્ટ સેબેસ્ટિયન ઈંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થીનિએ પોતાના શિક્ષકોને એવું કહી દીધું હતું કે, એક વિદ્યાર્થીએ પોતાના માતા-પિતાની ખોટી સહી કરી દીધી હતી. જ્યારે તેણે આ અંગે ફરિયાદ કરી તો વિદ્યાર્થી ભડકી ગયો અને તેણે રોષમાં આવીને 100 રૂપિયામાં અન્ય વિદ્યાર્થીને વિદ્યાર્થિની પર દુષ્કર્મ બાદ હત્યા કરવા માટે સોપારી હતી. હવે આ સમગ્ર મામલે સ્કૂલ વહીવટી તંત્ર પર પણ સવાલો ઉઠી રહ્યા છે. પ્રિન્સિપાલ અને બે ટીચર્સ પર શાળાની પ્રતિષ્ઠા બચાવવાના નામે મામલો દબાવવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. જોકે, હવે આ મામલે દૌંડ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

FIRમાં પ્રિન્સિપાલ, ક્લાસ ટીચર અને અન્ય એક શિક્ષકને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. આરોપ છે કે આ લોકોએ સગીર વિદ્યાર્થિની પર માનસિક અત્યાચાર કર્યો હતો. અહીં સુધી કે તેના એકેડેમિક પરફોર્મન્સને પણ નુકસાન પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવ્યો હતો.

આ કરવા પાછળનુંકારણ એ હતું કે, તે આ મુદ્દો ઉઠાવવાથી પાછળ હટી જાય. શાળાના વિદ્યાર્થીઓમાં આ પ્રકારનું ષડયંત્ર અને દુશ્મનાવટ ચોંકાવનારું છે.

# મુબઈમાં મિત્રએ વેપારીને બ્લેકમેઈલ કરી 80 લાખ રૂપિયાની ખંડણી માંગી

**મુંબઈ**

મુંબઈના પવઈ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક વેપારીને તેના મિત્રએ બ્લેકમેલ કરીને ૮૦ લાખ રૂપિયાની ખંડણી માંગી છે. વાત અહીં જ ન અટકી, આરોપીએ વેપારીની પત્ની પાસેથી અશ્લીલ ફોટા વાયરલ કરવાની ધમકી આપીને શારીરિક સંબંધની પણ માંગણી કરી હતી. આરોપી છેલ્લા છ મહિનાથી વેપારી અને તેની પત્નીને હેરાન કરી રહ્યો હતો. આખરે આરોપીઓના સતત ત્રાસથી કંટાળીને પીડિત વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે જાનથી મારી નાંખવાની ધમકી, ખંડણી અને બ્લેકમેઈલિંગ હેઠળ કેસ નોંધ્યો છે.

તમને જણાવી દઈએ કે જોન પરેરા નામના આરોપી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપી પરેરા છેલ્લા છ મહિનાથી પવઈના એક વેપારી અને તેની પત્નીને બ્લેકમેલ કરી રહ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપી પરેરા પીડિત વેપારીનો મિત્ર છે. તેની પાસે વેપારીના કેટલાક અશ્લીલ વીડિયો હતા, જેમાં વેપારીની પત્ની અને તેની સહેલીઓના કેટલાક વાંધાજનક ફોટોગ્રાફ્સ પણ હતા. આરોપી આ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી રહ્યો હતો.

# પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના ઘરે ચૂંટણી પંચના દરોડા

**ચંડીગઢ**

દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય માહોલ ગરમાયેલો છે. રાજકીય પાર્ટીઓના નેતાઓ પોતાના એજન્ડાને વોટર્સ સુધી પહોંચાડવામાં લાગી ગયા છે. તો વળી નેતાઓ વચ્ચે વાક્‌યુદ્ધ ચરમ પર છે. આરોપ-પ્રત્યારોપ થઈ રહ્યા છે. આ દરમ્યાન સત્તાધારી પાર્ટી આમ આદમી પાર્ટીના દાવાએ સનસની ફેલાવી દીધી છે. આપે દાવો કર્યો છે કે, ચૂંટણી પંચની ટીમે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસ પર દરોડા પાડયા છે. દાવા અનુસાર, પંજાબ સીએમ માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસમાં ચૂંટણી પંચે રેડ પાડી છે. આપે દાવામાં આગળ કહ્યું કે, ચૂંટણી પંચની ટીમ સીએમ માનના કપૂરથલા હાઉસની તપાસ કરી હતી. આયોગને સી વિઝન એપ દ્વારા ફરિયાદ મળી હતી. જે અનુસાર ત્યાં રોકડ રૂપિયા વહેંચવામાં આવતા હોવાનો આરોપ હતો.

# રાજસ્થાનમાં ખેડૂતે ઘરેથી ખેતર જવા માટે હેલિકોપ્ટર માંગતા સરકારી તંત્ર ચોંક્યું

**જયપુર**

એક ખેતરમાંથી બીજા ખેતરમાં જવા માટે નાના રસ્તાઓ (પગસેડી) હોય છે પરંતુ એક ખેડૂતે પોતાના ખેતરથી ઘરે જવા માટે હેલિકોપ્ટરની માંગણી કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનમાં બાડેમરના જિલ્લા અધિકારીને રાત્રી ચોપાલ દરમિયાન ખેડૂતે આ માંગ કરતા આશ્ચર્ય સર્જાયું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે પોતાના ઘરથી ખેતર આવન જાવનનો રસ્તો અવરોધિત હોવાથી આ પગલું ભરવું પડયું છે. બાડમેરના જોરાપુર ગામમાં રહેતા માંગીલાલે કહયું હતું કે ખેતરમાં જવાના માર્ગ પર બીજા લોકો ખેતી કરે છે.

આવા સંજોગોમાં રસ્તો બંધ હોવાથી પોતાને ખેતર નિયમિત જઈ શકતા નથી. જો આનો બીજો કોઈ ઉપાય થવાનો ના હોયતો હેલિકોપ્ટર આપવાની વ્યવસ્થા કરવી જરુરી છે. ફરિયાદીને ખેતરમાં આવન જાવનની સમસ્યા આજકાલ કરતા ૩ વર્ષથી રહે છે. રસ્તો ના ખુલી શકતો હોયતો તેવા કિસ્સામાં હેલિકોપ્ટર ફાળવવા ઉપરાંતનો કોઈ જ વિષય બાકી રહેતો નથી. ખેડૂતની ફરિયાદ સાંભળીને સરકારી તંત્રએ હેલિકોપ્ટરની ફાળવણી કરવા સિવાયની કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

# છત્તીસગઢના નારાયણપુરમાં ૨૯ નક્સલીનું આત્મસમર્પણ

**રાયપુર**

છત્તીસગઢના નારાયણપુરમાં કુતુલ એરિયા કમિટીના ૨૯ નક્સલીઓએ નારાયણપુર એસપી સામે આત્મસમર્પણ કરી દીધું. આત્મસમર્પણ કરનાર નક્સલીઓમાં ૨૨ પુરુષ અને ૭ મહિલાઓ સામેલ છે. નારાયણપુર જિલ્લાના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે નક્સલીઓ દ્વારા સરેન્ડરનું સૌથી મોટું કારણ જિલ્લામાં ચલાવવામાં આવી રહેલા વિકાસ કાર્ય છે. આ વિસ્તારના નક્સલીઓને વિસ્તારમાં ઝડપથી બની રહેલા રસ્તા તથા ગામ સુધી પહોંચતી વિભિન્ન સુવિધાઓએ પ્રભાવિત કર્યા છે. જેના કારણે તેમનો નક્સલી સંગઠનના વિચારોથી મોહભંગ થઈ રહ્યો છે. આત્મસમર્પણ કરનાર તમામ માઓવાદીઓને ૨૫,૦૦૦ રૂપિયાનો ઈનામ ચેક આપવામાં આવ્યો અને આત્મસમર્પણ કરનાર નક્સલી પુનર્વાસ નીતિ હેઠળ ઉપલબ્ધ તમામ લાભ આપવામાં આવશે.

# બેંગલુરુમાં 3200 કરોડના GST કૌભાંડમાં બે આરોપીની ધરપકડ

## રૂ. 665 કરોડનો ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ખોટી રીતે લાભ મેળવ્યો, 1 આરોપી હજુ ફરાર : બેંગાલુરુ અને મુંબઇમાં 30થી વધારે સ્થળો દરોડા

**બેંગલુરુ**

બેંગાલુરુમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઇ) એ ૩૨૦૦ કરોડ રૂપિયાના જીએસટી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરી છે.

ડીજીજીઆઇ બેંગાલુરુના એડિશનલ ડાયરેક્ટર જનરલ સુચેતા શ્રીજેશે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ કૌભાંડનો ત્રીજો શંકાસ્પદ આરોપી હજુ ફરાર છે.

ડીજીજીઆઇના બેંગાલુરુ ઝોનલ યુનિટે બેંગાલુરુ અને મુંબઈમાં ૩૦થી વધારે સ્થળોએ દરોડા પાડયા હતાં. આરોપીએ બોગસ કંપનીઓની રચના કરી હતી. જેના આધારે ખોટી રીતે ૬૬૫ કરોડ રૂપિયાનું ઇનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ મેળવ્યો હતો.

આ કૌભાંડમાં મૂકવામાં નકલી બિલોનું કૂલ મૂલ્ય ૩૨૦૦ કરોડ રૂપિયાથી વધારે છે. તપાસ દરમિયાન ૧૫ બોગસ કંપનીઓ મળી આવી હતી જેમનો વાસ્તવમાં કોઇ બિઝનેસ ચાલતો ન હતો.

આ કંપનીઓ કરોડો રૂપિયાની એફએમસીજી વસ્તુઓ પ્રાપ્ત કરતી હતી પણ ફક્ત આઇટી સર્પોટ, મેનેજમેન્ટ કન્સલટન્સી અને એડવર્ટાઇઝિંગ જેવી સેવાઓ માટે બિલો ઈશ્યુ કરતી હતી.

મોટી સંખ્યામાં ઈનવર્ડ ઈ-વે બિલોની સામે આ કંપનીઓ પૈકી એક પણ કંપની પાસે આઉટવર્ડ ઈ-વે બિલો ન હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પૈકી ૯ કંપનીઓ ઈન્ડિયન સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ હતી.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ કંપનીઓ પૈકી મોટા ભાગની કંપનીઓના જીએસટી રિટર્ન એક જ આઇપી એડ્રેસથી ફાઇલ કરવામાં આવ્યા હતાં. જે સૂચવે છે કે આ તમામ કંપનીઓ એક જ આરોપી દ્વારા ઓપરેટ કરવામાં આવતી હતી.




# કાનપુરમાં ગુરુ-શિષ્યના સંબંધને લજવતી ઘટના ચાર વર્ષની બાળાને મ્યુઝિક ટીચરે પીંખી નાખી

## બાળકીના પરિજનોએ આરોપીને પકડી પોલીસને સોંપ્યો, કડક સજાની માંગ કરી

**કાનપુર**

ઉત્તરપ્રદેશના કાનપુરથી એક શરમજનક ઘટના સામે આવી છે. ગુર-શિષ્યના સંબંધોને લજવતાં એક મ્યુઝિક ટીચરે 4 વર્ષની માસૂમ બાળકીને પીંખી નાખી હતી. હેવાન બની ગયેલા શિક્ષકે સતત 7 દિવસ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે પીડિત બાળકીએ ઘરે નહાતી વખતે પ્રાઈવેટ પાર્ટમાં દુઃખાવાની ફરિયાદ કરી તો તેના માતા-પિતાને ઘટનાનો ખ્યાલ આવ્યો હતો.

હાલ પોલીસે આ મામલે કેસ નોંધીને આરોપીની ધરપકડ કરીને તેને જેલભેગો કરી દીધો છે. કાનપુરના નૌબસ્તામાં રહેતી પીડિત બાળકી એક જાણીતી સ્કૂલમાં એલ.કે.જી.માં અભ્યાસ કરે છે. પીડિતાએ જણાવ્યું કે 26 જાન્યુઆરીએ તેની મમ્મી જ્યારે તેને સ્નાન કરાવી રહી હતી ત્યારે તેના પ્રાઈવેટ પાર્ટમાં ભારે દુઃખાવો થયો. તેની મમ્મીને લાગ્યું કે કોઈ ઈન્ફેક્શન હશે જોકે પછી જાણકારી મળી કે તેની સાથે કંઈક ખોટું થયું છે.

બાળકીના કાકાએ આ ઘટના વિશે જણાવ્યું કે પીડિતાએ ઘરે પૂછપરછમાં જણાવ્યું કે સ્કૂલમાં મ્યુઝિક ટીચર અનુપમ પાંડે તેની સાથે કુકર્મ કરી રહ્યો છે. તેના કારણે બાળકીના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી પણ આવી રહ્યું હતું. તમામ ઘટના સમજાયા બાદ પરિજનોએ આરોપી અનુપમ પાંડેને પકડીને પોલીસને સોંપી દીધો હતો. પોલીસ હવે આ મામલે ચાર્જશીટ ફાઇલ કરીને આરોપીને કડકમાં કડક સજા અપાવવાનો પ્રયાસ કરશે.

# મહારાષ્ટ્રમાં સોનોગ્રાફી સમયે સગર્ભાના ગર્ભમાં પણ ગર્ભ મળતા ડોક્ટરો સ્તબ્ધ

**મુંબઈ**

મહારાષ્ટ્રના સરકારી હોસ્પિટલમાં એક ગર્ભવતી મહિલાની સોનોગ્રાફી ચર્ચામાં છે. ડૉક્ટરે સોનોગ્રાફીની ઝીણવટતાથી તપાસ કરી તો તે પણ ચોંકી ગયા હતા. કારણ કે, ગર્ભવતીના પેટમાં તો બાળક દેખાતું હતું પરંતુ, આ બાળકના પેટમાં પણ એક બાળક દેખાતું હતું.

મોતાલા તાલુકાની એક ગામની 32 વર્ષીય ૯ મહિનાની ગર્ભવતી મહિલા હોસ્પિટલ પહોંચી. ડૉક્ટર પ્રસાદ અગ્રવાલે ગર્ભવતીની સોનોગ્રાફી કરી. સોનોગ્રાફી કરતાં સમયે તેઓએ મહિલાના પેટમાં તો બાળક જોયું, સાથે જ તેઓને બાળકના પેટમાં પણ કંઈક દેખાયું હતું. ડૉક્ટરે ત્રણ વખત મહિલાની સોનોગ્રાફી કરી તો જોયું કે, પેટમાં જે બાળક છે તેના પેટમાં પણ બાળક છે. સિનિયર તબીબોએ ગર્ભવતી મહિલાને ડિલવરી અને અન્ય કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય તેના માટે સંભાજીનગર મોકલવામાં આવી છે. હિલા રોગ નિષ્ણાંત ડૉ. પ્રસાદ અગ્રવાલને પૂછવામાં આવ્યું કે, મહિલા અને પેટમાં રહેલાં બાળકને કોઈ નુકસાનની સંભવના છે? તેનો જવાબ આપતાં ડૉક્ટરે કહ્યું કે, મહિલાને તો કોઈ તકલીફ નહીં થાય. પરંતુ, ડિલિવરી બાદ જન્મેલા બાળકની જલ્દી સારવાર ન થઈ તો તેના ગ્રોથમાં તકલીફ પડી શકે છે.

# ઈસરોનું 100મું મિશન : જીએસએલવી તેમજ F15 રોકેટનું સફળ લોન્ચિંગ

**શ્રીહરિકોટા**

શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઈસરોએ રોકેટ લોન્ચની સદી પૂર્ણ કરી ઈતિહાસ રચી દીધો. ઈસરોએ જીએસએલવી-એફ15 રોકેટ દ્વારા નેવિગેશન સેટેલાઈટ લોન્ચ કર્યું હતું. NavIC હેઠળ બીજી પેઢીના પાંચ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. અગાઉ 29 મે, 2023 ના રોજ, NVS-01ને જીએસએલવી-એફ12 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

જીએસએલવી-એફ15 રોકેટ દ્વારા લોન્ચ કરાયેલ આ નેવિગેશન સેટેલાઈટ (NVS-02) પરિવહનમાં યોગ્ય ટ્રેકિંગ અને માર્ગદર્શન આપવામાં મદદ કરશે. હવા અને દરિયાઈ ટ્રાફિકને કાર્યક્ષમ રીતે ટ્રેક કરશે. જ્યારે સૈન્ય અભિયાન હાથ ધરવા માટે સલામત, સ્થાનિક નેવિગેશન હોવાથી સંરક્ષણ ક્ષમતાઓમાં વધારો થશે. તે ભારતીય ઉપખંડ તેમજ ભારતીય ભૂમિગત વિસ્તારોથી લગભગ 1,500 કિલોમીટર સુધીના વિસ્તારોના યૂઝર્સને ચોક્કસ સ્થિતિ, ગતિ અને સમયની માહિતી પ્રદાન કરશે. NAVIS-02 ને NVS ને નેવિગેશન સેવાઓની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

# છત્તીસગઢમાં રૂપિયા 750 કરોડના મેડિકલ ઉપકરણોની ખરીદીમાં કૌભાંડનો પર્દાફાશ

## અધિકારીઓ-ચાર કંપનીઓ સામે કેસ, દસ્તાવેજો, બેંક ખાતાઓની વિગતો જપ્ત

**રાયપુર**


છત્તીસગઢમાં વર્ષ ૨૦૨૩માં ૭૫૦ કરોડ રૂપિયાના મેડિકલ ઉપકરણોની ખરીદીમાં અનિયમિતતા આચરવા બદલ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને ચાર કંપનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

હેલ્થ સેન્ટરોમાં મેડિકલ ઉપકરણોની જરૂર છે કે નહીં તે ધ્યાનમાં લીધા વગર ખરીદી કરવામાં આવતા રાજ્ય સરકારને કરોડોનું નુકસાન એન્ટી કરપ્શન બ્યુરો અને ઈકોનોમિક ઓફેન્સ વિંગ દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એસીબીના અધિકારીના જણાવ્યા અનુસાર ૨૨ જાન્યુઆરીએ દાખલ કરવામાં આવેલ એફઆઈઆરમાં છત્તીસગઢ મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડ (સીજીએમએસસીએલ), રાયપુર અને ડિરેક્ટોરેટ ઓફ હેલ્થ સર્વિસીસ ડિપાર્ટમેન્ટ તથા ચાર કંપનીઓ મોક્ષિત કોર્પોરેશન, દુર્ગ, સીબી કોર્પોરેશન, દુર્ગ, રેકોર્ડ્સ એન્ડ મેડિકેર સિસ્ટમ એચએસઆઈઆઈડીસી, પંચકુલા અને શ્રી શારદા ઈન્ડસ્ટ્રીઝ (રાયપુર) અને અન્યના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દરોડા દરમિયાન મોક્ષિત કોર્પોરેશન, શ્રી શારદા ઈન્ડસ્ટ્રીઝ તથા રેકોર્ડ્સ એન્ડ મેડિકેર સિસ્ટમના પરિસરો આવરી લેવામાં આવ્યા હતાં. દરોડા દરમિયાન વિવિધ દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, બેંક ખાતાઓની વિગતો જપ્ત કરવામાં આવી હતી.

# મહારાષ્ટ્ર પછી પશ્ચિમ બંગાળમાં GBS સિન્ડ્રોમનો કહેર : 3ના મોત, પુણેમાં સૌથી વધુ 127 પોઝિટિવ

**કોલકતા**

દેશમાં GBS સિન્ડ્રોમ રોગનો કહેર સતત વધી રહ્યો છે. આ રોગ હવે રાજ્ય દર રાજ્યમાં ફેલાવા લાગ્યો છે. બંગાળમાં, છેલ્લા ચાર દિવસમાં શંકાસ્પદ GBSથી એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે. જોકે, આરોગ્ય વિભાગે હજુ સુધી મૃત્યુના કારણની સત્તાવાર પુષ્ટિ કરી નથી. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ઉત્તર 24 પરગણાના જગદલના રહેવાસી દેબકુમાર સાહુ (ઉ.વ.10), અમદંગાના રહેવાસી અરિત્ર મનલ (ઉ.વ.17) અને હુગલી જિલ્લાના ધનિયાખલી ગામના 48 વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે.



શંકાસ્પદ જીબી સિન્ડ્રોમથી પીડિત વધુ ચાર બાળકોની બીસી રોય હોસ્પિટલ અને બાળ આરોગ્ય સંસ્થામાં સારવાર ચાલી રહી છે. પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ વાત નથી.

તે જ સમયે, આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ વાત નથી.

આ રોગે મહારાષ્ટ્રમાં હાહાકાર મચાવ્યો છે. મહારાષ્ટ્રમાં પુણે ઉપરાંત આ રોગ સોલાપુર, કોલ્હાપુર અને નાગપુરમાં ફેલાઈ ગયો છે. અત્યારસુધીમાં GBS સિન્ડ્રોમને કારણે બે લોકોના મોત થયા છે. ૧૨૭ સક્રિય દર્દીઓ છે. પુણેમાં સૌથી વધુ કેસ છે. આ રોગથી પીડિત 14 દર્દીઓ વેન્ટિલેટર પર છે. જીબીએસનો પહેલો હુમલો પુણેમાં થયો હતો. ખરેખર, આ એક દુર્લભ રોગ છે.

# આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે : અશ્વિની વૈષ્ણવ

**નવી દિલ્હી**

અમેરિકા અને ચીન બાદ હવે ભારત પણ પોતાનું AI મોડલ બનાવી રહ્યું છે. આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે. આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં હવે ભારત પણ પાછળ નહીં રહે. યુનિયન મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારત હવે પોતાનું AI મોડલ તૈયાર કરી રહ્યું છે. પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, મોર્ડન ટેક્નોલોજી દરેક માટે ઉપલબ્ધ હોવી જોઈએ. આથી હવે ભારત પણ AI પાછળ કામ કરી રહ્યું છે જેથી આ ટેક્નોલોજીનો ઉપયોગ દેશની દરેક વ્યક્તિ કરી શકે. આ સાથે જ પ્રાઈવસીને લગતાં તમામ બાબતોનું પણ ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે.

# દિગ્ગજોને પાછળ છોડી બુમરાહે સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીતીને ઈતિહાસ રચ્યો

## એવોર્ડની રેસમાં ટ્રેવિસ હેડ, જોઈ રુટ અને હેરી બૂકને પાછળ રાખ્યા

દુબઈ : ભારતના અનુભવી પેસ બોલર જસપ્રિત બુમરાહે સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીત્યો છે અને તેણે આઈસીસી મેન્સ ક્રિકેટર ઓફ ધ યર ૨૦૨૪ બનીને નવો ઈતિહાસ પણ રચ્યો છે. તે પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય પેસ બોલર બન્યો છે. બુમરાહે ૨૦૨૪ની સિઝનમાં સર્વાધિક ૮૬ વિકેટ પોતાના નામે કરી હતી. તેણે ટેસ્ટ ક્રિકેટમાં ૭૧ વિકેટ ઝડપી હતી. તે આઈસીસી મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ જીતી ચૂક્યો છે. એવોર્ડની રેસમાં બુમરાહની સાથે ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડ, ઈંગ્લેન્ડનો જોઈ રુટ અને યુવા બેટ્સમેન હેરી બૂક સામેલ હતા. આ ટ્રોફી વર્ષમાં શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીને આપવામાં આવે છે. મેન્સ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ વિશ્વના મહાન ક્રિકેટર સર ગારફિલ્ડ સોબર્સના નામથી આપવામાં આવે છે. તે આ એવોર્ડ જીતનાર પાંચમો ભારતીય ક્રિકેટર છે. બુમરાહ પહેલાં રાહુલ દ્રવિડે ૨૦૦૪, સચિન તેંડુલકરે ૨૦૧૦માં, આર. અશ્વિને ૨૦૧૬માં તથા કોહલીએ બે વખત ૨૦૧૭ અને ૨૦૧૮માં આ એવોર્ડ હાંસલ કર્યો હતો. બુમરાહ ટેસ્ટ રેન્કિંગમાં નંબર-વન બોલર છે અને તેના નામે ૨૦૦ ટેસ્ટ વિકેટ નોંધાયેલી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં તેણે ૮.૨૬ની એવરેજથી ૧૫ વિકેટ ઝડપી હતી. તે પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ પણ બન્યો હતો. બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં તેણે પાંચ ટેસ્ટમાં ૩૨ વિકેટ પોતાના નામે કરી હતી.




### ICC ક્રિકેટર ઓફ ધ યર બન્યો : પ્રતિષ્ઠિત એવોર્ડ હાંસલ કરનાર ભારતનો પાંચમો ક્રિકેટર પણ બન્યો

## રણજી ટ્રોફી રાઉન્ડ-અપ

# રોહિત શર્મા અને રિષભ પંતની જેમ રણજીમાં લોકેશ રાહુલનું પુનરાગમન નિરાશાજનક રહ્યું

અમદાવાદ : બીસીસીઆઈની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીના અંતિમ રાઉન્ડનો ગુરુવારથી પ્રારંભ થઈ ચૂક્યો છે. તમામની નજર દિલ્હીની મેચ ઉપર હતી જેમાં કોહલી લગભગ ૧૨ વર્ષ બાદ રણજીમાં રમી રહ્યો છે. કોહલીને નિહાળવા માટે મોટી સંખ્યામાં પ્રેક્ષકો હાજર રહ્યા હતા. ટેસ્ટ ટીમમાંથી બહાર થયેલા અજિંક્ય રહાણે, ચેતેશ્વર પૂજારાએ પોતપોતાની મેચમાં અડધી સદી નોંધાવી હતી. ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરે હેટ્રિક નોંધાવી હતી. સૌરાષ્ટ્રના શેલ્ડન જેક્શને વિશેષ સિદ્ધિ મેળવી હતી. રોહિત શર્મા અને રિષભપંતની જેમ ભારતીય ક્રિકેટર લોકેશ રાહુલનું રણજી ટ્રોફીમાં પુનરાગમન નિરાશાજનક રહ્યું હતું. તે ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. હરિયાણા સામે મયંક અગ્રવાલના ૯૧ રનની મદદથી કર્ણાયકની ટીમે પાંચ વિકેટે ૨૬૭ રન બનાવ્યા હતા. ગ્રૂપ-એની મેચમાં મેઘાલયને ૮૬ રનના સ્કોરે સમેટીને મુંબઈની ટીમે પ્રથમ દિવસની રમતના અંતે બે વિકેટે ૨૧૩ રન બનાવ્યા હતા અને ૧૨૭ રનની લીડ મેળવી હતી. મેઘાલયની ટીમે શરમજનક રેકોર્ડ નોંધાવ્યો હતો. તેણે બે રનના સ્કોરે તેની ટોચની છ વિકેટ ગુમાવી દીધી હતી. રણજી ટ્રોફીમાં હેટ્રિક ઝડપનાર શાર્દુલ ઠાકુર મુંબઈનો પાંચમો બોલર બન્યો હતો. સ્ટમ્પના સમયે સિદેશ લાડ ૮૯ તથા અજિંક્ય રહાણે ૮૩ રને રમી રહ્યા હતા.

## કોહલીને મળવા માટે દિલ્હીની મેચમાં પ્રેક્ષક સ્ટેડિયમમાં ઘૂસી ગયો




ગ્રૂપ-ડીની મેચમાં દિલ્હીની ટીમે રેલ્વેઝને ૨૪૧ રનના સ્કોરે ઓલઆઉટ કરીને સ્ટમ્પના સમયે એક વિકેટે ૪૧ રન બનાવી લીધા હતા. આ મેચમાં એક સમર્થક સુરક્ષા કવચ તોડીને મેદાનમાં ઘૂસી ગયો હતો અને તે કોહલીના પગે પડ્યો હતો. કોહલીએ પણ તેને મળ્યો હતો. રેલ્વેઝની ઈનિંગમાં ઉપેન્દ્ર યાદવે ૧૭૭ બોલમાં ૯૫ તથા કરણ શર્માએ ૫૦ રન બનાવ્યા હતા. નવદીપ સૈનીએ ૬૨ રનમાં ત્રણ તથા સુમિત માથુરે ત્રણ વિકેટ ઝડપી હતી.

## બરોડા સામે જમ્મુ કાશ્મીર 246 રનમાં ઓલઆઉટ થઇ


નિનાદ રાઠવાએ ૪૩ રનમાં પાંચ વિકેટ ઝડપતા ગ્રૂપ-એની મેચમાં બરોડાએ જમ્મુ કાશ્મીરની ટીમને પ્રથમ દિવસે જ ૨૪૬ રનના સ્કોરે ઓલઆઉટ કરી દીધી હતી. સ્ટમ્પના સમયે બરોડાએ બે વિકેટે ૨૯ રન બનાવ્યા હતા અને તે હજુ ૨૧૭ રન પાછળ છે. જમ્મુ કાશ્મીરની ટીમ માટે વિવ્રાંત શર્માએ ૪૩ તથા સુકાની પારસ ડોગરાએ ૪૩ રન બનાવ્યા હતા. કનૈયા વાધવાને ૯૪ બોલમાં ૭૧ રનનું યોગદાન આપ્યું હતું. મહેશ પીઠીયાએ ૬૨ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી.

# ICC ટી૨૦ રેન્કિંગ : તિલક વર્મા બીજા ક્રમે વરુણ ચક્રવર્તી ટોપ-૫ બોલર્સમાં સામેલ

### આદિલ રાશિદ ફરીથી નંબર-1 બોલર બન્યો, ટેસ્ટ બોલર્સમાં બુમરાહનો દબદબો

**દુબઇ**

ભારતના યુવા બેટ્સમેન તિલક વર્મા આઈસીસી ટી૨૦ મેન્સ બેટ્સમેન રેન્કિંગમાં બીજા ક્રમે પહોંચી ગયો છે. સ્પિનર વરુણ ચક્રવર્તી ૨૫ ક્રમાંકની છલાંગ સાથે બોલર્સની યાદીમાં ટોપ-૫મા સામેલ થયો છે. બેટ્સમેનોમાં તિલક હવે ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડની પાછળ છે. બંને વચ્ચે ૨૩ પોઈન્ટનો ફરક છે. તિલક શાનદાર ફોર્મમાં છે અને તેણે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ત્રણ ટી૨૦માં અણનમ ૧૯, અણનમ ૭૨ તથા ૧૮ રનની ઈનિંગ રમી હતી. તિલક પાસે હેડથી આગળ નીકળવાની તમામ તક રહેલી છે અને રેન્કિંગમાં ટોચના ક્રમે પહોંચનાર યંગેસ્ટ પ્લેયર બનવાનો મોકો પણ છે. આ રેકોર્ડ હાલમાં પાકિસ્તાનના બાબર આઝમના નામે છે જેણે ૨૩ વર્ષ ૧૦૫ દિવસની વયે નંબર-૧ બનવાની સિદ્ધિ મેળવી હતી. તિલકના ટી૨૦ રેટિંગ પોઈન્ટ ૮૩૨ના છે જે કોઈ પણ ભારતીય બેટ્સમેન દ્વારા હાંસલ કરવામાં આવેલા હાઈએસ્ટ છે. ભારત માટે સૂર્યકુમાર યાદવ, વિરાટ કોહલી અને લોકેશ રાહુલ જ સૌથી નાના ફોર્મેટમાં તિલક કરતાં વધારે રેટિંગ પોઈન્ટ મેળવી ચૂક્યા છે. ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટી૨૦માં પાંચ વિકેટ ઝડપનાર વરૂણ ચક્રવર્તી ટોપ-૫મા પહોંચી ગયો છે.






### મૌની અમાસનું મુહૂર્ત શરૂ થતા દસ કરોડ લોકોનો એકસાથે ધસારો, અસંખ્ય લોકો સામે વ્યવસ્થા ટૂંકી પડી

# મહાકુંભ નાસભાગનો મામલો SCમાં પહોંચ્યો, PIL દાખલ

**પ્રયાગરાજ**

પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગને લઈને સુપ્રીમ કોર્ટમાં PILદાખલ કરવામાં આવી છે. પીઆઈએલમાં કેન્દ્ર સરકાર, યુપી અને તમામ રાજ્ય સરકારોને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. મહાકુંભ દરમિયાન થયેલી આ નાસભાગમાં અત્યાર સુધીમાં 30 લોકોના મોત થયા હતા જ્યારે 60થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.



પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગને લઈને સુપ્રીમ કોર્ટમાં PIL દાખલ કરવામાં આવી છે. જેમાં નાસભાગ અંગે રિપોર્ટ મંગાવવાની માંગ કરવામાં આવી છે. જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની વાત ઉઠી છે. આ ઉપરાંત મોટી ઘટનાઓને લઈને માર્ગદર્શિકા બહાર પાડવાની પણ માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલ વિશાલ તિવારીએ આ અરજી દાખલ કરી છે. અરજદારો આજે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની કોર્ટમાં વહેલી સુનાવણીની માંગ કરી શકે છે.

## સરકાર અને તંત્ર સાબદા : VVIP પાસ કેન્સલ, વન-વેનો અમલ, બોર્ડર પર નાકાબંધી, નો વ્હિકલ ઝોન જાહેર

**પ્રયાગરાજ**

પ્રયાગરાજના મહાકુંભમાં સંગમ કિનારે નાસભાગની ઘટનામાં 30 શ્રદ્ધાળુઓના મોત બાદ સરકાર હવે કડકાઈ કરી રહી છે. આ સાથે સરકારે પાંચ મોટા ફેરફાર કર્યા છે. હવે સંપૂર્ણ મેળાના ક્ષેત્રને નો-વ્હિકલ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. જેનાથી કોઈપણ વાહનને અંદર જવાની પરવાનગી નહીં મળે. તમામ પ્રકારના વાહનોની એન્ટ્રી પ્રતિબંધિત રહેશે.

સીએમ યોગીએ તમામ વ્યવસ્થાની સમીક્ષા કરી અને અધિકારીઓની તહેનાતી કરવા સાથે નવા નિર્દેશો પણ જાહેર કર્યા હતા. માહિતી અનુસાર તંત્રનું કહેવું છે કે આ ફેરફારનો ઉદ્દેશ્ય કુંભમાં ભીડને કાબૂમાં કરવા અને શ્રદ્ધાળુઓની સુરક્ષિત સુનિશ્ચિત કરવાનો છે. શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવી રહી છે કે તે તંત્રના નિર્દેશોનું પાલન કરે અને કોઈપણ પ્રકારની અવ્યવસ્થાથી બચવામાં સહયોગ કરે.

**5 મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા**

**1. નો વ્હિકલ ઝોન -** હવે મેળાના ક્ષેત્રમાં તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ રહેશે

**2. VVIP પાસ રદ -** કોઈ પણ પ્રકારના વિશેષ પાસની મદદથી વાહનને એન્ટ્રી નહીં મળે.

**3. વન-વે -** શ્રદ્ધાળુઓની સુચારુ અવર-જવર માટે વન-વે રોડ પોલિસી લાગુ

**4. બોર્ડર પર નાકાબંધી** - પ્રયાગરાજ સાથે સંકળાયેલા જિલ્લાઓથી આવતા વાહનોને સરહદે જ અટકાવી દેવાશે.

**5. ફોર વ્હિલર પર બૅન** - શહેરમાં ફોર વ્હિલરની એન્ટ્રી પર પ્રતિબંધ રહેશે.

## પ્રયાગરાજમાં મોતને ભેટેલા સુરતના વૃદ્ધના સિદ્ધપુરમાં અંતિમ સંસ્કાર

પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન સંગમ કિનારે બુધવારે (29 જાન્યુઆરી) થયેલી નાસભાગમાં 90 લોકો ઘાયલ થયા હતા. જેમાંથી 30 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 60 લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. 30 મૃતકોમાં એક ગુજરાતી શ્રદ્ધાળુનું પણ સામેલ છે. મહાકુંભમાં મહેસાણા જિલ્લાના વિસનગરના કડાના પટેલ મહેશભાઈ સોમાભાઈ પટેલ નામના શ્રદ્ધાળુનું મોત થયું છે. તેમના અવસાનથી પરિવાર અને પંથકમાં શોકની લહેર છે. આજે સિદ્ધપુરમાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. મહેશ પટેલના મૃતદેહને તેમના વતન કડા ગામે લવાયો હતો. જ્યાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ મૃતકના અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા. ત્યારબાદ મહેશભાઈના મૃતદેહને અંતિમ ક્રિયા માટે સિદ્ધપુર લઈ જવાયો હતો. સિદ્ધપુરમાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. તેમની અંતિમ યાત્રામાં કડા ગામ હિબકે ચડ્યું હતું. 65 વર્ષીય મહેશભાઈ પટેલ મૂળ કડા ગામના વતની હતા. જેઓ પરિવાર સાથે કેટલાક વર્ષોથી સુરતમાં વસેલા હતા.

## ભાડા ઘટાડવાના કેન્દ્રના આદેશ પછી ઇન્ડિગોએ ભાવ ઘટાડ્યા

પ્રયાગરાજ જવા માટે ફલાઇટના ભાડામાં સતત થઈ રહેલા વધારાની વચ્ચે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એરલાઈન્સને વિમાનના ભાડા વ્યાજબી રાખવાનો આદેશ આપ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ આદેશને પગલે દેશની સૌથી મોટી એરલાઇન્સ ઈન્ડિગોએ પ્રયાગરાજ જતી ફલાઇટના ભાડામાં ૩૦ થી ૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. આ અગાઉ ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે પ્રયાગરાજ જતી ફલાઇટોના ભાડા ખૂબ જ વધારે છે.

## મહાકુંભમાં નાસભાગ બાદ હવે આગ લાગી, ટેન્ટ બળીને ખાક

**પ્રયાગરાજ**

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી મોટા સમાચાર સામે આવ્યા છે. મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજ મહાકુંભ મેળામાં બુધવારે થયેલી નાસભાગ બાદ ગુરુવારે મેળાની બહાર બનેલા ટેન્ટ સિટીમાં ભીષણ આગ લાગી હતી. ઝુંસી છતનાગ ઘાટના નાગેશ્વર ઘાટ સેક્ટર ૨૨ પાસે આગ લાગી હતી. આ ભીષણ આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા હતા. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા માટે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

ઝૂસીના છતનાગ ઘાટ અને નાગેશ્વર ઘાટ વચ્ચે મહાકુંભમાં સેક્ટર ૨૨ ક્ષેત્ર સ્થિત છે, જ્યાં આ ઘટના બની હતી. સદનસીબે જ્યાં આગ લાગી ત્યાં કોઈ રહેતું ન હતું. કોઈ શ્રદ્ધાળુ ટેન્ટમાં અંદર ન હતા. જો કે, આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

## કુંભને નાસભાગ સાથે જૂનો નાતો, અનેક વખત સર્જાઈ છે દુર્ઘટના

**1954**

આઝાદી બાદ પ્રથમ વખત 1954માં પ્રયાગરાજ ખાતે કુંભ મેળાનું આયોજન થયું હતું. તે દરમિયાન 3 ફેબ્રુઆરી, 1954માં પ્રયાગરાજમાં મૌની અમાસના પાવન અવસરે પવિત્ર સ્નાન કરવા ઉમટી પડેલા શ્રદ્ધાળુઓમાં નાસભાગ મચી હતી. જેમાં આશરે 800 લોકો નદીમાં ડૂબી તથા કચડાઈને મૃત્યુ પામ્યા હતા.

**1986**

આ વર્ષે કુંભ મેળો હરિદ્વારમાં યોજાયો હતો. તે દરમિયાન 14 એપ્રિલ, 1986ના રોજ મેળામાં યુપીના પૂર્વ મુખ્યમંત્રી વીર બહાદુર સિંહ અનેક રાજ્યોના મુખ્યમંત્રી અને સાંસદો સાથે હરિદ્વાર પહોંચ્યા હતા. જેથી શ્રદ્ધાળુઓને તટ પર જતાં અટકાવતાં ભીડ બેકાબૂ થઈ હતી અને નાસભાગ મચી હતી. જેમાં 200 લોકોના મોત થયા હતા.

**2003**

1986ની નાસભાગની ઘટના બાદ લાંબા સમય સુધી કુંભ મેળાનું સફળતાપૂર્વક આયોજન થતું રહ્યું. ક્રાઉડ મેનેજમેન્ટમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો. પરંતુ 2003માં નાસિક કુંભમાં ફરી આ પ્રકારની દુર્ઘટના બની હતી. જેમાં અચાનક નાસભાગ થતાં 39 તીર્થયાત્રીઓએ જીવ ગુમાવ્યા હતા. 100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

**2010**

હરિદ્વારમાં યોજાયેલા કુંભ મેળામાં 14 એપ્રિલ, 2010ના રોજ શાહી સ્નાનમાં સાધુઓ અને શ્રદ્ધાળુઓ વચ્ચે અથડામણ થતાં નાસભાગ મચી હતી. જેમાં સાત લોકોના મોત થયા હતા અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. સાધુઓ અને શ્રદ્ધાળુઓ વચ્ચે બોલાચાલી થતાં નાસભાગ મચી હતી.

**2013**

પ્રયાગરાજ કુંભમાં મેળામાં નહીં પરંતુ અલ્હાબાદ રેલવે સ્ટેશન પર નાસભાગની ઘટના બની હતી. જેમાં 42 લોકોના મોત થયા હતા. અલ્હાબાદ રેલવે સ્ટેશન પર એક ફૂટબ્રિજ પર રેલિંગ પડતાં નાસભાગ મચી હતી. ભારે ભીડને નિયંત્રિત કરવા રેલવે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે નાસભાગ મચી હતી. જેમાં 29 મહિલાઓ, 12 પુરુષ, અને એક આઠ વર્ષની બાળકી મૃત્યુ પામી હતી. 45થી વધુ લોકો ઘાયલ પણ થયા હતા.

**2025**


હાલ પ્રયાગરાજમાં 144 વર્ષ બાદ આવેલા મહાકુંભમાં ગઈકાલે અચાનક નાસભાગ મચી હતી. જેમાં 10 લોકોના મૃત્યુની આશંકા છે. આ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકોને અપીલ કરી છે કે, 'તમે જ્યાં છો, ત્યાં જ ઘાટ પર સ્નાન કરો. સંગમ ઘાટ પર જવાનો આગ્રહ રાખશો નહીં. તમે પ્રશાસનના નિર્દેશોનું પાલન કરો, અને વ્યવસ્થા જાળવી રાખો. હાલ, સંગમના તમામ ઘાટ પર શાંતિપૂર્વક સ્નાન થઈ રહ્યું છે. અફવાઓ પર ધ્યાન ન આપો.'

## શ્રદ્ધાળુઓ માટે બની રહેલા ભોજનમાં પોલીસ કર્મીએ નાખી રાખ

પ્રયાગરાજમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં એક પોલીસ કર્મી મહાકુંભમાં જતા ભક્તો માટે બનાવાઈ રહેલા ભોજન પર રાખ ફેંકતો દેખાય છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ ટ્વિટર પર આ વીડિયો પોસ્ટ કર્યો છે. અખિલેશ યાદવે વીડિયો શેર કરીને લખ્યું કે, 'આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકો જે મહાંકુંભમાં આવેલા લોકો માટે ભોજન અને પાણીની વ્યવસ્થા કરી રહ્યા છે, તેમના સારા પ્રયાસો પર રાજકીય દ્વેષની રાખ નાખવામાં આવી રહી છે. જનતા આ ઘટનાની નોંધ લે.'

## મહાકુંભમાં સર્જાયેલી દુ:ખદ ઘટનાથી હું ખૂબ જ દુ:ખી છું : PM મોદી

પીએમ મોદીએ ટ્વિટમાં શોક વ્યક્ત કરતાં કહ્યું કે પ્રયાગરાજ મહાકુંભમાં સર્જાયેલી દુ:ખદ ઘટનાથી હું ખૂબ જ દુ:ખી છું. જે શ્રદ્ધાળુઓએ તેમના



પ્રિયજનો ગુમાવ્યા તેમના પ્રત્યે મારી ગાઢ સંવેદના છે. આ સાથે જ હું તમામ ઈજાગ્રસ્તો જલદી સાજા થાય તેવી પ્રાર્થના કરું છું. સ્થાનિક તંત્ર પીડિતોની દરેક સંભવ મદદ કરવાના પ્રયાસ કરી રહ્યું છે. આ મામલે મેં મુખ્યમંત્રી યોગી સાથે વાતચીત કરી છે અને સતત રાજ્ય સરકારના સંપર્કમાં છું.

## 'શ્રદ્ધાળુઓ કરતાં VIP પર વધુ ધ્યાન હોવાથી ઘટના બની : રાહુલ ગાંધી

મહાકુંભમાં નાસભાગ મચી જતાં 10થી વધુ લોકોના મોતની આશંકા વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આક્રમક પ્રતિક્રિયા આપતાં યોગી



સરકારને ઘેરી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મૌની અમાસના અવસરે બનેલી નાસભાગની ઘટના બદલ યુપી સરકાર જ જવાબદાર છે. આ દુ:ખદ ઘટના મિસ મેનેજમેન્ટ, સામાન્ય શ્રદ્ધાળુઓની જગ્યાએ VIP મૂવમેન્ટ પર તંત્રનું ખાસ ધ્યાન હોવાને કારણે સર્જાઈ હતી.

## આવી ઘટનાઓ બનતી રહે છે : કેબિનેટ મંત્રી સંજય નિષાદ

ઉત્તર પ્રદેશ સરકારના કેબિનેટ મંત્રી સંજય નિષાદે મહાકુંભમાં થયેલી નાસભાગ અંગે વિવાદાસ્પદ નિવેદન આપી કહ્યું કે, આટલી મોટી ભીડ



હોય, આટલી મોટી વ્યવસ્થા હોય, ત્યાં આવી નાની-મોટી ઘટનાઓ બનતી રહે છે.' આ નિવેદન બાદ કેબિનેટ મંત્રી બરાબરના ફસાયા હતી અને તેમણે સ્પષ્ટતા કરવી પડી હતી. વિવાદ સર્જાતા તેમણે કહ્યું કે, 'મારી જીભ લપસી ગઈ હતી. મારાથી ભુલથી નિવેદન અપાઈ ગયું છે. આ મોટી ઘટના છે.'

## જ્યાં સ્નાન કરશો ત્યાં તમને કુંભ ફળ પ્રાપ્ત થશેઃ શંકરાચાર્ય મહારાજ

નાસભાગની ઘટના અંગે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ મહારાજે કહ્યું કે, ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે આપણે સાવચેત રહેવું જોઈએ.



હું ભક્તોને ધીરજ રાખવા અને કુંભ ક્ષેત્રમાં વિવિધ ઘાટ પર પવિત્ર સ્નાન કરવા અપીલ કરું છું. એવી કોઈ ચોક્કસ જગ્યા નથી જ્યાં ભક્તોએ સ્નાન કરવા માટે ભેગા થવું જોઈએ. એક જ જગ્યાએ સ્નાન કરીએ તેવો કોઈ આગ્રહ રાખવાની જરૂર નથી. જ્યાં સ્નાન કરશો ત્યાં તમને કુંભ ફળ પ્રાપ્ત થશે.'

# સઉદી અરબસ્તાનમાં માર્ગ અકસ્માત : 9 ભારતીયોનાં મૃત્યું

## ઘટના બાદ વિદેશ મંત્રી એસ.જયશંકરે ઘેરૂં દુઃખ વ્યક્ત કર્યું : સઉદી અરબસ્તાનના પશ્ચિમ વિસ્તારમાં જીઝાન પાસે અકસ્માત થયો હતો

**જેદ્દાહ**

સઉદી અરબસ્તાનના પશ્ચિમ વિસ્તારમાં આવેલાં જીઝાન પાસે થયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૯ ભારતીયોનાં મૃત્યુ થયાં હતાં. બુધવારે જીદ્દાહ સ્થિત ભારતીય ઉપદૂતાવાસે આ માહિતી આપી હતી. આ સાથે ઉપદૂતાવાસના અધિકારીએ જણાવ્યું હતું કે અમે તે મૃતકોનાં સગાં વહાલાંના સંપર્કમાં છીએ. આ ઉપરાંત ઉપદૂતાવાસે પોસ્ટ ૪ ઉપર જણાવ્યું હતું કે જીઝાન નજીક થયેલા આ ગમખ્વાર બનાવથી અમો ઘણા વ્યથિત થયા છીએ.

ઉપદૂતાવાસનું નિવેદન વધુમાં જણાવે છે કે : જિદ્દાહ સ્થિત ઉપ રાજદૂત તમામ સહાય પહોંચાડી રહ્યા છે, અને તે અકસ્માતમાં ઈજાગ્રસ્તોને પૂરી અને યોગ્ય સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. તેઓ જલ્દી સાજા થઈ જાય તેવી શુભેચ્છા. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓ વિષે વધુ માહિતી મેળવવા તેમજ ઈજાગ્રસ્તોનાં કુટમ્બીજનોને પણ સહાયભૂત થાય તે માટે અમે એક હેલ્પ લાઈન શરૂ કરી દીધી છે.

આ સમાચાર ૪ પોસ્ટ પર મળતાં વિદેશમંત્રી એસ.જયશંકરે લખ્યું હતું કે આ અકસ્માત અને તેમાં થયેલાં મૃત્યુના સમાચારો જાણી ઘણું દુઃખ થયું છે. મેં જિદ્દાહ સ્થિત ઉપરાજદૂત સાથે વાત પણ કરી છે. તેઓ મૃતકો તેમજ ઈજાગ્રસ્તોનાં કુટુમ્બીજનોનાં સંપર્કમાં છે, અને ઈજાગ્રસ્તોને પૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. તેઓએ સંપૂર્ણ સહાયની ખાતરી આપી છે.



## સ્વીડનમાં કુરાન બાળનારા 38 વર્ષના શખ્સ સલવાન મોમિકાની હત્યા કરાઈ

**સ્ટોકહોમ**

સ્વીડનમાં વર્ષ ૨૦૨૩માં કુરાન બાળનારા સલવાન મોમિકા નામના શખ્સની ગોળી મારીને હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. સલવાન સ્વીડનમાં ઈસ્લામ ધર્મનો કટ્ટર આલોચક હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મોમિકાને બુધવારે રાત્રે સ્ટોકહોમ પાસે સોડેટેલિયે વિસ્તારમાં ગોળી મારવામાં આવી હતી. સલવાને સ્વીડનની રાજધાની સ્ટોકહોમની સૌથી મોટી મસ્જિદ ધાર્મિક ગ્રંથ કુરાનનું અપમાન કરીને સળગાવ્યું હતું. મોમિકા સલવાનના ભડકાઉ નિવેદનો અને કુરાન સળગાવવાના સ્વીડન જ નહીં સમગ્ર વિશ્વમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. વીડિયો વાયરલ થયા પછી અનેક મુસ્લિમ દેશોના ધાર્મિક સંગઠનો રોષે ભરાયા હતા. અનેક સ્થળોએ કોમી દંગી અને અશાંતિ ફેલાઈ હતી. સ્ટોકહોમની અદાલત દ્વારા સલવાન મોમિકા પર ધાર્મિક ભેદભાવ અને અપમાનને લગતો મુકદમો સ્ટોકહોમની અદાલતમાં ચાલતો હતો. હમણાં અદાલતે પ્રતિવાદીનું મૃત્યુ થતાં ચુકાદો આપવાનો ટાળી દીધો હતો. અદાલતના આ નિર્ણય પછી મોમિકાની હત્યાનો બનાવ બન્યો છે.

## પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફ પાર્ટીના નેતા જુનૈદ અકબરની દેશમાં આંદોલનની ધમકી

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન તેહરિક એ ઈન્સાફ પાર્ટી (પીટીઆઈ)ના પ્રદેશ પ્રમુખ જુનૈદ અકબરે પાકિસ્તાન મુસ્લીમ લીગ (નવાઝ શરીફ-શ) ઉપર રાષ્ટ્રમાં વ્યાપી રહેલી રાજકીય તંગદિલી પ્રત્યે બેધ્યાન રહેવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે પી.એમ.એલ.એન.નાં નેતૃત્વ નીચેની સરકારની ઉગ્ર ટીકા કરતાં સ્થાનિક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેઓએ કહ્યું કે વિપક્ષો દ્વારા મંત્રણા કરવા માટે દર્શાવવામાં આવેલી તૈયારીને સરકાર નિર્બળતા માને છે.



પૂર્વ વડાપ્રધાન અને પીટીઆઈના સ્થાપક પ્રમુખ ઈમરાન ખાનને મે ૯, ૨૦૨૩ના દિને થયેલાં રમખાણો માટે જવાબદાર ઠરાવી તથા અન્ય આરોપો મુકી અત્યારે તો પાકિસ્તાનની સૌથી કઠોર જેલમાં બંદી કરાયા છે. જે સામે તેઓની પાર્ટી સરકાર સામે યુદ્ધે ચઢતાં સમગ્ર દેશમાં અશાંતિ પ્રસરી રહી છે. તેવા સંયોગોમાં શહબાઝ શરીફની સરકારે પહેલા મંત્રણા કરવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ પછીથી પીટીઆઈ દેસમાં અશાંતિ ફેલાવી રહી છે તેવા આક્ષેપો કરી મંત્રણામાંથી ખસી ગઈ હતી. તેમ જ ઈમરાન ખાન સહિત પાર્ટીના અગ્રીમ નેતાઓને છોડવાની કોઈ તૈયારી દર્શાવી નથી. બીજી તરફ પીટીઆઈ તો મંત્રણા માટે તૈયાર જ છે.

## ટ્રમ્પ સરકારે લીધો વધુ એક ચોંકાવનારો નિર્ણય અમેરિકામાં લિંગ પરિવર્તન ઉપર પણ પ્રતિબંધ

**વોશિંગ્ટન**

અમેરિકામાં ટ્રમ્પ સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં હવે લિંગ પરિવર્તન કરવું સરળ નહીં રહેશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લિંગ પરિવર્તન કાયદા પર હસ્તાક્ષર કરી દીધા છે. ટ્રમ્પના આદેશ પ્રમાણે અમેરિકામાં 19 વર્ષથી ઓછી ઉમરના લોકો લિંગ પરિવર્તન નહીં કરાવી શકશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે તેના પર પ્રતિબંધ મૂકવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે.



ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે, 'અમેરિકાની નીતિ છે કે તે બાળકના એક લિંગથી બીજા લિંગમાં કહેવાતા 'ટ્રાન્ઝીશન'ને ફંડ, સ્પોન્સર, પ્રોત્સાહન, સહાય અથવા સમર્થન ન આપશે અને તે આ વિનાશક અને જીવન બદલનારી પ્રક્રિયાઓને પ્રતિબંધિત અથવા મર્યાદિત કરનારા તમામ કાયદાઓને સખતીથી લાગુ કરશે.' તાજેતરમાં ટ્રમ્પે ટ્રાન્સજેન્ડરને લઈને પણ એક મોટો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોમવારે પેન્ટાગોનને એક સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો હતો જેનાથી ટ્રાન્સજેન્ડરને લશ્કરી સેવામાંથી પ્રતિબંધિત કરી શકાય છે. આ પહેલા ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં અમેરિકામાં સરકારી દસ્તાવેજોમાંથી ટ્રાન્સજેન્ડરનો ઓપ્શન જ હટાવી દીધો હતો.

## ગુગલ મેપ્સ ગલ્ફ ઓફ મેક્સિકોને હવે 'ગલ્ફ ઓફ અમેરિકા' તરીકે દર્શાવશે

**વોશિંગ્ટન**

ગુગલ હવે તેના નવા નકશાઓમાં અમેરિકામાં ગલ્ફ ઑફ મેક્સિકોને અમેરિકામાં ગલ્ફ ઓફ અમેરિકા તરીકે દર્શાવશે પરંતુ મેસ્કિકોમાં તો તે ગલ્ફ ઓફ મેક્સિકો તરીકે જ દર્શાવશે.

ગુગલને આ નિર્ણય તેટલા માટે લેવો પડયો છે કે થોડા દિવસો પૂર્વે અમેરિકા નવ નિર્વાચિત પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે હવે ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલી ગલ્ફ ઓફ અમેરિકા રાખવું જોઈએ. તે માટે તેઓએ ગૂગલને જણાવી પણ દીધું હતું. આથી ગુગલે તેના નવા નકશાઓમાં ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલી ગલ્ફ ઓફ અમેરિકા રાખ્યું. આ સામે મેક્સિકોએ સખતનો વાંધો ઉઠાવતાં મેક્સિકોમાં દર્શાવાતા મેપમાં તો ગલ્ફ ઓફ મેક્સિકો જ રાખ્યું છે. ગુગલને બીજાં કેટલાંક નામ પણ ફેરવવાં પડયાં છે. જેમ કે અમેરિકાના ૨૫મા પ્રેસિડેન્ટનાં નામ ઉપરથી આલાસ્કા સ્થિત સૌથી ઉચા પર્વતનું નામ માઉન્ટ મેકીન્સી તરીકે ૧૯૧૭માં રાખ્યું હતું. પરંતુ ઓબામા વહીવટી તંત્રે ૨૦૧૫ સુધીમાં તે પર્વતનું નામ માઉન્ડ ડીનાવી રાખ્યું. ટ્રમ્પે આવતાં સાથે જ ઘણાં ભૌગોલિક નામમાં ફેરફાર કરાવ્યા છે.

## બશર અલ અસદને સત્તાથી તગેડી મૂકનાર અહેમદ અલ શરા સીરિયાના નવા પ્રમુખ

**દમાસ્કસ**

સીરિયાના પ્રમુખ બશર અલ અસદને સત્તામાંથી તગેડી મૂકનારા બળવાખોરોના સમૂહના નેતાને દેશના નવા વચગાળાના પ્રમુખ બનાવી દેવાની જાહેરાત કરાઈ છે. વચગાળાના પ્રમુખ તરીકે અહેમદ અલ શરાનું નામ સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે શરાના ઈસ્લામિક સમૂહ હયાત તહરીર અલ શામ (HTS) ના નેતૃત્વમાં એક બળવાખોરોના ગઠબંધને 8 ડિસેમ્બરે જબરદસ્ત હુમલો કર્યા બાદ બશર અલ અસદને સત્તાથી બેદખલ કરી દીધા હતા અને આ સાથે અસદ પરિવારના પાંચ દાયકાના શાસનનો અંત આવ્યો હતો. એક સૈન્ય અધિકારી હસન અબ્દેલ ગનીએ કહ્યું કે શરા આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનું પ્રતિનિધિત્વ કરશે.

## નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટેસ્લાના માલિક મસ્ક પણ દાવેદાર બન્યા

**લંડન**

યુરોપિયન સંસદના સ્લોવેનિયન સભ્ય (MEP) બ્રેન્કો ગ્રીમ્સે વિશ્વના સૌથી ધનિક લોકોમાંના એક અને ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સ જેવી કંપનીઓના માલિક ઈલોન મસ્કને 2025 ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે સત્તાવાર રીતે નોમિનેટ કર્યા છે. ગ્રીમ્સના મતે, આ નોમિનેશન અભિવ્યક્તિની સ્વતંત્રતાના સમર્થનમાં મસ્કના સતત પ્રયાસો અને વૈશ્વિક શાંતિમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે છે.

આ પ્રસ્તાવની પુષ્ટિ કરતા બ્રેન્કો ગ્રીમ્સે કહ્યું, 'આજે સફળતાપૂર્વક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે અભિવ્યક્તિની સ્વતંત્રતા



અને શાંતિના મૂળભૂત માનવ અધિકારનું સતત સમર્થન કરતા ઈલોન મસ્કને 2025 નો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવો જોઈએ.' આ નોમિનેશનમાં તેમને ટેકો આપનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'આ પડકારજનક પ્રોજેક્ટમાં મદદ કરનારા તમામ સહ-પ્રસ્તાવકો અને સહકાર્યકરોનો હૃદયપૂર્વક આભાર.'

## 80મી સંવત્સરીએ હીરોશિમા અને નાગાસાકી આવવા ડૉનાલ્ડ ટ્રમ્પને આમંત્રણ

**ટોકિયો**

હીરોશિમા અને નાગાસાકીના નગરપતિઓએ સંયુક્ત રીતે પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પને જાપાન આવવા માટે આમંત્રણ આપ્યું છે. આ શહેરો પર દ્વિતીય વિશ્વ યુદ્ધના અંતિમ દિવસોમાં અમેરિકાએ તે સમયમાં સૌથી ઝડપથી વિમાન બી-૫૨ દ્વારા અનુક્રમે ૬ટ્ઠી અને ૯મી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે એટમ બોમ્બ ફેંક્યા હતા. તેની ૮૦મી સંવત્સરીએ ટ્રમ્પને તે શહેરોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. બંને નગરપતિઓએ સંયુક્ત રીતે લખેલા પત્રમાં અમેરિકાના પ્રમુખને હીબાકુશા (બચી ગયો)એની દર્દભરી દાસ્તાં સાંભળવા માટે પણ રૂબરૂ આવવા અનુરોધ કર્યો છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome Home To This Beautiful 3+1 Bedroom Detached Bungalow Located In The Sought-After Bay Ridge Community in Pickering. Get to experience the joy of living walking distance from the Go station( Appx 30 min to downtown), Walking Trails, Beach, Millennium Square, Pickering Mall, Transit, parks, schools, Big Grocery Stores, Recreation Centre, restaurants, Minutes to Hwy 401 & Frenchman's Bay Marina. Walkout to Deck. Fenced Backyard, Separate Side Entrance Leading To A Fully-Equipped Basement Apartment, Perfect For Rental Income Or Extended Family. Separate laundry area. Backs onto School, Good size driveway can fit 5 Cars, Open Concept Living & Dining brings in lots of sunshine, Move in ready whether you want to Stay and rent out the basement or Build your dream home.




Very Bright & Spacious Layout Home in Prime Location. Well maintained house with 4 Bedrooms, 3 Bath with W/O to large deck through breakfast area. Kitchen with Granite Countertop and Stainless Steel Appliances. Separate Entrance to basement with 2 Bedrooms, Kitchen and Washroom, Separate laundry in basement. Great Neighborhood And An Easy Access Location To All Amenities, Shopping, Restaurants, Schools. Short Walk To Nearby Neighborhood Children's Park. Few Minutes To 401.




SPACIOUS 4 BDRM/4 WR, 4400 sq ft (including bsmnt) DETACHED HOUSE WITH LEGAL 3 BDRM/ 2 BTHRM FINISHED BASEMENT, LOCATED IN MASTERMIND COMMUNITY OF NEW SEATON IN PICKERING, BORDERING WITH MARKHAM AND SCARBOROUGH. THIS HOUSE OFFERS MANY UPGRADES: POT LIGHTS ON MAIN FLOOR, HARDWOOD AND LAMINATE FLOORING THROUGHOUT THE HOUSE, CRANITE COUNTERTOP AND BACKSPLASH, BALCONY ON THE 2ND FLOOR, SEPARATE ENTRANCE AND BEATIFUL FINISHED BASEMENT. CLOSE TO HWY 7, 401, 407, SEATON HIKING TRAIL,FUTURE SCHOOLS, RECREATION CENTRE, LIBRARY, SHOPPING PL AZAS AND ALL OTHER AMENITIES.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.